Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સંસ્કૃતિ

રવિશંકર શિવરામ વ્યાસ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

66ग
२२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundatio

urukul K

❀ ओ३म् ❀

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

66 ग/22

पुस्तक संख्या

पंजिका-संख्या २३४२२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२३४२२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
२०.२.२

पुस्तकालय
गुरुकुल काँगड़ी.

स्थाक प्रमाणीकरण ११८४-११८५

पुस्तक सं०. 66 ग/22
आगत सं०. २३४२२
दि०. २०.२.२
गुरुकुल पुस्तकालय कांगड़ी.

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
गुरुकुल काँगड़ी.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાગૌરી સ્મારક ગ્રંથમાળા–૪

શિક્ષણ અને સંસ્કૃતિ

રવિશંકર શિવરામ વ્યાસ

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક : મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ – ૯
મુદ્રક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર
અમદાવાદ

આવૃત્તિ પહેલી પ્રત, ૨૧૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ

સવા રૂપિયો **નવેમ્બર, ૧૯૪૮**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

શ્રી. તારાગૌરી ગ્રંથમાળાના ચોથા પુસ્તક તરીકે આ બહાર પાડવામાં આવે છે. તે અગાઉ આ માળામાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે —

૧. કલ્કિ અથવા સંસ્કૃતિનું ભાવી — રાધાકૃષ્ણન
૨. મનુષ્યની સર્વાંગીણ કેળવણી — જૅક્સ
૩. સર્વોદયની કેળવણી — કૃપાલાની

શ્રી. રવિશંકર મહારાજનું આ પુસ્તક તેમાં સારો ઉમેરો કરે છે.

એ તેમનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. આ વ્યાખ્યાનો એમણે શ્રી. વલ્લભવિદ્યાલય, બોચાસણ,માં ચાલેલા પ્રથમ ઉદ્યોગ તાલીમવર્ગ આગળ આપ્યાં હતાં. વાચકને ખબર હશે કે, આ તાલીમવર્ગ, મુંબઈ સરકારે વર્ધા-યોજનાને પ્રાંતની બધી નિશાળોમાં દાખલ કરવાને અખતિયાર કરેલી નીતિની રૂએ ચલાવવામાં આવે છે. સરકારે એવો ઠરાવ કર્યો છે કે, વર્ધા-પદ્ધતિ પ્રમાણે તાલીમ પામેલા પ્રાથમિક શિક્ષકો તૈયાર થતા જાય તેમ તેમ શાળાઓને એ પદ્ધતિ પર મૂકતા જવું. અને તેની પૂર્વતૈયારી તરીકે, તાત્કાલિક બધી શાળાઓમાં હાથઉદ્યોગ અને સફાઈકામ જેવાં ગ્રામ-સંપર્કનાં કામો દાખલ કરવાં.

આ બીજા સુધારાનો બધી શાળાઓમાં અમલ કરવાને માટે પણ પ્રાથમિક શિક્ષકોને ઉદ્યોગની તાલીમ આપવી જોઈએ, કેમ કે ઉદ્યોગને આજે તો શિક્ષણમાં સ્થાન નથી, એટલે શિક્ષકો એ જાણતા નથી. તેથી તે શીખવવા સારુ ૩ા માસના તાલીમવર્ગ જિલ્લે જિલ્લે યોજવામાં આવ્યા છે. તેવો એક વર્ગ ખેડા જિલ્લા માટે વલ્લભવિદ્યાલયમાં ચાલે છે. તેમાં આવેલા પ્રાથમિક શિક્ષકોની પહેલી ટુકડી આગળ આ વ્યાખ્યાનો આપવામાં આવ્યાં હતાં.

આ વ્યાખ્યાનોને વિદ્યાલયના આચાર્ય શ્રી. શિવાભાઈ પટેલે ઉતારી લીધાં હતાં, અને શ્રી બબલભાઈ મહેતા પાસે એમણે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાસાવી રાખ્યાં હતાં. તેમને લાગ્યું કે, આ વ્યાખ્યાનો પ્રસિદ્ધ થાય તો બહોળા શિક્ષક સમુદાયને તથા બીજાને પણ કામ લાગી શકે. એટલે તે જોઈ જઈને પ્રેસમાં મોકલવા માટે તૈયાર કરવા તે શ્રી. વિઠ્ઠલદાસ કોઠારીને સોંપવામાં આવ્યાં. તે આ વ્યાખ્યાનો સળંગ જોઈ ગયા છે અને તેમને મથાળાં આપી તથા ઘટતા સુધારાવધારા કરી પ્રેસમાં મોકલવા તૈયાર કર્યાં છે.

વ્યાખ્યાનોનો વિષય, શિક્ષકો જોડે વાર્તાલાપ તરીકે, પાયાની કેળવણી શી વસ્તુ છે, તે સમજાવવાનો છે. ઘણા માની લે છે તેમ, પાયાની કેળવણી શિક્ષણની અમુક કે તમુક રીત કે કેવળ પદ્ધતિ જ નથી, પણ એ એક દૃષ્ટિ કે શિક્ષણ વિષેનું દર્શન છે. શ્રી. મહારાજનાં આ વ્યાખ્યાનો વાંચનારને આ વસ્તુ એમાં ખાસ જોવા મળશે.

સમાજમાં શિક્ષણકાર્યનું સ્થાન અદ્વિતીય છે. પ્રિં૦ જૅક્સ તેમની ચોપડી – "મનુષ્યની સર્વાંગીણ કેળવણી" માં કહે છે એમ, શિક્ષણ તો 'સંસ્કૃતિના પાયાનો ઉદ્યોગ' છે. પરંતુ સામાન્ય રીતે આપણે શું માનીએ છીએ? અને સામાન્ય રીતે શું ચાલે પણ છે? જૅક્સ કહે છે એમ,

> "આપણી અત્યારની શિક્ષણપદ્ધતિનું મૂળ ધંધેદારી શિક્ષણની કલ્પનામાંથી જ છે. તે પદ્ધતિને જાણી-બૂજીને અને જાણી-જોઈને અમુક વખતે અસ્તિત્વ ધરાવતા સામાજિક જીવનમાં વધારેમાં વધારે અગત્યના ગણાતા ધંધાઓની તાલીમ આપવાને માટે જ યોજવામાં આવી હતી. . . . એ પદ્ધતિમાં પછીથી અસંખ્ય ફેરફારો કરવામાં આવ્યા છે, પરંતુ તેની રૂપરેખા તો હજી તેના મૂળ નમૂના મુજબની જ રહી છે. . . . પરિણામ એ આવ્યું છે કે, અત્યારે જેને કેળવણી કહેવામાં આવે છે તેનો ઘણો મોટો ભાગ — કેટલાક તો તેને ૪/૫ જેટલો ભાગ કહે છે! — વ્યર્થ જાય છે; કારણ કે તે જે જાતની સંસ્કારિતા ઉત્પન્ન કરે છે, તે અત્યારના સામાજિક જીવનને અનુરૂપ નથી." (પા. ૧૬)

જૅક્સે આ વિધાન વિલાયતની કેળવણી માટે કરેલું છે. આપણે ત્યાં તો અત્યારે એ વળી વધારે સાચું છે. આપણે ત્યાં શિક્ષણકામે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટે ભાગે, પરરાજ્યને ગોઠે એવી સંસ્કૃતિ અને સમાજ રચવાનું કામ કર્યું છે, અને તેના નોકરોની તથા વકીલ દાક્તર ઇત્યાદિ ધંધેદારોની જરૂર પૂરી પાડી છે. પરંતુ શિક્ષણનું કામ જાત જાતના ભણેલા ધંધેદારીઓ અને નોકરો તૈયાર કરવાનું જ માત્ર નથી. એ તો એમાંથી મળી રહેતો એક ઉપયોગ છે. બાકી શિક્ષણનું સાચું કામ તો સંસ્કૃતિ-નિર્માણ છે. દેશનું શિક્ષણ મને સોંપો તો તે દ્વારા લોકની આખી સિકલ બદલી નાખું, એમ એક કેળવણીકારે દાવો કરેલો, તે શિક્ષણના આ ગુણને લીધે. તે અક્ષરશઃ સાચો છે. માત્ર શિક્ષણે ખરેખરું શિક્ષણ બનવું જોઈએ. એટલે કે, પોતે 'સંસ્કૃતિનો પાયાનો ઉદ્યોગ' છે તે ભૂલવું ન જોઈએ. રાજ્યસંસ્થા સમાજને વ્યવસ્થિત રાખે છે; પણ તેને સંસ્કારો દ્વારા કેળવવાનું અને ઘડવાનું કામ તો, મૂળે જોતાં, શિક્ષણનું છે. આમ હોવાથી શિક્ષણકાર્ય સમાજનું એક ધર્મબળ બને છે; તે તરીકે એ સમાજમાં એક આધ્યાત્મિક શક્તિપદ ધરાવે છે.

અને આ તેનું સ્થાન તેની પાસેથી બીજું કોઈ ઝૂંટવી લઈ ન શકે,—સિવાય કે જાગ્રત ધર્મબળ; કેમ કે જ્યારે ધર્મબળ સમાજમાં એક જીવંત શક્તિનું રૂપ લે છે, ત્યારે તે પોતાનું સાચું તેજ પ્રગટ કરે છે અને એક જબરું લોકશિક્ષણનું બીજ બને છે. એ ખીલડાની આસપાસ સમાજની બીજી બધી ધારક અને પોષક શક્તિઓ ફરે છે. તેમાં શિક્ષણ આપોઆપ ભળે છે; તે સિવાય તેની બીજી ગતિ નથી રહેતી; અને એથી તેનું પણ શ્રેય જ થાય છે.

આ પ્રકારની ધર્મજાગૃતિની સામાજિક પ્રક્રિયાનું તાદૃશ ઉદાહરણ જોઈએ તો આપણી જ પેઢીને પ્રત્યક્ષ જોવા મળેલું ગાંધીજીનું કાર્ય છે. તેમણે કહ્યું કે, સમાજના દરેક ક્ષેત્રમાં ધર્મ ઓતપ્રોત રહેવો જોઈએ; ધર્મ અને સમાજકારણ કે રાજકારણ કે અર્થકારણ યા શિક્ષણ જુદાં અલગ અલગ ખાનામાં રહી ન શકે—ન રહેવાં જોઈએ; નહિ તો બંનેની અધોગતિ થશે: ધર્મ તેનું ખરું કાર્યક્ષેત્ર છોડવાથી પોતાની ધર્મશક્તિ ખોશે અને કેવળ ગોર-પંડ્યા-પુરોહિત કે મોલવી-પાદરીના સંકુચિત ક્રિયાકાંડનું કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધિરૂપ પકડશે; અને સમાજ તથા તેનાં અંગો યેન-કેન-પ્રકારેણ 'બળિયાના બે ભાગ'નું તકવાદી સાઠમારીનું લોકવિગ્રહક્ષેત્ર થઈ રહેશે —લોકસંગ્રહ-ક્ષેત્ર હોવું જોઈએ તે મટી જશે; દરેક મનુષ્યને તેના પરમ પુરુષાર્થને માટે સગવડ અને અનુકૂળ સંજોગો કરી આપી તેની સેવા કરનારું સમૂહતંત્ર તે નહિ રહી શકે. જો આમ ન થવા દેવું હોય તો, પ્રજાનું સાર્વત્રિક શિક્ષણ કેવું હોવું જોઈએ, એ ગાંધીજીએ બતાવ્યું છે. અને તેથી કરીને જ એને 'પાયાની કેળવણી' એવું નામ આપ્યું છે. એથી જ તે શોધને તેમણે પોતાની અણમોલી અને ઉત્તમોત્તમ ભેટ કહી છે.

આ રીતે વિચારીએ તો શિક્ષણ એ સમાજનો એક આધ્યાત્મિક પુરુષાર્થ છે—તેનો ક્રિયાવાન ધર્મ છે. તે દ્વારા તે સમાજ પોતાનાં ધર્મને અને સંસ્કૃતિને પ્રત્યક્ષ કરવા માગે છે. એ એક મોટી સામાજિક શક્તિ છે.

પરંતુ, એ ધંધો પણ છે એ હકીકત ભૂલી નથી શકાતી. સમાજમાં કે માનવપ્રકૃતિમાં કશુંક એવું રહેલું છે કે, તેણે સંગઠન દ્વારા કામ લેવું જોઈએ, અને આવાં સંગઠન કે તંત્રો કાળે કરીને નર્યો ધંધો બની જાય છે. એટલે એ કાયદાને વશ થઈ, ધર્મગુરુની સંસ્થા પણ જો ધંધો બની બેસે છે, તો શિક્ષણનું તેમ થાય, એથી નવાઈ પામવા જેવું નથી.

પરંતુ ધંધો એટલે વર્ણ. અને વર્ણના પણ ધર્મો હોય છે, તેમ શિક્ષકના પણ ધર્મો હોય છે; ભલે તે ધંધાદારી કે નોકર હોય. એવા ધર્મો આજના શિક્ષકને તથા આધુનિક જમાનાને જોઈ સમજીને નક્કી થવા જોઈએ. એ કામ કાયદાનું નહીં, પણ લોકમત કેળવવા દ્વારા લોકનેતાઓનું છે, એ યાદ રાખવું જોઈએ.

કેટલીક વાર એમ કહેવાય છે કે, શિક્ષકો બ્રાહ્મણ છે, તેઓ પ્રાચીન ઋષિઓનું કામ કરે છે. અને જૂનું એક વિધાન પણ છે કે, वर्णानां ब्राह्मणो गुरुः। બધા વર્ણોનો ગુરુ બ્રાહ્મણ છે. પરંતુ આ તો એક આદર્શવાદ થયો. એવા ગુરુ-શિક્ષકો તો વિરલ જ રહ્યા છે. આજે આપણે તો શિક્ષકોમાં પણ પ્રાથમિક, માધ્યમિક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચ એવી નાતો અને શિક્ષણખાતું અને ગ્રેડ–ભથ્થાં ઇત્યાદિ જોઈએ છીએ. અને જમાનો જોતાં, કહેવું જોઈએ કે, એ બધું રહેવાનું. આથી કરીને શિક્ષણ ધંધો જ નહિ, એક નોકરી બન્યું છે; અને તે સરકારોનું એક ફરજિયાત કાર્ય ગણાય છે.

આમ છતાં, શિક્ષણ પાસે વર્ણોનું ગુરુપદ તો રહે જ છે; કેમ કે તે એનું મૂળ સામાજિક પ્રયોજન છે. તે પ્રયોજન સારવાને માટે આજનો સમાજ એને ઠીક લાગે તેવું તંત્ર ભલે રચે; પરંતુ તેથી કરીને એ કાર્યનું પ્રયોજન, તેનો આધ્યાત્મિક ઉદ્દેશ બદલાતો કે રદ થઈ શકતો નથી. આજે લોકશાહીનો જમાનો આવ્યો કહેવાય છે. બધા વર્ણોનાં બાળકો સાથે ભણે અને એકસરખા સંસ્કાર મેળવે, એમ આપણે ઇચ્છીએ છીએ. પરંતુ વસ્તુસ્થિતિ શી છે? બધા સાથે નથી ભણી શકતા — મુસલમાનો અલગ ભણે છે; હરિજનો સાથે ભણે એ ગમતું નથી; ધનવાનો એમની અલગ શાળાઓ કાઢે છે, જેમાં ખર્ચ એવું રાખે છે કે તેના માર્યા બીજા તેમાં આવી ન શકે; બધા જ લોક ભણી શકતા નથી — મજૂરિયાત વર્ગોને તે પાલવી ન શકે એવી કેળવણીની અને સમાજની દશા છે. પરિણામે ભણતર કેવળ વચલા ને ઉપલા વર્ગોને માટે નોકરીની (ગાંધીજી કહેતા તેમ) શૂદ્ર પ્રવૃત્તિની તાલીમ બની રહ્યું છે. અને શિક્ષકો પણ — નાતે બ્રાહ્મણ હોય તોય — કર્મે કરીને નોકરિયાત વૃત્તિના બન્યા છે.

આ કહેવામાં કોઈ વર્ગ કે વસ્તુની નિંદાસ્તુતિ કરવાનો હેતુ નથી. પરિસ્થિતિ સમજવા માટે એ છે; કેમ કે રાજ્ય પરદેશી હોય તો તેમાં બીજી તેની શી ગતિ થાય? શિક્ષણ જો ખરેખર તેનું તેજસ્વી ગુરુકાર્ય કરે, તો પરદેશી રાજ્ય ટકે શી રીતે? એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. તેથી જ પરદેશી રાજ્યમાં શિક્ષણ આમ ભ્રષ્ટ થાય તો તેમાં તેને વાંધો નથી હોતો; તે એનું કાર્ય વફાદારીભેર કરે એટલે બસ થાય છે. પરંતુ સ્વરાજ માટે એ ન ચાલી શકે. સ્વતંત્ર રાષ્ટ્રીય શિક્ષણ સ્વરાજની તલવાર છે. એટલે, સ્વરાજ મેળવવા માટે તેના એક ઉપાય તરીકે, ગાંધીજીએ રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણની હિલચાલ ઉપાડી, અને શિક્ષણ તથા શિક્ષક એ સમાજનું કેવું તેજસ્વી અને ક્રાંતિકારી વિધાયક બળ છે તેનો પરચો આપણને બતાવ્યો. પાયાની કેળવણીની શોધ આમાંથી ઉદ્‌ભવેલી છે. દેશની સ્વતંત્ર સંસ્કૃતિને માટે અને સાચી માનવતાના સ્થાપન અર્થે, કયું શિક્ષણ સાચું કામ દે એવું છે, એ આમાં ગાંધીજીએ જણાવ્યું છે. શિક્ષણનો પ્રભાવ કેવળ વૈયક્તિક નથી, તે સામાજિક પણ છે; કેમ કે સમાજની વ્યક્તિ એટલે નાગરિક. એટલે શિક્ષણ અંતે જોતાં નાગરિકની તાલીમ છે. તેથી જ આજે શિક્ષણ વિષે જગતભરમાં મૌલિક વિચાર જાગ્યો છે. બધાને એમ લાગે છે કે, કોઈ પણ દેશનો નાગરિક મૂળે માનવ છે; તેથી તે પ્રથમપહેલો માનવ બનવો જોઈએ; ભલે તે હિંદી હો કે પાકિસ્તાની, જર્મન હો કે જાપાની, રશિયન હો કે અમેરિકન, બ્રિટિશ હો કે ફ્રેન્ચ. દરેક રાષ્ટ્રજન મૂળે માનવ છે અને તેથી જગતજન છે. તે તરીકે તેને કેળવણીનો હક છે; પ્રામાણિકપણે કામ મેળવવાનો — પોતાનો ગુજારો કમાવાનો હક છે; સૌ કોઈની સાથે સમાનભાવે અને સહકારથી રહી પોતાનો વિકાસ કરવાનો હક છે. અમુક કે તમુક વર્ગ, જાતિ, કે ધન યા દરજ્જો કે એવા કોઈ કારણે, તેનો ઉપરનો હક રદ થઈ શકતો નથી. આપણે લોકશાહી ચાહીએ છીએ તે આ હકની સુરક્ષિતતાને માટે. એ હક લોકશાહી વાતાવરણમાં જ નભી શકે. એટલે સાચા નાગરિકે એ વાતાવરણને પોષવાનો પોતાનો ધર્મ સમજવો જોઈએ, તો જ તેને પોતાનો હક મળી શકે.

આવો સમાજ સરજવા માટે, સરજાયા બાદ નભવા અને આગળ વધવાને માટે, તેનું શિક્ષણ કેવું હોવું જોઈએ? ગાંધીજી આનો જવાબ પોતાની પાયાની કેળવણીની શોધથી આપે છે. એ કેવળ અમુક વર્ષનો સામાન્ય એક અભ્યાસક્રમ જ નથી; હિંદમાં નવસંસ્કૃતિના નિર્માણ માટેનો કાર્યક્રમ એ છે. એ કેવળ ગગનવિહાર પણ નથી; આજે આપણે ત્યાં શિક્ષણને નામે જે ચાલે છે તેમાં ધરમૂળથી પુનર્ઘટના કરવાને માટેનું પ્રથમ પગથિયું અને નિસરણી છે. ગાંધીજી એક સાદા માણસ હતા. મીઠાની લડત તેમણે ઉપાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે અર્વાચીન જગત તેમને હસેલું કે, આથી તે જબરદસ્ત સલ્તનત ડગતી હશે! તેવું જ આ પાયાની કેળવણીની તેમની વાતથી ઘણાને લાગે છે. પરંતુ આજે જે ચાલે છે તેને ધરમૂળથી સુધારવાની રીત એમાં છુપાયેલી છે. તેને અજમાવવાનો પ્રયત્ન હવે શરૂ થાય છે. તે વખતે, બીજાં ક્ષેત્રોની જેમ, શિક્ષણ વાટે પણ સ્થાપિત થઈ બેઠેલાં હિત તેની સામે ડોકાવે છે. એથી તો ઊલટું એ સિદ્ધ થાય છે કે, તેની અંદર સાચે જ નવનિર્માણની ક્રાંતિશક્તિ રહેલી છે. અત્યારે એનો અમલ શરૂ થાય છે તે વખતે કેળવણીકારોએ તેના આ લક્ષણ પર બરાબર નજર રાખીને ચાલવું જોઈએ. સ્વરાજ સરકારોએ પણ એ જ સંભાળવાનું છે; રખેને જૂની ચાલતી રહેલી ખાતાશાહી એને ખાઈ ન જાય, એ ધ્યાન રાખવું જોઈશે. અને શિક્ષકોએ પણ યાદ રાખવાનું છે કે, શિક્ષણ એ ધંધો છે એ ખરું; પરંતુ હવે સ્પષ્ટ સમજવું જોઈએ કે, સમાજમાં કોઈ પણ ધંધો જાગે છે તે એ કારણે કે, તેની એક ધર્મ તરીકે પ્રજાને જરૂર હોય છે. એટલે તે તે ધંધેદારી જો એની અંદર રહેલું આ ધર્મપણું બરોબર સાચવીને ન ચાલે, તો સમાજ પાંગળો બને, ગરીબ રહે, અને પડે પણ ખરો. આવા જરૂરી ધર્મોનું પાલન નિયમિત યોજના-પૂર્વક થયા કરે તે માટે સમાજમાં વર્ણ કે ધંધો કે નોકરી રૂપે તેનું તંત્ર ગોઠવવામાં આવે છે; તે કેવળ આર્થિક ગોઠવણ નથી હોતી; પણ તે દ્વારા સમાજનું સંસ્કૃતિચક્ર નિયમિત ચાલતું રહે એ સાચવવાનું કામ કરાય છે. આ કેવી રીતે તે સમજવામાં શ્રી. મહારાજનાં આ વ્યાખ્યાનો ઠીક મદદ કરશે. શિક્ષણ સંસ્કૃતિના પાયાનો ઉદ્યોગ છે, એનું ભાષ્ય આ પ્રવચનો છે, એમ કહી શકાય.

અંતમાં એક બીજી વાત: ગાંધીજીએ સૂચવેલાં રચનાત્મક કામો અંગે કેટલાક એમ કહે છે કે, તે સમયના કાંટા પાછા મૂકે છે; જૂનું તે સોનું, એમ તે માને છે એવો ભાસ એમાં કેટલાકને થાય છે. આમ કહેનારા ગાંધીજીની પ્રતિભા સમજ્યા નથી એમ કહેવું જોઈએ. તે એવા જૂના-પ્રેમી નહોતા. એ એક આજન્મ ક્રાંતિકારી હતા. સત્ય લાગે તેનો ઈશ્વરે આપેલી માનવબુદ્ધિથી પ્રયોગ કરી જોવા એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ તે આખરી પ્રામાણ્ય માનતા. તેથી તે ઈશ્વરને પણ પોતાની રીતે જ માનતા ને કહેતા કે, સત્ય એ જ ઈશ્વર છે. વાત એ છે કે, આજના જટિલ અને બહુસૂત્રી છતાં આકર્ષક સુધારામાં પણ કોઈ રીતે ખોવાઈ ગયા કે ભરમાયા વિના, તે એક સાદા સામાન્ય મનુષ્ય તરીકે વર્તી અને વિચારી શકતા હતા. એ એમની મોટી વિલક્ષણતા હતી. તેથી જ કરીને ભવ્યમાં ભવ્ય લોકશાહીની કલ્પના તેમનામાં મૂર્તિમંત બની હતી. તેથી જ તે દેશ, જાતિ, રંગ કે રાષ્ટ્ર ઇત્યાદિનાં સંકુચિત અભિમાનોથી સહેજે પર રહીને માનવજાતનો અને જગતનો વહેવાર નિહાળી શકતા. તેથી કરીને જ તે, છેલ્લાં ત્રણ સૈકાંમાં ગોરાઓનાં યંત્રવિજ્ઞાન અને નાસ્તિક કે નિરીશ્વર બુદ્ધિવાદે મળીને જે સવાલો પેદા કર્યા છે, તેના ઉકેલના પેગંબર બની શક્યા છે. તેમની શિખામણોમાં પેગંબરી સાદાઈ છે; સચ્ચાઈનું સરળ સોંસરાપણું છે; હૃદયમાં જઈને વાગે એવી સચોટ વેધકતા છે. તેમના બતાવેલા રસ્તામાં સાવ સાદી સરળતા અને સર્વસુલભતા રહેલી છે, તે આથી. એટલે તેમણે બતાવેલી શિક્ષણની દૃષ્ટિમાં પણ આ વસ્તુ જરૂર રહેલી છે. પરંતુ તેને 'રિવાઇવલિઝમ' — જૂનું ફરી આણવાની સાથે રખે આપણે ગૂંચવી મારીએ. ગાંધીજી પાસે સામે પડેલી પ્રત્યક્ષ વસ્તુ-સ્થિતિના સત્યનું આકલન એવું તો ઉગ્ર હતું કે તેથી તો તે આજના યુગપુરુષ બની શક્યા. કેવળ જૂના-પ્રેમી માણસથી આ બની ન શકે.

આજે જગત સામે સવાલ, ગોરાઓએ જન્માવેલા સુધારાને આગળ ચલાવવો, એ નથી. એ સુધારો આજે આગળપડતો છે એ ખરું; પણ તેથી તે ઉત્તમ છે એમ તો તેમનેય નથી લાગતું. તેઓ પણ કબૂલ કરે છે કે, એ સુધારાએ કરપીણ વર્ગવિગ્રહ અને યુદ્ધ તથા કાળાગોરા અને ઊંચાનીચા ઇત્યાદિ જીવલેણ ભેદો ઊભા કર્યા છે, તેમાંથી માર્ગ શોધવાનો સવાલ આજે છે. તેથી ગોરાઓ પણ આજે શિક્ષણની બાબતમાં ગૂંચવાઈ પડ્યા છે. જે શિક્ષણ આવાં પરિણામ પર પહોંચાડે છે તેમાં ક્યાંક મૂળે ભારે ભૂલ છે, એમ તેઓને પણ લાગે છે. એટલે તેઓ એવા શિક્ષણની શોધમાં છે કે જે દ્વારા તેમની સંસ્કૃતિનું આવું દુઃખદ સ્વરૂપ પલટી શકાય. એ પલટવાનો રસ્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીને તેમની પાયાના શિક્ષણની કલ્પનામાં જણાતો હતો. તેથી જ તેમણે એને પોતાની મોટામાં મોટી ભેટ કહી છે. આજે આપણે તેનો અમલ શરૂ કરીએ છીએ ત્યારે આ યાદ રાખવું જોઈએ. શ્રી. મહારાજનાં આ વ્યાખ્યાનો તે દિશામાં પ્રેરક બનશે, એ આશાથી તે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧૫-૧૧-'૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૨
૧.	વિચારમય જીવન	૩
૨.	પ્રાર્થના	૧૩
૩.	દૃષ્ટિ કેળવો	૨૨
૪.	પગારનું રાજ્ય અને શિક્ષકધર્મ	૨૭
૫.	યોજનાની આવશ્યકતા	૩૫
૬.	કર્મકૌશલ્યની આવશ્યકતા	૩૮
૭.	વાતાવરણની કેળવણી	૪૫
૮.	સ્વચ્છતાની કેળવણી	૫૧
૯.	કામ એ જ ધર્મ	૬૧
૧૦.	સહકાર કે વેઠ?	૬૫
૧૧.	સહકારમય જીવન	૭૦
૧૨.	શ્રમ એટલે ઉદ્યોગ — કેવળ મહેનત નહિ	૭૩
૧૩.	ગૃહઉદ્યોગો અને ગ્રામોદ્યોગો — ૧	૭૭
૧૪.	ગૃહઉદ્યોગો અને ગ્રામોદ્યોગો — ૨	૮૮
૧૫.	દેશોદ્યોગો	૯૬
૧૬.	આપણું અર્થશાસ્ત્ર	૧૦૫
૧૭.	કરકસર	૧૧૧
૧૮.	સદાચાર	૧૧૫
૧૯.	પ્રશ્નોત્તરી	૧૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સંસ્કૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

વિચારમય જીવન

આજે તમે જે કામ કરવા આવ્યા છો, તે બહુ ઉમદા કામ છે. આ કામ મારફતે હિંદને ઘડવાનું છે. તેમાં તમારે મોટો ફાળો આપવાનો છે. પ્રજા ઘડવાનું કામ એકલી બુદ્ધિનું નથી. બુદ્ધિ ગૌણ છે, ભાવના પ્રધાન છે. શુદ્ધ ભાવનાથી જ પ્રજા ઘડી શકાય છે. આપણાં ઘરોમાં બાળકો ઉછેરવાનું કાર્ય માતા જ કરે છે, કારણ કે માતા ભાવનાપ્રધાન છે. પિતા તેને ઉછેરી નહીં શકે, કારણ કે તે બુદ્ધિપ્રધાન છે.

પણ પ્રજાને ઘડવા માટે ભાવના સાથે પ્રેમની જરૂર છે. અને પ્રેમ પેદા થતાં પહેલાં ભક્તિની વિશેષ જરૂર છે. કારણ કે જો પ્રજાઘડતરનું કાર્ય ભક્તિપૂર્વક થશે તો તેની સાથે પ્રેમ અને ભાવના તો આવશે જ. તેના પર જ પ્રજાઘડતર અને શિક્ષણનો બધો આધાર છે.

ભવિષ્યમાં રાષ્ટ્રનું ઘડતર બાળકો મારફતે થશે. અને બાળકોને ઘડવાનું કાર્ય તમારે કરવાનું છે. એટલે શિક્ષક 'પંતુજી' નથી. તેનો ધંધો પણ પવિત્ર છે.

અત્યારે શિક્ષકો પૈસાને સંપત્તિ માને છે. એટલે શિક્ષણ એક ધંધો થઈ પડયો છે. પહેલાંના વખતમાં ગુરુકુળ હતાં. તેમાં જે શિક્ષકો હતા તેમની સંપત્તિ પૈસો નહીં, પણ બાળકો હતી. તેઓ બાળકોને પોતાની સંપત્તિ માનીને અહોભાગ્ય સમજતા હતા. તે વખતે 'શિક્ષક' ધંધો નહીં પણ ધર્મ હતો. અંગ્રેજોએ આપણને મોટામાં મોટું નુકસાન જો કંઈ કર્યું હોય તો તે આ જ છે. તેણે 'શિક્ષકધર્મ' ખૂંચવી લીધો અને 'શિક્ષકધંધો' બનાવી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરું જોતાં તે ધર્મ છે. જેમ માતાનો છોકરાં ઉછેરવાનો ધંધો નથી, પણ ધર્મ છે.

શિક્ષક ભણીને ન થવાય. તે તો સ્વભાવથી જ શિક્ષક હોય.

आचिनोति शास्त्रार्थमाचारे स्थापयत्युत ।
स्वयमाचरते यस्मात्तमाचार्यं प्रचक्षते ॥

દુનિયાની એકેએક ચીજ જોઈને, અને તેમાંથી નવું નવું શોધીને આચારમાં મૂકવા જેવું બનાવે, અને પોતે આચરી બતાવે તે આચાર્ય કહેવાય. તે દૃષ્ટિએ આપણા ભાગમાં જે કાર્ય આવે તે સુંદર કરી બતાવીએ તો ઈશ્વર આપણા પર જરૂર પ્રસન્ન થાય.

તમે સાડા ત્રણ માસમાં સ્વાતંત્ર્ય-આરાધના કરવા આવ્યા છો. તે આરાધના માટે આ સ્થાન, મકાન, શિક્ષકો બધાં સાધન છે. તેનો ઉપયોગ તમારે કરવાનો છે. ખુલ્લું હૃદય રાખીને અહીંથી લેવાય તેટલું લીધે રાખજો. જેમ સૂર્ય-કાચ સૂર્યનાં કિરણો એકઠાં કરી શકે છે અને ધારે તો કોઈ વસ્તુને બાળી પણ શકે છે; જ્યારે સાદા કાચ કંઈ જ નથી કરી શકતા. એટલે આપણે સાદા કાચ ન બનતાં સૂર્ય-કાચ બનવું જોઈએ.

અહીં ઉદ્યોગનો સમય વધારે છે અને અક્ષરજ્ઞાનના વર્ગો ઓછા છે. આવું કોઈ દહાડો તમે ભણાવ્યું નથી. તમે તો ફક્ત પુસ્તકો જ ભણાવ્યાં છે; જ્યારે અહીં તમારે ઉદ્યોગ ભણવાનો છે. ઉદ્યોગ એટલે મહેનત કે વૈતરું નહીં પણ — ઉત્-યોગ — ઊંચો યોગ. અંગ્રેજોએ આપણને બીજું નુકસાન કર્યું હોય તો તે આ છે. તેણે આપણને ઉદ્યોગથી વંચિત રાખ્યા અને આપણી કળા તોડી પાડી. કારણ કે આ બધા ધંધા તેમને પોતાના કાબૂમાં લેવા હતા — પશ્ચિમના લોકોને કરવા હતા.

આ રીતે તેમણે આપણી સંસ્કૃતિ તોડી નાખી. જ્યારે સંસ્કૃતિ તોડવામાં આવે છે, ત્યારે પ્રજાને બહુ દુઃખ પડે છે. અને કેટલાક ભુમરાણ પણ કરે છે. પણ વખત જતાં આપણે જે ગરેડમાં ચાલીએ છીએ તે જ સંસ્કૃતિ બની જાય છે — પછી તે સારી હોય કે ખોટી હોય — અને પહેલાંની સંસ્કૃતિને ભૂલી જઈએ છીએ. પણ જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળથી ખબર પડે છે કે, જે ગરેડમાં આપણે ચાલીએ છીએ તે ખોટી છે, પણ તે તો સંસ્કૃતિ બની ગઈ છે, ત્યારે તેને છોડતાં અને પોતાની અસલ સંસ્કૃતિને પાછી લાવતાં બમણું દુઃખ પડે છે. એ જ કારણથી અત્યારે આપણને ઉદ્યોગ ગમતો નથી, પણ ઉદ્યોગ સ્વભાવમાં જ રહેલો હોવાથી. અથવા ઉદ્યોગ કરવો એ કુદરતી બક્ષિસ હોવાથી, આપણે – સાચો નહીં તો ખોટો – ઉદ્યોગ તો કરીએ જ છીએ.

આપણે ત્યાં પહેલાં એકલું દેખાવ પૂરતું શરીરબળ વધારવું તેને ઉદ્યોગ નહોતા કહેતા. પણ અત્યારે તો તે આપણા પર ઠોકી બેસાડેલી સંસ્કૃતિ છે. અને તે પણ નાનાં બાળકો મારફત, ખર્ચ કરી, દાખલ કરેલી છે. તેને છોડતાં એક પેઢી નીકળી જશે. હવે પ્રાચીન સંસ્કૃતિ તે પણ બાળકો મારફતે જ દાખલ કરવી પડશે. આ સંસ્કૃતિ દાખલ ક્યારે કરી શકાય? જ્યારે આ વાત તમારે ગળે ઊતરે ત્યારે. આ ઉદ્યોગ ગળે ક્યારે ઊતરે? જ્યારે દૃષ્ટિ મળે ત્યારે. આ વસ્તુ કોઈ આપી નહીં શકે, તે તો જાતે શોધવાની વસ્તુ છે.

અહીં કાંતવા-પીંજવાનું પ્રત્યક્ષ કરવાનું છે. પણ એટલું કાંત કાંત જ નથી કરવાનું. તેની સાથે ચોકસાઈ વગેરે ગુણો કેળવવાના છે. તેનું શાસ્ત્ર શીખવાનું છે. જ્ઞાન વિના એકલો રેંટિયો ફેરવનાર આખરે રેંટિયા જેવો જડ બની જાય છે. આપણે કાંતનાર ભાઈઓ કે બહેનોનો જ દાખલો લો ને! તેઓ આપણા કરતાં ઝડપથી અને ૪૦ આંકનું ઝીણું સૂતર કાંતી શકશે ખરાં. પણ તેઓ માત્ર કારીગર જ છે, શિક્ષક નથી. તેઓ કાંતવાનું અને સાંજ પડ્યે વધુમાં વધુ રોજી મેળવવાનું જ જાણે છે. તેનું શાસ્ત્ર અને મર્મ જાણતાં નથી.

તમે પણ તેમના જેવું જ કાંતશો, તો માત્ર કાંતવાનું જ જ શીખશો. તમારે તો તેમાંથી જીવનનું બીજ શોધી કાઢવાનું છે. તમને શીખવનાર તો માત્ર રેંટિયો ફેરવતાં જ શીખવશે, પણ તમારે જ તેમાંથી જીવનનું બીજ શોધી લેવાનું રહેશે.

આ શિક્ષણનો ઉપયોગ સમાજઘડતરમાં કરવાનો છે. પણ એકલો રેંટિયો તેમાં કામ નહીં લાગે. તેના માટે તો ઉદ્યોગ પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ થાય તેવી પ્રેરણા તમે આપી શકો તે માટે શ્રમ પ્રત્યે ભક્તિ જોઈએ.

હું એક વખતે એક નિશાળમાં ગયો હતો. ત્યાં એક છોકરો અમસ્તો જ રેંટિયો ફેરવ્યા કરતો હતો. તે કાંતતો ન હતો. તેને મેં પૂછ્યું, "આમ શું કામ કરે છે? એકલો જોરથી રેંટિયો ફેરવ્યા કરવાથી રેંટિયો ખરાબ થઈ જાય. અને ઉપરાંત વખત બગડે." તેણે જવાબ આપ્યો, "મારા શિક્ષકે મને અર્ધો કલાક ફક્ત રેંટિયો ફેરવવાનું જ કહ્યું છે; કાંતવાનું નથી કહ્યું." આ ઉપરથી મને લાગ્યું કે ત્યાં ઉદ્યોગની કોઈનેય પડી નહોતી. શિક્ષકને તેના પ્રત્યે રસ ન હતો. એટલે પોતે છોકરાંને કહે કે જાઓ, અલ્યા, રેંટિયો ફેરવો. પછી છોકરાં રેંટિયો ફેરવે જ ને? કારણ, જ્યાં શિક્ષકને તેના પ્રત્યે પ્રેમ ન હોય ત્યાં વિદ્યાર્થીને તો ક્યાંથી જ હોય? એટલે તમારે ઉદ્યોગ પર પ્રેમ રાખવો જોઈએ. નહીં તો તમારી નિશાળ પણ પેલી નિશાળ જેવી જ ચાલશે.

અત્યારે આપણામાં શ્રમ પ્રત્યે એટલી બધી સૂગ પેસી ગઈ છે કે, બાપ પણ કહેશે કે ભાઈ (પોતાનો છોકરો) તો ભણે છે, તેને કંઈ કામ ન સોંપાય. આ રીતે નાનપણથી જ શ્રમ પ્રત્યે અભાવ પેદા થયો. આ સૂગથી સમાજનો કંઈ ઉદ્ધાર નહીં થાય. સમાજનો ઉદ્ધાર કરવો જ હોય તો શ્રમ પ્રત્યે ભક્તિ કેળવ્યા સિવાય છૂટકો જ નથી.

હવે એવો જમાનો ઝપાટાબંધ આવતો જાય છે કે જેમાં પૈસાદાર તરફ સામાન્ય માણસો ઘૃણાની દૃષ્ટિએ જોશે. અને અત્યારે રાજ્ય પણ મજૂરનું થયું છે. આ બહુ દુઃખની વાત છે. આપણે ત્યાં પહેલાં મજૂરનું રાજ્ય નહોતું પણ મજૂરીનું હતું; અને તે વખતે આપણે ઉન્નત દશામાં હતા. હજુ પણ જો મજૂરનું રાજ્ય વધશે, તો આખરે પ્રજાનું પતન થશે. દા. ત. બાળકો ઉછેરવા માટે આયા (નર્સ) રાખી હોય તો તેને કંઈ વાંધો પડતાં તે હડતાલ પર પણ ઊતરે. તે વખતે છોકરાંની મા, કે જેણે પોતાનાં છોકરાં હમેશાં નર્સ મારફતે જ ઉછેરાવ્યાં હોય, તે ગભરાઈ જશે. અને વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાંને પણ નુકસાન પહોંચશે. હવે નર્સની જગ્યાએ સાચી માતા જ હોય તો તે શી રીતે હડતાલ પાડે? અને હડતાલ પાડીને શું તે એમ કહેશે કે, હું છોકરાં નહીં ઉછેરું? કારણ નર્સનો છોકરાં ઉછેરવાનો ધંધો છે; જ્યારે માતાનો તો ધર્મ છે. આ બધું પશ્ચિમની કેળવણીનું પરિણામ છે.

અત્યારે મજૂરનું રાજ્ય હોવા છતાં મજૂરની કંઈ પ્રતિષ્ઠા નથી. પણ જેમ 'ગરજે ગધેડાને બાપા' કહે છે, તેમ લોકો પોતાનામાં તાકાત હોવા છતાં શરમને કારણે મજૂર પાસે કામ કરાવે છે; અને જ્યાં મજૂર વિના ન ચાલે ત્યાં બધે જ મજૂરનું રાજ્ય આવ્યું કહેવાય.

અત્યારે શેઠિયાની સ્ત્રીઓ રસોયો હડતાલ પાડે ત્યારે હતાશ થઈ જાય છે. અત્યારે રોજબરોજ મજૂરનું રાજ્ય વધતું જ જાય છે. ખેડૂતને પણ મજૂર વિના ચાલતું નથી. એટલે કે શેઠ-શેઠાણીથી માંડી ખેડૂત સુધી બધા જ મજૂરના ગુલામ બન્યા છે. જો આમ મજૂરનું રાજ્ય વધ્યે જ જશે, તો સ્વરાજ નહીં ટકી શકે.

ગાંધીજીએ આ જોયું અને તરત જ પોતાના ઘરમાં તેમણે ઉદ્યોગ દાખલ કર્યો. તેમણે પોતાનાં બાળકોને પણ આ જ પદ્ધતિએ કેળવ્યાં. અને દેશમાં પણ એ શિક્ષણ દાખલ કરવા પ્રયાસ કર્યો. તે અત્યારે આટલે સુધી પહોંચ્યો છે.

એક વખત શ્રી નાનાભાઈ ભટ્ટ ભાદરણ ગામની કન્યા-વિદ્યાલયની બહેનોને મળ્યા હતા. ત્યારે કેટલીક વાતો થઈ હતી. તેમાં એક વાત એ હતી કે, ફી-વધારા અંગે બહેનોએ હડતાલ પાડેલી. અને જણાવેલું કે હડતાલ પાડવાનો તેમનો હક છે. આ વખતે તેમણે બહેનોને કહ્યું, "તમે અહીંની સફાઈ કરવી, પાણી ભરવું વગેરે કામો જાતે જ કરો છો?" ત્યારે બહેનોએ કહ્યું કે તે નોકરથી કરાવાય છે. આ વખતે તેમણે કહ્યું, "તમારો સાચો હક તો અહીં માર્યો જાય છે. કારણ કે સફાઈ કરવાનો અને પાણી ભરવાનો તમારો હક છે. એ હક માટે તમે હડતાલ પાડોને! ફી-વધારા જેવી તુચ્છ બાબતમાં હડતાળ શાની હોય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી આપણને એમ લાગે છે કે, આપણા જીવન ઘડવાના હક વિશે આપણને કંઈ જ લાગતું નથી. તેનું કારણ કામ પ્રત્યેની સૂગ છે.

આપણો ઉદ્યોગ તો નાશ પામ્યો, પણ સાથે સાથે સ્વચ્છતા, નિયમિતતા, વ્યવસ્થા અને ચીવટના સદ્‌ગુણોનો પણ લોપ થયો. આને લીધે આપણે અમૂલ્ય સમય ગમે તેમ વેડફી નાખીએ છીએ. આપણી આંખ સામે તો એમ હોવું જ જોઈએ કે આપણો સમય ક્યાં બરબાદ થાય છે. અને તે સમયની બરબાદી માટે પશ્ચાત્તાપ થવો જોઈએ. કારણ કે આપણે ઈશ્વરનો આપેલો સમય બગાડીએ છીએ.

પશ્ચાત્તાપ એટલે પશ્ચાત્-તાપ – પાછળથી તાપ થવો. અને પાછળથી તાપ થાય એટલે એક વખત કરેલી ભૂલ ફરી કદી ન થાય.

આવો શિક્ષક 'પંતુજી'માં કદી ન ખપે પણ પ્રતિષ્ઠિત માણસોમાં જ ખપે.

અહીં આ આશ્રમને તમે જેલ માનશો, તોય ખોટું નહીં લાગે. કારણ કે જેલ પણ ઘણું શિખવાડે છે. જોકે કામમાંથી ગોટલી મારે તેની તો વાત જ જુદી.

અહીં આપણે આપણાં કપડાં, ચંપલ વ૦ અન્ય નાની મોટી ચીજોને વ્યવસ્થિત રાખતાં શીખીએ તોય ઘણું છે. કારણ કે ચોકસાઈનો ગુણ ખીલવવા જેવો છે. અને તે ગુણ આપણામાં હશે તો જ આપણે આપણા વિદ્યાર્થીઓને આપી શકીશું. 'કૂવામાં હોય તો હવાડામાં આવે.'

જેલમાં પણ જ્યારે મને પાટી વણવાનું સોંપતા ત્યારે હું કહેતો કે, જેલવાળા પાટી લઈ જશે ખરા, પણ પાટી વણવાની કળા કંઈ લઈ લેવાના હતા? તેવી જ રીતે દળવાનું. તેઓ લોટ લઈ જશે, પણ દળતાં આવેલી કાંડાની તાકાત કંઈ લઈ જવાના હતા?

જો કામથી આપણે ભડકી ગયા, તો જાણવું કે આપણે 'ઓ બાપ' લઈને ઘેર જઈશું. પણ જો બધું જ કામ હિંમતથી કર્યું, તો મર્દાઈ લઈને જઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી, કાર્ય આપણને શોધક બુદ્ધિ પણ આપે છે. જેલમાં દળ્યા પછી જ્યારે મને થાક લાગતો ત્યારે હું બંને હાથ મારી મેળે દાબતો. પણ તેમાં હાથને થાક લાગતો. એટલે એક યુક્તિ મને જડી ગઈ. જેમાં હું દળતો હતો તે ઓરડી બહુ મોટી ન હતી. વળી બહાર તાળું લગાવેલું. એટલે હું અંદર સૂઈ જતો. પછી એક ભીંતેથી બીજી ભીંતે આળોટતો આળોટતો જતો હતો અને એ રીતે થાક ઉતારતો હતો. પછી મનમાં ને મનમાં મારી યુક્તિ પર હસતો.

પહેલાંના વખતમાં આપણે ત્યાં સંયમી મન બનાવવા માટે બાર વર્ષ સુધી તપ કરવું પડતું. અત્યારે તેના અભાવે આપણે સુકાયેલાં પાંદડાંની જેમ, જે બાજુએથી વાયરો આવે છે એ બાજુ ઊડીએ છીએ, અને દુનિયાના સાચા ખોટા પ્રવાહોમાં તણાઈ જઈને જિંદગી પૂરી કરીએ છીએ. જો આપણે ઉચ્ચ જીવન જીવવું હશે, તો ભારે બનવાની જરૂર છે. આ ભારે થવા માટેનું વજન તે સંકલ્પબળ. અને તે બળ મેળવવા માટે તપ કરવું જોઈશે.

આપણે ત્યાં કહેવત છે કે, 'રોતોય પરોણો ને હસતોય પરોણો.' એટલે કે રોતો આવે તો અપયશ લાવે. માટે આપણે જ્ઞાનપૂર્વક હસતા પરોણા બનવું જોઈએ.

આપણે નિયમોના માલિક બનવું જોઈએ. નિયમ આપણા માલિક ન બનવા જોઈએ. જેમ બાપ છોકરાનો ચાકર છે, કારણ કે તેનો સાચો માલિક છે. સેવા કરવી એટલે માલિક થવું અને માલિક થવું એટલે જ સાચા સેવક થવું. આપણે ભેગા થઈને આ બધું શીખવા આવ્યા છીએ.

અત્યારે હિંદુસ્તાનના લોકોને જીવન જીવતાં નથી આવડતું. હિંદ એટલે ગામડાંનો દેશ. અને ગામડાંના લોકો, ઓછી આવકમાં કેમ જીવવું અને થોડી આવકમાં સારી રીતે જીવવા માટે કેવી રીતે 'બજેટ' કરવું જોઈએ, તે જાણતા નથી. તેથી અહીં આપણે પણ બજેટ કરવું જોઈએ. તેમાં માંદગી, રજા અને બીજા સંજોગો માટે પણ અનામત રકમો રાખતાં શીખવું જોઈએ. વળી આપણે તો શિક્ષક કહેવાઈએ, તેથી બાર મહિના પહેલાં ખબર પડવી જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આપણને શું ખર્ચ આવવાનું છે. આ રીતે વેતરણપૂર્વક ખાવેલો સૂકો રોટલો પણ મિષ્ટાન્ન કરતાં સારો લાગશે અને તાકાત પણ આપશે. આવકના પ્રમાણમાં ખાઈએ તો જ સારું નચિંત જીવન જીવાય.

મારે ત્યાં એક લુહારણ ડોશી હતી. તેને હાથે મોઢે બધે ચામડી લટકતી હતી. તે બતાવતી હતી કે ઘડપણ આવી ગયું છે. તોપણ દળણાં દળવાનું કામ કરતી હતી. મને જેલમાં દળતી વખતે તેની મૂર્તિએ પ્રેરણા આપી. કારણ, ક્યાં એ લટકતી ચામડીવાળી ડોશી અને ક્યાં પઠ્ઠા જેવો હું! તેણે મને દળવાનું બળ આપ્યું. તેનામાં દળવાની તાકાત હતી. તેનું કારણ એક જ કે તે તેનું બજેટ જાણતી હતી.

આપણે આશ્રમમાં પણ બજેટ કર્યું છે, તેથી તોલાનો માપ ભરીને ખાઈએ છીએ.

કહેવત છે કે 'ધાન ધરપત અને ઘી સંપત.' એટલે કે અનાજ પેટ ભરીને ખવાય, પણ ઘી તો સંપત્તિ પ્રમાણે જ ખવાય.

શિક્ષક કરકસરિયો ગણાય છે. તેનું એક કારણ તેની ઓછી આવક અને બીજુ તેને 'મારી ખાવાનું' કંઈ મળે નહીં. જોકે હવે કાયદા થયા છે. છતાં પણ મહેતાજીમાં એવું કંઈક હોય છે કે તે ઝીણો બને. પણ કરકસરને કદી દુઃખ ન માનવું. આપણે ખોરાકમાં કરકસર કરતા નથી. તેનું કારણ આપણે જીભને બગાડી છે. ઈશ્વરે આપણને શરીર સમાજનાં કાર્યો કરવા માટે આપ્યું છે. છતાં આપણે શરીરને ન પૂછતાં જીભને પૂછીને ખોરાક લઈએ છીએ. પરિણામે અનેક વ્યસનોમાં ફસાઈએ છીએ અને શરીર બગાડીએ છીએ. ખરું જોતાં-જીભ આપણા દેહનગરનો ચોકીદાર છે. તે ચોરી થવા જ ન દે. તે ખરાબ ચીજને પેસવા જ નથી દેતી, જેમ રાજાનો ચોકીદાર ચોરને પકડી કાઢી દંડાવે છે, તેવું જ જીભનું છે. તે ટેરવે જ કડવો સ્વાદ જાણે છે. એટલે કડવાને પેસતાં વાર જ બહાર કાઢે છે. વચલો ભાગ તીખાશ બતાવે છે અને અંદરનો ભાગ ગળપણનો સ્વાદ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દુનિયામાં ઉસ્તાદ લોકો ક્યાં નથી પડ્યા? તેઓ જેમ ચોકીદારને પૈસાની લાલચ આપે છે, તેમ જીભને મસાલા ચડાવેલા ખોરાકની લાલચ આપે છે. વળી શોખીનોએ તેનું શાસ્ત્ર શોધ્યું; એઠાડુ લોકોને ઉદ્યોગી બનાવવા ખોટી રીતો શોધી. જેમ કે બેઠાં બેઠાં પચે નહીં, એટલે પાચન થાય તેવી દવાઓ શોધી. વળી કૂવામાંથી ડોલ વડે પાણી કાઢવાને બદલે એવાં સાધનો બનાવ્યાં, જે બેઠાં બેઠાં ખેંચ્યા કરે. એકાદ સ્પ્રિંગનું સાધન બનાવ્યું. તેને લાંબા ટૂંકા હાથ કરીને ખેંચ ખેંચ કરે. હવે આને બદલે કૂવામાંથી પાણી કાઢે તો કસરત પણ મળે અને પાણી પણ નીકળે. આ રીતે વ્યસનો થઈ પડ્યાં. વ્યસનનો અર્થ જ દુઃખ. જે જરૂરની ચીજો હોય છે તે નિસ્પૃહી હોય છે. જ્યારે વ્યસનો તો તાકીને જ ઊભાં હોય છે. દા. ત. ચા અને દૂધ; દૂધ એકાદ દિવસ નહીં પીઓ તો કશું જ નહીં થાય. જ્યારે ચા નહીં પીઓ તો માથું ચડશે.

પણ આપણે અહીં આવ્યા છીએ. તેમાં ઈશ્વરે આપણને નાણી જોવાની તક આપી છે. ત્યારે નાણી તો જુઓ કે આપણામાં કેટલું બળ છે. જો હું તમારો વર્ગ ચલાવતો હોઉં તો તમને ચા-બીડીની છૂટ પણ આપું. પણ આ તપ કરવાનો વખત આવ્યો છે; ત્યારે શું કામ ચૂકો છો? લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે, ત્યારે શું કામ મોં ધોવા જાઓ છો? સિદ્ધિ મેળવતાં ડગવું નહીં, તેનું નામ જ તપ. પણ ખેતરમાં જઈને બીડી સળગાવવી પડશે, તો જાણજો કે તમે હાર્યા અને બીડી જીતી.

એક ઠાકોર હતા. એક વખત તેમની સાથે અફીણ સંબંધી વાતો થઈ. વળી મને ભાષણ કરવાની કુટેવ; એટલે મેં તેના પર થોડું ભાષણ કર્યું. તેમણે તે દહાડાથી અફીણ લેવાનું છોડી દીધું. પણ પંદર વીસ દહાડા થયા પછી તેમના તરફ ગયો, ત્યારે તેમણે કહ્યું, "બધાને આવો જ ઉપદેશ દેતા ફરજો. જોજો, હવેથી કોઈને આવો ઉપદેશ દેતા! કોઈને મારી નાખશો!"

એમણે આ બધું મને મિત્રભાવે કહ્યું હતું. મેં પૂછ્યું કે, "થયું શું?" ત્યારે તેમણે આપવીતી સંભળાવવા માંડી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારા ગયા પછી મને તો ઝાડા થઈ ગયા. અને બોલવા ચાલવાના હોશ પણ રહ્યા નહીં. લગભગ બેભાન થઈ ગયો. પછી તો મેં ઇશારતો કરીને બૈરાંને બોલાવ્યાં. અને ઇશારાથી સમજાવ્યું કે મને અફીણ ખવડાવો. જ્યારે મેં અફીણ ખાધું, ત્યારે માંડ જરા હોશ આવ્યા."

પણ પછી તો મેં પણ ઠાકોરને ઝાટક્યા. મેં કહ્યું કે, "ભૂપતસિંહ ઠાકોર, અફીણ ખાધા વિના મરી ગયા હોત, તો દુનિયામાં તમારા વિના શું ખાટું મોળું થઈ જવાનું હતું? વળી ક્ષત્રિય બચ્ચા થઈને ટેક પણ ન પાળી શક્યા, ત્યારે ક્ષત્રિય શાના? અને મરવાને વખતે બૈરાંના હાથે જીવતા રહ્યા. વળી, હવે તમારે અફીણ તો ખાવા જોઈશે. અને કમાવા તો જતા નથી. એટલે પૈસા માટે તમારી પાસે જમીન છે, તે પણ ગુમાવવાના. એના કરતાં મરી ગયા હોત, તો આ બે વીઘાં જમીનમાં તમારાં બૈરાં નિરાંતે રોટલો ખાત! બોલો, તમે જીવીને શું વધારે સારું કર્યું? વળી તમે તમારી જાતને ક્ષત્રિય કહેવડાવો છો. એ તો ઠીક, પણ અફીણ જેવી ચીજ પણ તમને હરાવી ગઈ? તેના વિના તમે મરવા પડ્યા? અને આટલું બધું કરવું પડ્યું? એટલે તમે તો તમારું ક્ષત્રિયપણું પણ ગુમાવ્યું. ત્યારે હવે તમે જીવતા હો કે મરેલા – બંને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત; પણ તમે હાર્યા અને અફીણ જીત્યું."

આટલું સાંભળતાં જ તેમને તો એટલું પાણી ચડ્યું કે અફીણનો દાબડો ફેંકી દીધો. અને થયું પણ એમ કે ન તો તેમને ઝાડા થયા કે ન બેભાન થઈ ગયા. કારણ કે આ વખતે તેમની પાસે સંકલ્પનું બળ હતું. તમને પણ પ્રભુએ આ વખત નાણી જોવા આપ્યો છે, નાણી જોજો. જેથી ખબર પડે કે પોતે કેટલામાં છો!

અમારા એક રાસવાળા ભાઈ છે. તે હજુય કહે છે કે, બીડીની ધૂણી આવે છે, ત્યાં તો બેસવાનું જ મન થાય છે. જાણે બીડી પીતા હોઈએ તેટલો રસ પડે છે. તેમણે પંદરેક વર્ષ થયાં બીડી છોડી છે, છતાં તેમને આમ થાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલમાં કેટલાયને બીડી છૂટી ગઈ હતી. પણ જેલના દરવાજે આવીને તે બેસી જ રહી હતી. જે કોઈ કાચા-પોચા નીકળે, તેને વળગી જ પડે. એટલે, તમે જે કંઈ છોડો, તે બધું જ્ઞાનપૂર્વક છોડજો. અને આ સાડા ત્રણ માસ માટે નાણી જોજો. આર્થિક અને નૈતિક દૃષ્ટિએ પણ વ્યસન છોડવાં અગત્યનાં છે. વળી શિક્ષક તો કદી ગુલામ ન હોઈ શકે. કારણ કે તેને તો સ્વતંત્ર બાળકો ઘડવાનાં છે. માટે આ પ્રસંગનો લાભ લઈ કલ્યાણનો પ્રયત્ન કરજો.

અહીં આપણું ધ્યેય સચવાય એ જાતની વ્યવસ્થા કરેલી છે. અને તમારે પણ સ્વતંત્ર વ્યવસ્થા ઘડવી હોય તો ઘડી શકો છો. તમે તદ્દન સ્વતંત્ર છો. પણ સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદ નહીં. અહીં તમે જ્ઞાનપૂર્વક જાગતા રહેજો. પ્રભુ તમારું કલ્યાણ કરે અને તમને સુમાર્ગે દોરે.

૨

પ્રાર્થના

પ્રાર્થનાની ઉત્પત્તિ આપણી નબળાઈમાંથી બચવા માટે થઈ છે. જ્યારે માણસને એમ થાય છે કે, આ બધું માટીમાંથી બનેલું છે અને એક દિવસ માટીમાં મળી જવાનું છે, ત્યારે મારું શું થશે? હું ક્યાં જઈશ? કોની સાથે જઈશ? આવું ભાન થાય, ત્યારે જે શક્તિ આ બધાનું સંચાલન કરે છે તેની પ્રાર્થના કરવાનું મન થઈ જાય છે.

આપણે કોઈને પણ મેળવવાનો પ્રયત્ન કરીએ, તો સૌથી પહેલાં તેની સ્તુતિ કરીએ છીએ. પછી પ્રાર્થના અને છેવટે ઉપાસના કરીએ છીએ.

સ્તુતિ એટલે ગુણગાન ગાવાં. દા. ત. આપણા જીવનનો વિચાર કરતાં આપણને કોઈની જરૂર પડી. ત્યારે આપણે વિચાર કરીએ કે કયો માણસ મને તારશે? એવો કયો માણસ છે કે જે ઉચ્ચ જીવન જીવવાનું બતાવશે? પછી જે માણસ આપણને શક્તિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળી લાગે, તેની શક્તિનાં આપણે ગુણગાન કરીએ તે જ સ્તુતિ. પછી તે માણસને મેળવવા પ્રયત્ન કરીએ તે પ્રાર્થના. છેવટે તે માણસ મળી જાય, એટલે ઉપાસના થઈ ગણાય.

એક બીજો દાખલો લઈએ. એક નદી હોય. તેની સામી બાજુ જવું છે. પણ તેમાં પાણી ઘણું છે. મને તરતાં નથી આવડતું. તેની સામી બાજુ તો જવું જ છે. એટલે હું વિચાર કરીશ કે એવી કઈ વસ્તુ છે કે જે મને સામી બાજુએ લઈ જાય. વળી એ વસ્તુ એવી પણ હોવી જોઈએ, કે જે સહેલાઈથી લઈ જઈ શકે. વિચાર કરતાં તૂમડું કે લાકડું એવી ચીજ જણાઈ. આ તેની સ્તુતિ થઈ. હવે તેને મેળવવાનો પ્રયત્ન કરવો, તેનું નામ પ્રાર્થના; અને તે મળી જાય, એટલે ઉપાસના થઈ.

ઉપાસના એટલે ઉપ–આસન. નજીક બેસવું એવો અર્થ થાય છે.

આપણે તો જેની પ્રાર્થના કરીએ છીએ, તેની ઉપાસના નથી કરી શકતા. કારણ તે શક્તિ કે જેને આપણે ઈશ્વર કહીએ છીએ, તે આંખે દેખી શકાય કે સ્પર્શ કરી શકાય, તેવી ચીજ નથી. તે તો કોઈ અદશ્ય ચીજ છે, તેને કોઈ પણ જાતનું રૂપ નથી.

પણ માણસ કંઈ જેવું તેવું પ્રાણી નથી. તેણે તો તેનું રૂપ પણ કલ્પ્યું. કોઈએ ચાર હાથ બનાવ્યા. કોઈએ તેને 'અલ્લાહ' નામ આપ્યું, ને કોઈએ તેને ઈશ્વર કહ્યો. તેને રહેવાની જગાઓ પણ બનાવી. તેનાં નામ પણ આપ્યાં. કોઈએ 'મંદિર' કહ્યું, તો કોઈએ મસ્જિદ. આવાં તો તેનાં અનેક નામો પાડ્યાં. અને નામ સારુ ઝગડા પણ કરવા માંડ્યા.

માણસ તો વિચિત્ર પ્રાણી છે. તે ગમે તેમ કલ્પનાઓ કરે. પણ જે શક્તિ છે, તે તો રહેશે જ. તે દુનિયાને નિયમિત ચલાવે છે. સૂર્ય, તારા ગ્રહો વ૦ જે ચાલે છે, તેની પાછળ જે શક્તિ રહેલી છે, તે એ જ શક્તિ છે કે જેની આપણે પ્રાર્થના કરીએ છીએ. તે શક્તિ એવી છે કે જે નિયમિત સર્જન અને સંરક્ષણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દા. ત. કેળનું ફૂલ સર્જાય છે, ત્યારે તેમાં કેળાં સુરક્ષિત હોય છે. જેમ જેમ તેની સુરક્ષિતતા વધતી જાય છે, તેમ તેમ તેની ઉપરનું ફૂલનું પડ દૂર થતું જાય છે. એ રીતે તેનું સંરક્ષણ કરવા માટે એક મજબૂત લાલ રંગનું પાન તેને વીંટાળીને પેદા કરેલું હોય છે. આ પડ શું છે? એ છે કેળાંનો ગર્ભાધાન-સમય. તેની અંદર જેટલાં પડ છે, તેટલી બધી કેળાંની લૂમો છે. એ બધી પેલા ફૂલના લાલ પડ નીચે રક્ષણ મેળવી રહી છે. પણ જ્યારે તે લૂમો બહાર નીકળે છે અને પોતાનું રક્ષણ કરવા માટે શક્તિશાળી થાય છે, ત્યારે પેલાં લાલ પડ ઊખડીને ખસી જાય છે અને પેલી લૂમોને વિકાસ કરવાની તક આપે છે. જુઓ, તેની સર્જન અને સંરક્ષણની શક્તિ કેવી છે!

પૃથ્વીમાંથી કોઈ ચીજ એવી નહીં નીકળે, જેમાં સર્જન અને સંરક્ષણની શક્તિ ન હોય.

નાળિયેરનું ઝાડ તો જુઓ! તેમાંથી જેટલી કુમળી કૂંપળો નીકળે છે, તે બધીના રક્ષણ માટે એક કપડું (વલ્કલ) વીંટાયેલું હોય છે. તેને તાણોવાણો, પણ હોય છે. પહેલાંના વખતમાં જેને વલ્કલ કહીને ઋષિઓ પહેરતા, તે જ આ હશે.

હોય જ ને? આપણી માતા પણ આપણે નાના હોઈએ છીએ, ત્યારે કેટલી બધી સંભાળ રાખે છે! તો આ તો માતાની પણ માતા—કુદરત છે. તે તો આપણા એકલાની નહીં, પણ સમગ્ર વિશ્વની માતા છે.

આવી માતાને ખોળે બેસવાનું કોને મન ન થાય? એને પ્રભુ કહી દેવાનું મન કોને ન થાય? આ માતા તે જ પ્રભુ છે, તે જ ઈશ્વર છે; અને તે જ અલ્લા પણ છે. તેને આધીન થવા માટે અથવા તો તેને ખોળે બેસવા માટે જ આપણે પ્રાર્થના કરીએ છીએ.

તેણે આપણને કેટલીય ચીજો આપી છે. પણ તેનો ઉપયોગ કરતાં આપણને આવડતું નથી.

સાપ જેવાં ઝેરી પ્રાણીઓ પણ ઉપયોગ માટે છે. કેટલાંય ઝેરી જીવજંતુઓ એવાં છે, કે તેનો નાશ કરવાનું કામ સાપ જેવાં પ્રાણીઓનું જ છે. પણ આપણે તો ન ઓળખીએ આપણી કુદરત માતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ન ઓળખીએ તેના સર્જનને. અને તેથી આપણે સાપને મારી નાખીએ છીએ.

તેણે આપણું શરીર પણ મકાનની જેમ ચણ્યું છે. તેણે શરીરમાં ઈંટો ગોઠવી છે. અને આ બધી ઈંટો (કોષ) છ છ વરસે બદલાઈ જઈ, નવી ઈંટો તૈયાર થઈ જાય છે. આપણા મકાનમાં આપણે એવું કરી શકતા નથી. ત્યારે આવું કરનારી કઈ શક્તિ હશે?

આપણે પ્રાર્થના પણ આ જ શક્તિની કરીએ છીએ. આપણી આ પ્રાર્થનાઓ પણ જુદા જુદા સમયે જુદી જુદી હોય છે.

ॐ सहनाववतु । — આપણે જમતી વખતે અને ભણતી વખતે ગાઈએ છીએ ॐ सहनाववतु । — બન્નેનું સાથે રક્ષણ થાઓ. બન્નેનું એટલે ગુરુ અને શિષ્યનું, ગરીબ અને તવંગરનું, સ્ત્રી અને પુરુષનું, નબળા અને સબળાનું. જો આ બંને જણ એકબીજાને દબાવશે, તો એકેયને શાંતિ નહીં મળે.

सह नौ भुनक्तु । બંને સાથે ભોગવીએ. બંને એટલે આખો સમાજ. જેમ આખા શરીરમાં એક પણ અંગ વધુપડતું જાડું થઈ જાય તો તે શરીરને માટે સુખકર્તા નહીં નીવડે, કારણ કે તે તો સોજો ચડ્યો કહેવાય; તેમ સમાજમાં પણ એક જણ ગાદીતકિયે બેસે અને બીજો કાળી મજૂરી કરી ઝૂંપડામાં પડ્યો રહે, તો તે સમાજ સુખી નહીં કહેવાય. એટલે જ્યાં ગરીબ-તવંગરના ભેદ ન હોય, બધા જ મહેનત કરીને ખાતા હોય, ત્યાં જ સાચું સુખ હોય. આવા આપણે થઈએ, તે માટે જ ઈશ્વરને કહીએ છીએ કે, અમે સાથે ભોગવીએ તેમ તું કર.

सह वीर्यं करवावहै । — સાથે પરાક્રમ કરીએ. સાથે એટલે એમ નહીં કે બ્રિટન અને રશિયા ભેગાં થઈને જર્મનીને હરાવે. પણ સાથે એટલે આખું જગત એક થઈને શાંતિ સ્થાપવામાં પોતપોતાનો યોગ્ય ફાળો આપે.

तेजस्विनावधीतमस्तु । — અમારું ભણતર તેજસ્વી થાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मा विद्विषावहै । — અમે કોઈનોય દ્વેષ ન કરીએ. અમે બધા ભેગા થયા છીએ તે એકબીજાનો દ્વેષ કરવા માટે નહીં. એટલે અમે એકબીજાનો દ્વેષ ન કરીએ.

ॐ शांतिः शांतिः शांतिः । — આપણે 'શાંતિ' ત્રણ વખત બોલીએ છીએ. કારણ કે આપણે શરીર, મન અને આત્માની શાંતિ મેળવવાની છે — આપણે આપણી, સમાજની, અને જગતની શાંતિ મેળવવાની છે — આપણે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક શાંતિ મેળવવાની છે.

પણ આ શાંતિ શી રીતે પ્રાપ્ત થાય? માત્ર મંત્ર ભણીને? ના, મંત્ર ભણી જવાથી તો કંઈ ન મળે. તે માટે તો ઉપર બતાવેલી પાંચે ક્રિયાઓ — સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ, તેજસ્વિનાવધીતમસ્તુ, અને મા વિદ્વિષાવહૈ — એમને આચરણમાં મૂકીએ, તો જ આપણે ઇચ્છેલી શાંતિ મળે.

આ આપણી જૂના વખતથી ચાલતી આવતી પ્રાર્થના છે. અત્યારે આપણે તેને નવી ઢબે પણ ગાઈએ છીએ.

'સંગે હરિચરણમાં રહીએ તમે અમે' — આ આપણી બીજી પ્રાર્થનાની પહેલી લીટી છે. તેમાં આપણે સંઘ કરવાની વાત કરી છે. જો દુનિયામાં ઉત્તમ રીતે જીવવું હોય તો સંઘ કર્યા વિના તો ચાલે જ નહીં. આ જગતરૂપી પાણીના મોટા વહેણમાંથી સામે પાર જવું હોય તો આપણે સંઘ રચવો પડશે. અને એવા મોટા વહેણમાંથી તણાયા વિના સામે પાર જવા માટે એકબીજાનો હાથ ઝાલવો પડશે. અહીં હાથ ઝાલવો એટલે પ્રત્યક્ષ હાથ ઝાલવો એમ નથી; પણ લાલચમાં ન ફસાવું, લોભમાં ન તણાવું ઇત્યાદિ. આ લાલચોમાં ન ફસાવા માટે આપણે આત્મા સાથે, મન સાથે સંઘ રચીશું.

એક વખત શ્રી અનસૂયાબહેન વિલાયતથી તાજાં જ ભણીને આવ્યાં હતાં. તેમણે ત્યાં મજૂર વ૦ના સંઘો જોયા હતા. તેમણે બાપુજીને આવો એક સંઘ સ્થાપવા માટે વાત કરી. ત્યારે બાપુજીએ કહ્યું કે, સંઘ લડવા માટે ન સ્થપાય; ઊંચે ચડવા કે ઉન્નતિ કરવા માટે સંઘની સ્થાપના કરાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી, સંઘની સ્થાપના કરવા માટે તો ત્યાગ કરવો જોઈએ. આ ત્યાગ માત્ર પૈસાનો કે માબાપનો નહીં, પણ મોટાઈ, મારાપણું વ૦નો ત્યાગ કરવો જોઈએ. દા. ત. લોઢાના અનેક ટુકડાનો એક ટુકડો કરવો હોય, તો દરેકને ગાળવો પડે છે. પણ તે બધા જ્યારે મારાપણું છોડી દે છે, ત્યારે તરત જ ઓગળી જાય છે અને એકરસ થઈ જાય છે.

આપણે પણ સંઘ રચવા માટે એકબીજાના વિરોધી સ્વભાવો છોડવા જોઈએ. આવો સંઘ સ્થાપીને આપણે હરિચરણમાં રહી શકીએ.

હરિચરણમાં રહેવા માટે, ઈશ્વરનાં જે મુખ્ય કામો સર્જન અને સંરક્ષણ છે, તે કરવાં જોઈએ. આ કાર્યો કરનાર જ હરિ-ચરણમાં રહી શકે.

પછી બીજી લીટી છે:– 'સંગે હરિપ્રણયમાં રમીએ તમે અમે.' એટલે કે આ બંને કાર્યો કરીને આપણે પ્રેમમાં રમીએ. આ પ્રભુ એક માળી છે. જેમ માળી પોતાનું સર્જન જોઈને ખુશ થાય છે, તેમ પ્રભુ પણ જ્યારે પોતાનું સર્જન પૂરેપૂરું ખીલી ઊઠેલું જુએ છે, ત્યારે ખુશ થાય છે. તેનું સર્જન કોણ? આપણે જ. એટલે પ્રભુને ખુશ રાખવા માટે, આપણે પણ ફૂલની જેમ ખીલેલા રહેવું જોઈએ. ખીલેલાં રહેવું એટલે જ પ્રભુના પ્રેમમાં રમવું.

પછી ત્રીજી લીટી–'સંગે પરાક્રમ ઘણાં કરીએ તમે અમે.' આપણે ભેગા થઈને પરાક્રમ કરીએ. ભેગા થઈને પરાક્રમ કરવું, એટલે સાથે મળીને પ્રભુએ સોંપેલું કામ સુંદર રીતે કરી બતાવવું તે

'તે સંગ ભંગ બનશો, ન કદી આપણો.' અમારો આ સંઘ કદી તૂટશો નહીં. અત્યારે તો સહેજ વાંકું પડતાં કેટલાય સંઘોમાં ભંગ પડે છે. આવું અમારા સંઘનું ન થશો. હે પ્રભુ! અમારામાં તાકાત નથી તે માટે અમે સંઘ રચ્યો છે. તેને તું તૂટવા ન દઈશ.

'તેજસ્વી પ્રાણવાન થાજો, સદા શિક્ષણ આપણું;
ન કદાપિ થજો ભિન્ન, વિદ્વેષે મન આપણું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે સવારથી સાંજ સુધી જે ક્રિયા કરીએ છીએ, તે શિક્ષણના રૂપમાં છે. માટે તે શિક્ષણ રડતું ન થાઓ, પણ તેજસ્વી થાઓ.

તેજસ્વી થવા વિષે ક્ષત્રિયો માટે એક શ્લોક છે :—

धैर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
ज्ञानमीश्वरभावश्च क्षात्रकर्म स्वभावजम् ॥

હું બીકણ નથી, હું મોટો છું, આવો ઈશ્વરભાવ આપણામાં આવવો જોઈએ. જેનામાં ઈશ્વરભાવ હોય, તે કદી મોળો ન હોય. દા. ત. તલવારને સરાણે ચડાવે છે ત્યારે જે અસલ લોઢાની હોય છે તેમાંથી તણખા ઝરે છે અને મોળા લોઢાની હોય છે તેની તો ધાર જ ખરી પડે છે. આપણું શિક્ષણ પણ અસલી લોઢા જેવું થવું જોઈએ, નહીં કે મોળું.

શિક્ષણ આવું કરવા માટે આપણાં મન દ્વેષરહિત થવાં જોઈએ. તેમ થાય તે માટે આપણે ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ.

પછી આપણે ગાઈએ છીએ :—

'અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ! લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરશનાં દાન દઈ જા.'

હે પ્રભુ ! આ દુનિયામાં જે વસ્તુ અસત્ એટલે કે કાયમ રહેનારી નથી તેમાં ન લઈ જતાં કાયમમાં સત્માં મને લઈ જા.

આ અસત્ એટલે શરીરભાવમાંથી મને સત્યભાવમાં એટલે આત્મભાવમાં – વિશ્વભાવમાં લઈ જા.

અજ્ઞાનરૂપી અંધકારમાંથી એટલે ઐહિક સુખોમાંથી તું મને જ્ઞાન તરફ એટલે પારલૌકિક સુખ તરફ લઈ જા. આ જગત સ્થૂળ, નાશવાન છે. તેમાંથી તું મને અવ્યક્ત બ્રહ્મ તરફ લઈ જા. તારા વનાનો હું આમ તેમ આથડું છું. તો તું મને દર્શન આપ, જેથી હું સીધે રસ્તે ચાલી શકું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું એક સામાન્ય માણસ છું, અને તેથી એમ માનું છું કે તારા વિનાનો છું, તેથી તારું ભાન કરાવ.

આ પછી સરસ્વતીની પ્રાર્થના છે. સરસ્વતી એટલે સરસ વાણી.

'જે અંતરે કરી પ્રવેશ સૂતેલ મારી,
વાણી સજીવન કરે નિજ ભર્ગ પ્રેરી,
જે રોમ રોમ મહીં પ્રાણ પૂરે પ્રતાપી,
તે શક્તિનાથ પુરુષોત્તમને પ્રણામ.'

પુરુષોત્તમ એટલે પુરુષોમાં ઉત્તમ. પુરુષ એટલે પુરી-ઈષ. આ પુરીમાં નવ દરવાજા છે. તેમાં રહેલો જીવાત્મા તે પુરુષ અને તેનો પણ ઈષ એટલે પ્રભુ. જે પુરુષોત્તમ છે, જે રોમ રોમમાં પ્રાણ-તાકાત પૂરી રહ્યો છે, તે જ સુપ્ત વાણીને જાગ્રત કરે છે.

જેમ નાના બાળકમાં ભાષા તો રહેલી છે, પણ તે બોલી શકતું નથી. છતાં કેટલીક વાર તે રડે છે અને અમુક વસ્તુ મળતાં બંધ થઈ જાય છે. એટલે રડવું તે પણ એક ભાષા છે. આ ભાષા પણ તારી પ્રેરણાથી બોલાય છે. તેમાં તું ભર્ગ ઉમેરે છે. ભર્ગ એટલે શિવ–કલ્યાણ. એટલે તું જ મારી પાસે કલ્યાણકારી વાણી બોલાવે છે. તેથી તને હું નમસ્કાર કરું છું.

આ પ્રાર્થના, આપણામાં જ્યારે ભાન આવે કે મારામાં કંઈ તાકાત નથી, ત્યારે જ થાય.

આપણામાં ઘણી નબળાઈઓ છે. તે જાણીને બેસી જ રહીશું, તો નહીં ચાલે. તેને કાઢવા પ્રયત્ન કરવો પડશે. આપણે ભીરુતા તરફ ન જવું જોઈએ. ઈશ્વરે દરેકને પોતપોતાના પગ પર ઊભા રહેવાની શક્તિ આપી છે. તે શક્તિનો ઉપયોગ કરવો, તે જ પ્રાર્થના. છતાંય ઠોકર ખાઈએ એમ બને. ત્યારે ભૂલ સુધારીને આગળ ચાલવું. પણ હમેશ ઠોકરો ખાતા રહેવામાં પણ નામોશી જ છે.

બાઇબલમાં પણ એક જગ્યાએ કહ્યું છે કે, ચાલતાં ચાલતાં ઠોકર ખાઈને પડે, તો પડીને બેસી ન રહેતાં ઊઠીને ચાલવા માંડજે. અર્થાત્ જ્યારે ભૂલ જણાય ત્યારે પસ્તાવો કરજે. આવો માણસ જ આગળ વધી શકે છે — પ્રગતિ સાધી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગા
22
२३४२२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय गुरुकुल कांगड़ी

આ જાતની એક વાત છે. પહેલાં એક વેશ્યા હતી. તે દોડવામાં બહુ જ હોશિયાર હતી. તેણે આખી દુનિયામાં જીત મેળવી હતી. તે એક વખત ગ્રીસ દેશમાં ગઈ. ત્યાં તેણે દોડનારાઓને આહ્‌વાન કર્યું. તેણે દોડનાર સાથે એક શરત કરવાની રાખી હતી. તે કહેતી કે, તેની સાથે હરીફાઈ કરનાર હારે તો તેણીનો ગુલામ થાય અને જીતે તો પોતે તેની ગુલામ થાય. આ રીતે તેણે અનેકને ગુલામ બનાવ્યા હતા. ગ્રીસ દેશમાં એક જણ તેની સાથે હરીફાઈ કરવા તૈયાર થયો. તેણે આગલે દિવસે દેવળમાં જઈ પ્રાર્થના કરી. ત્યાં તેને એક ગેબી અવાજ સંભળાયો કે, "તું નીચું જોઈને દોડજે; જા, તારી જીત છે."

બીજે દિવસે બંને જણે દોડવાનું શરૂ કર્યું. પેલી બાઈ તો આમ તેમ જોતી જાય અને દોડતી જાય. જ્યારે પેલો માણસ નીચું જોઈને દોડ્યે જતો હતો. પેલી બાઈ તો જોતજોતામાં આગળ ચાલી ગઈ. પણ રસ્તામાં તેણે એક સોનાની પાટ દેખી. તેણે થોભીને એ પાટ લીધી. એટલામાં પેલો માણસ સાથે થઈ ગયો. ત્યાં પછી બીજી સોનાની પાટ મળી. તે લેવા રોકાઈ. આ પ્રમાણે ચાલ્યા કરતું હતું. છેવટે પેલી બાઈ પાસે તો પાટોનો ભાર વધવા માંડ્યો અને તે થાકવા લાગી. પેલો માણસ આગળ થઈ ગયો અને જીત્યો. તેને પેલી બાઈ મળી અને સાથે સોનાની પાટો પણ મળી. અને જેટલા ગુલામો હતા, તે બધાને તેણે છોડી મૂક્યા.

આપણે પણ દુનિયામાં જીતવું હોય, તો નીચું જોઈને જીવવું જોઈએ. નીચું જોવું એટલે એકચિત્ત થવું. લોભ અને લાલચને વશ ન થવું. તેના સામે ન જોવું, ડાફરિયાં ન મારવાં. જે નીચું જોઈને ચાલે છે તેની ચાલ દુનિયાને ધીમી લાગે છે. છતાં દુનિયા તેને જ પગે લાગે છે.

પોતાને ભાગ જે કામ આવ્યું, તે સુંદર રીતે, નીચું જોઈને, એકાગ્ર થઈને કરી બતાવનાર દુનિયામાં પૂજાય છે.

એ પૂજાય છે કારણ કે તે ઈશ્વરની સાચી સેવા કરે છે, તે સાચી પૂજા કરે છે. આપણે પણ તેવી જ પૂજા કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિ કેળવો

અહીં આ વિદ્યાલયમાં પ્રાર્થનાથી કાર્યનો આરંભ થાય છે. કોઈ પણ કાર્ય જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાપૂર્વક અને નમ્રતા(ઉપાસના)પૂર્વક કરવામાં આવે, તો તે બળવાન અને પવિત્ર બને છે.

તમે વર્ધાયોજનાનાં મૂળભૂત તત્ત્વોની પ્રાપ્તિ માટે અહીં આવ્યા છો. પણ શિક્ષકના શીખવવાથી એની પ્રાપ્તિ નહીં થાય. એ તો જાતે શીખી લેવાનું છે. અહીંના શિક્ષકો તેમાં મદદરૂપ થઈ શકશે, એ શીખવાનું સહેલું કેમ થાય એનો વિચાર કરી વ્યવસ્થા કરશે, પણ એથી વિશેષ નહીં કરી શકે. જ્ઞાન આપ્યું અપાતું નથી. જ્ઞાન અંદર ઊગે છે. એ ઊગવામાં મદદ કરવાનું કોઈથી બની શકે, પણ ઉગાડવાનું કોઈ ન કરી શકે.

પણ જ્ઞાન ઊગે શી રીતે? એ પ્રશ્ન થશે. તો એ માટે ક્રિયા કરવી જોઈએ. કોઈ કહેશે કે હું જ્ઞાન મેળવ્યા પછી ક્રિયા કરીશ, તો તે જ્ઞાન નહીં મેળવી શકે. અને એવું કોઈ કરતું પણ નથી. ક્રિયા કરશે એટલે જ્ઞાન મેળવશે. અને એ જ્ઞાન થયા બાદ એ ક્રિયા ચાલુ રાખશે, તો તે પવિત્ર થશે, અને વિજ્ઞાનમય બનશે. એટલે અનુભવ-જ્ઞાન થશે. એવી રીતે સમજપૂર્વક કામ કરનાર જ્યાં જશે, ત્યાં જે ક્રિયા કરશે, તે જ્ઞાનપૂર્વક કરવાની શક્તિ મેળવશે.

જેમ કે રસોઈ કરવાનું કામ મારે ભાગે આવ્યું. હું રસોઈ કરું. પણ તે રસોઈ એવી સારી થવી જોઈએ કે ખાનારને તૃપ્તિ થાય, એવી પૌષ્ટિક થવી જોઈએ કે ખાનારને બળવાન બનાવે, અને એવા ભાવથી બનાવવી જોઈએ કે ખાનારના દિલને શાંતિ થાય. આવી ભાવના અને વિચારથી રસોઈ કરશે, તો તેને રસોઈ કરતાં આવડશે; એટલું જ નહીં પણ તેની ક્રિયા અનુભવવાળી અને પવિત્ર બનશે. એ ક્રિયા એને પોતાને ઉન્નત બનાવશે; અને એ રસોઈ જમનારને પણ ઉન્નત બનાવશે. આમ દરેક ક્રિયા વિષે થવું જોઈએ. આવી રીતનું વિજ્ઞાનમય જીવન એટલે વર્ધાયોજના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે દુનિયામાં ગમે ત્યાં હોઈશું અને ગમે તે ધંધો કરતા હોઈશું, તોપણ જો આપણે ઉપરની દૃષ્ટિ રાખીને જીવીશું, તો આપણને પોતાને તો લાભ કરીશું જ; અને જગતને પણ કરીશું. અને એ જ રચનાત્મક કામ થશે.

આપણે સવારથી સાંજ સુધી કંઈ ને કંઈ ક્રિયા કરીએ છીએ; તેમાં એ ક્રિયા કઈ દૃષ્ટિથી કરવામાં આવે છે, તેના પર એ ક્રિયાની મહત્તાનો આધાર રહે છે. એટલે આપણે એ દૃષ્ટિ કેળવવી જોઈએ.

તમે દત્તાત્રેયનું નામ સાંભળ્યું હશે. તેમને બધા ગુરુ દત્તાત્રેય કહે છે. એ ગુરુ કેવી રીતે બન્યા? કેમ કે તે ઉત્તમ શિષ્ય બન્યા હતા. એટલે તેમણે ઝાડ, નદી, વગેરેને જોઈને તેમની પાસેથી પાઠ મેળવ્યો. ઝાડ જોયું એટલે તેમને થયું કે આ ઝાડ મને શીખવે છે: "સૂર્યનો તાપ હું વેઠું છું અને લોકોને ઠંડક આપું છું. મારી છાયાનો લાભ સર્વને સરખો મળે છે. કોઈ મને પથ્થર મારે છે, કોઈ મને કાપે છે, તેનેય હું એટલી જ શીતળતા આપું છું—" એવી રીતે મારે પણ જગતને લાભ આપવો જોઈએ. એવી રીતે નદી, કૂતરું—જે મળે છે તેની પાસેથી તે શીખે છે. તેમને કોઈ શીખવતું નથી, પણ તે શીખી લે છે અને તેનો ઉપયોગ કરે છે. આમ શિષ્ય થવાની લાયકાત કેળવી, એટલે ગુરુ બન્યા.

એવી જ રીતે એકલવ્યે દ્રોણાચાર્યનું માટીનું પૂતળું બનાવીને તેમની પાસેથી વિદ્યા મેળવી એવી વાર્તા છે. એ માટીનું પૂતળું એકલવ્યને ભણાવતું હતું ખરું? નહીં. તેમાંથી તેણે પ્રેરણા મેળવી; જેમ પથ્થરની મૂર્તિમાં ઈશ્વરની કલ્પના કરી કેટલાક પ્રેરણા મેળવે છે અને જીવનને ઉન્નત બનાવે છે. કોઈને એ પથ્થરની મૂર્તિમાં પથ્થર જ દેખાય અને કોઈને તેમાં પ્રભુનો વાસ દેખાય. જેવી જેને કલ્પના હોય, તેવી તેને પ્રેરણા મળે. આમ કઈ દૃષ્ટિથી, કઈ ભાવનાથી આપણે દરેક વસ્તુને જોઈએ છીએ તેના પર આધાર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દૃષ્ટિથી જીવવાની કળા હાથ લાગે, તો ભણતર (જ્ઞાન) થયું જાણવું. વધુ સ્પષ્ટ કરવું હોય તો એમ કહી શકાય કે ક્રિયા એકડો છે અને જ્ઞાન શૂન્ય છે.

એકલી ક્રિયા જ કરે, કંઈ વિચાર ન કરે, તો એકની કિંમત વધે નહીં. હંમેશ એકડો રહે. જેમ કોઈ કાંતનાર બાઈ રોજ રેંટિયો ચલાવે, પણ રેંટિયાની દૃષ્ટિ અથવા તે વિષેની વિશેષ સમજણ ન કેળવે, તો રેંટિયામાંથી રોજી મેળવે, એથી વિશેષ કંઈ ન મેળવે.

પણ જો કાંતવાની ક્રિયા જ્ઞાનપૂર્વક કરીને રેંટિયાનું શાસ્ત્ર સમજે અને રેંટિયા પાછળની દૃષ્ટિ સમજે, તો તે રોજી મેળવે; ઉપરાંત સ્વરાજ મેળવે. એ રીતે આખું જીવન ઉન્નત થાય. જેમ વધુ જ્ઞાન તેમ વધુ ઉન્નતિ; અને તે મોક્ષનું સાધન પણ બની જાય. એટલે એકડા પાછળ જ્ઞાનનાં મીંડાં વધતાં જાય તેમ એની કિંમત તેટલા પ્રમાણમાં વધુ થાય. પણ રેંટિયો કાંતે જ નહીં અને એકલું જ્ઞાન મેળવે, તો તેની કિંમત શૂન્ય રહે.

વળી, "પ્રથમ જ્ઞાન મેળવીને પછી કાંતવાની ક્રિયા કરીશ" એવું કહેનાર એકડાની કિંમત ઘટાડીને દશમા ભાગની કરે છે. એટલે સાચી રીત એ છે કે ક્રિયા કરતાં કરતાં જ્ઞાન મેળવવું જોઈએ. એ માટે પ્રથમ ક્રિયા હોય, પછી અભ્યાસ હોય — આનું નામ વર્ધાયોજના.

'વર્ધાયોજના' શબ્દ તો વર્ધામાં દેશના કેળવણીકારોએ ભેગા થઈ ઠરાવ કર્યો તેથી આવ્યો. એનું ખરું નામ પાયાની કેળવણી (બુનિયાદી તાલીમ) છે.

આપણે હમણાં પ્રાર્થના કરી – ॐ सह नाववतु . . . 'આપણું સાથે રક્ષણ થાઓ' એ વર્ધાયોજના છે. પેલા વકીલ-ડૉક્ટરો પોતાના પડોશીઓ કે બીજા સાથે બેસીને એવી રીતે બોલી શકશે નહીં કે, 'આપણું સાથે રક્ષણ થાઓ.' કેમ કે તેમણે તો બીજાને લૂંટવાનું કામ આદર્યું હોય છે. એટલે સાથે રક્ષણ થવામાં કોઈ કોઈને લૂંટે નહીં, અને એમ થાય તો જ 'सह नाववतु' મંત્ર જીવનમાં ઊતર્યો ગણાય. જીભે બોલીએ એટલું ન ચાલે. જો વાણી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચારમાં તફાવત હોય તો તે દંભ ગણાય. એટલે જે 'सहनाववतु' શ્લોકનું રહસ્ય સમજ્યો છે, તે કદી દંભી નહીં બને. કેમ કે એ જીવન જીવતાં શીખ્યો છે.

અને જીવન જીવતાં શીખવું એ પાયાની કેળવણી થઈ.

કોઈ એવી સારી ખેતી કરે કે બીજા પણ તેનું જોઈ એવી ખેતી કરે, અને એ ખેતીથી એમનું, ગામનું અને બીજા બધાનું ભલું થાય, એ ખેતી ધર્મમય થઈ. હું નાની કેરીમાંથી મોટી કેરી પેદા કરું તો મારી ઇચ્છા તૃપ્ત થશે, અર્થ મળશે, અને જે એવી રીતે પ્રયત્ન કરશે તેનેય લાભ થશે. એ જ્ઞાનપૂર્વકની ક્રિયાથી મોક્ષ તરફ જઈ શકાય. પણ હું તમાકુ પેદા કરું તો જે વાપરે તેને નુકસાન થાય, એટલે તેવી ખેતી ધર્મમય નહીં ગણાય. અને એનાથી કામનાની તૃપ્તિ નહીં થાય. આ બંને રીતમાં કેરી મોટી કરવામાં મેં બુનિયાદી તાલીમ આપી.

વળી, બુદ્ધિથી કેટલાંક કાર્યો યોગ્ય લાગતાં હોય, જરૂરનાં હોય, એનાથી લાભ થતો હોય, છતાં સમાજના ડરથી લોક નથી કરતા.

જેમ કે મારી બા માંદી છે. તેનો સાલ્લો ધોવાનો છે. હું જાણું છું કે ધોવો જોઈએ. પણ લોકો મને 'બાયલો' કહેશે એ ડરથી હું ધોવા ન જાઉં અને કોઈનો ઓશિયાળો બનીને ધોવરાવી લઉં, અથવા પૈસા ખરચીને ધોવરાવી લઉં, તો સમજવું કે મારામાં હજુ બુનિયાદી તાલીમની દૃષ્ટિ નથી આવી.

વર્ધાપદ્ધતિ ઓશિયાળી વૃત્તિ કાઢનારી છે અને સ્વાવલંબન-વૃત્તિ પેદા કરનારી છે. ભયને ઠેકાણે નિર્ભયતા લાવનારી છે.

આપણાં શાસ્ત્રોમાં ચાર પુરુષાર્થ ગણાવ્યા છે—ધર્મ, અર્થ, કામ અને જ્ઞાન.

મોક્ષ એ ચોથો પુરુષાર્થ ગણાય છે. પણ ખરી રીતે તે પુરુષાર્થ નથી, પણ ચાર પુરુષાર્થ કર્યા પછીનું પરિણામ છે.

'મોક્ષ' શબ્દ 'मुंच्' ધાતુ પરથી થયો. मुंच् એટલે છૂટવું, રાગદ્વેષમાંથી છૂટી જવું. એ જ્ઞાન સિવાય શક્ય નથી. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનને આપણે ચોથો પુરુષાર્થ ગણીએ છીએ. હવે ધર્મ, અર્થ, કામ અને જ્ઞાન એ ચારનો સ્વાભાવિક ક્રમ – કામ, અર્થ, ધર્મ અને જ્ઞાન છે.

સૌથી પ્રથમ કામ (ઇચ્છા) ઉત્પન્ન થાય છે. જેમ કે, બાળક જન્મે, પછી ધાવવાની ઇચ્છા થાય છે. તે તૃપ્ત કરવા અર્થ જોઈએ. એટલે દૂધ જોઈએ. માતા એને ધવરાવે એટલે એની કામના પૂર્ણ થઈ.

કામના તૃપ્ત કરે એનું નામ અર્થ. પૈસો અર્થ નથી. દાખલા તરીકે મને તરસ લાગી છે. હું તરસ છિપાવવા પાણી મેળવું તો અર્થ થયો. કોઈ પાણી લાવી આપે અને ત્યારે હું પીઉં તો નજર પાણી મેળવવા તરફ ન જતાં પૈસો મેળવવા પર જશે અને તેથી ઇચ્છા તૃપ્ત નહીં થાય. એટલે એ તૃપ્ત કરવા હું વળી નવા રસ્તા શોધીશ. હું સોડા-લેમન પીશ, બીજું પીણું લઈશ અને અનેક પ્રયત્નો કરીશ. અને એ માટે વધારેમાં વધારે પૈસો મેળવવા પ્રયત્ન કરીશ. તોય સંતોષ નહીં થાય. આમ, એ રીતે 'દૂધ' અને 'પાણી' અર્થ કહેવાય.

જે અર્થથી કામના તૃપ્ત ન થાય તે અર્થ નહીં, પણ અનર્થ છે. આજે પૈસો અર્થ બન્યો છે. હું સો રૂપિયા મેળવું તોય તૃપ્તિ નથી થતી. જેમ જેમ પૈસો મેળવતો જાઉં છું, તેમ તેમ કામના વધતી જ જાય છે. ત્યારે આપણે સમજવું જોઈએ કે પૈસો એ સઘળા અનર્થોનું મૂળ છે. પૈસાથી તૃપ્તિ થાય જ નહીં. તેથી જે પૈસા મેળવી તૃપ્ત થવા પ્રયત્ન કરશે તે બીજાને લૂંટશે, ચૂસશે, અને અનેક અધર્મો આચરશે. છતાં છેવટે તો તે અતૃપ્ત જ રહેવાનો.

એટલે જ આપણી કામના (ઇચ્છા) એવી હોવી જોઈએ કે જે આપણને તૃપ્ત કરે અને અને તે પૂર્ણ કરવામાં બીજાની કામનાને પણ હાનિ ન પહોંચાડે. આ ધર્મ થયો.

આપણે એવી રીતે આપણી ઇચ્છા પૂરી કરવી જોઈએ કે કોઈની ઇચ્છાને નુકસાન ન થાય. એટલું જ નહીં, ઊલટું પ્રોત્સાહન મળે. ત્યારે તેવી કામના ધર્મમય થઈ ગણાય. એમાંથી જ્ઞાનનો જન્મ થાય છે. અને એ જ્ઞાન વડે જ તૃપ્ત થયેલી ભાવનાઓ ફરી ઉદ્‌ભવતી નથી. એને મોક્ષ કહેવામાં આવે છે. તે જેટલા પ્રમાણમાં તૃપ્ત થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલા પ્રમાણમાં મોક્ષ થયો. સંપૂર્ણ તૃપ્ત થાય એટલે કામનો જય થયો ગણાય. એટલે પુનર્જન્મ રહે જ નહીં.

આ બુનિયાદી તાલીમની અથવા પાયાની કેળવણીની દૃષ્ટિ છે. તે તમારે જ્ઞાનપૂર્વક કેળવવી જોઈએ. તમારે ધ્યાનમાં રાખવું કે, ક્રિયા કરતાં કરતાં જ્ઞાન મેળવવું; વાણી અને આચારમાં તફાવત ન રાખવો; સ્વાવલંબી થવું; નિર્ભય થવું; જીવન જીવતાં શીખવું; બીજાને નુકસાન થાય એ રીતે ન જીવવું. આમ કરો તો વિદ્યા તમને મુક્તિદાયી નીવડે. सा विद्या या विमुक्तये નો અર્થ એ જ છે. વર્ધાયોજનાની દૃષ્ટિ પણ એ જ છે.

૪

પગારનું રાજ્ય અને શિક્ષકધર્મ

यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि ।
यानि वंद्यानि कर्माणि तानि सेवितव्यानि नो इतराणि ॥

તમે અહીં આવ્યા છો તો અહીં રહો તે દરમિયાન કંઈ શીખવાં જેવું લાગે તે શીખી લેજો. એ કેવી રીતે ગ્રહણ કરવું એ ઉપરના શ્લોકમાં બતાવ્યું છે.

દરેક ગુણ અને અવગુણ, સારું અને ખોટું એમ બંને સાથે રહેલાં છે. એમ અહીં પણ તમને બંને દેખાશે. તેમાંથી તમે સદ્‌ગુણો લેજો અને દુર્ગુણો છોડજો. સદાચરણ તરફ જોજો, પણ દુરાચરણ તરફ નહીં.

જોકે એમ બનવાનો પણ સંભવ છે કે, જે સદ્‌ગુણ હોય તે દુર્ગુણ જેવા લાગે અને દુર્ગુણને સદ્‌ગુણ માની લઈએ. પણ સદ્‌ગુણ ઓળખવાની અને તેને ઝીલી લઈ વળગી રહેવાની શક્તિ જોઈએ ખરી. જે સાચું લાગે તે કરવું જોઈએ અને અસત્ય લાગે તે છોડવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કેમ બને? ટેવથી. સંસ્કાર એવા પડચા જ કરે તો એ સહજ થાય. નાનપણમાં જ એવા સંસ્કાર પડચા હોય તો સહેલું પડે. મોટા પણ પ્રયત્ન કરે તો બને એમાં શંકા નથી જ.

પ્રહ્લાદની વાત તમે જાણતા હશો. તેને સમજાયું હતું કે રામનામ કોઈ પણ ભોગે ન છોડાય. તેના પિતાએ, ગુરુએ રામનામ છોડવા કહ્યું, અને તેમ કરવાની ના પાડતાં તેને અનેક દુઃખો આપ્યાં. તેમ છતાં તેણે તે છોડયું નહીં—એ પાયાની કેળવણી હતી.

અમારા એક મિત્ર કહે છે કે, પેશ્વાઈનું રાજ્ય તગારે ચાલ્યું, મુસલમાની રાજ્ય નગારે ચાલ્યું અને અંગ્રેજી રાજ્ય પગારે ચાલ્યું છે.

પેશ્વાઈમાં કંઈક કાર્ય કરવાનું હોય તો મોટાં મોટાં મકાનો બાંધે, એટલે સારું રાજ્ય ગણાય. કામ પ્રત્યે જોવામાં ન આવે, પણ મકાનોનો બાહ્ય ભપકો હોય તો સંતોષ માને. આજે આપણે ગાયકવાડી રાજ્યનાં મકાનો જોઈએ તો આનો તરત ખ્યાલ આવશે.

મુસલમાની રાજ્યમાં ધામધૂમ, દબદબો, દેખાવ વગેરે ખૂબ હતાં.

અને અંગ્રેજી રાજ્યમાં પગાર મુખ્ય છે. જેનો પગાર વધારે તે માણસ મોટો. પોતાનું રાજ્ય ચલાવવા જેની જરૂર પડી, તેને તેમણે પગાર આપ્યો. અને તેથી તો વાઇસરૉયને આખી દુનિયાના નોકરો કરતાં વધુ પગાર આપે છે. તલાટીને ગામના શિક્ષક કરતાં વધુ મળે એવી જોગવાઈ રાખી છે.

અંગ્રેજોને ઊંચી કેળવણીવાળા શિક્ષકોની જરૂર હતી. તેથી તેમને માટે અભ્યાસક્રમ કર્યો, તેમને ઘડચા, પગાર વધુ આપ્યો. પણ પ્રાથમિક શિક્ષણ તરફ દુર્લક્ષ્ય રાખ્યું. કારણ કે તેમની તેઓને ખાસ જરૂર ન હતી. તેથી તેઓના શિક્ષણ માટે શિક્ષકો પણ બિનઘડાયેલા રાખ્યા. તેઓ ઓછી તાલીમ પામેલા અને ઓછા ખપના હોવાથી તેમને પગાર પણ ઓછા મળ્યા. ઓછા પગારને કારણે તેઓ હંમેશ અસંતોષી રહ્યા; એટલે તેઓ જ્ઞાનના અભાવે અને અસંતોષને કારણે વિદ્યાર્થીઓને પૂરતું જ્ઞાન આપી શકચા નહીં; અને તેને લીધે તેઓ સમાજમાં અને વિદ્યાર્થી આલમમાં પ્રતિષ્ઠા મેળવી શકચા નહીં; અને તેમનું ઘડતર એવું થયું કે તે નથી પોતાને ખપ આવતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી છોકરાંને ખપ આવતા; અને નથી સમાજનેય ખપમાં આવતા. એ ઘડતી વખતે ભાન પણ ન રહ્યું કે આથી સમાજને જ નુકસાન છે. એથી છેવટનું પરિણામ તો એ આવ્યું કે શિક્ષકનો આખો વર્ગ નિસ્તેજ થયો.

પહેલાંના જમાનામાં શિક્ષકવર્ગ (બ્રાહ્મણવર્ગ) ગરીબ હતો. પણ તે રસ્તે જતો ત્યારે લોકો તેને 'જય જય' કહેતા અને પગે લાગતા.

આપણાં શાસ્ત્રોમાં એવી એક વાર્તા છે કે, એક ઋષિ વસ્તીથી દૂર આશ્રમ ચલાવતા હતા. ત્યાં વિદ્યાર્થીઓ ભણવા રહેતા હતા. તે ગુરુકુળવાસ ગણાતો હતો. એક વખત તે પ્રદેશનો રાજા ત્યાં જઈ ચઢ્યો અને તેમની દિનચર્યા જોઈ ખુશ થયો. તેના દિલમાં તેમના તરફ લાગણી થઈ આવી અને તેમને કેવી રીતે મદદ કરું એમ વિચાર આવ્યો. એટલે તે ઋષિ પાસે જઈને પગે પડ્યો. પછી જણાવ્યું કે, "ગુરુજી, હું આ દેશનો રાજા છું. આપનું કાર્ય જોઈને મને બહુ આનંદ થાય છે. હું આપની શી સેવા કરું? આપને અહીં ખૂબ તકલીફ પડતી હશે. એ તકલીફ દૂર કરવા માટે જે જરૂર હોય તે જણાવશો, તો મને આનંદ થશે અને હું મારી જાતને ભાગ્યશાળી માનીશ." ઋષિએ કહ્યું: "હું તો આખો દિવસ વિદ્યાર્થીઓની સાથે રહું છું. અહીં શાની જરૂર છે તેની મને ખબર નથી. એ તો મારી સ્ત્રી જાણે. તે ઘર ચલાવે છે." રાજા ગુરુપત્ની પાસે જઈ પગે લાગીને બોલ્યો—"આપને હું શી સહાય કરું?" પત્નીએ કહ્યું, "મારે કંઈ જરૂર નથી, અને તકલીફ પણ નથી. કેમ કે ઋષિ મને કંઈ તકલીફ આપતા જ નથી. એમને વેળાએ જે ભોજન હોય તેનાથી સંતોષ થાય છે. કોઈ દિવસ કંઈ માગણી કરતા નથી."

આ જમાનો હતો. અને એ વખતે બાળકોની કેળવણી એવા ઋષિઓ પાસે થતી હતી.

આજે તો પગારનું રાજ્ય આવ્યું; એટલે દરેક જણ પગાર સામું જુએ છે. કામ શું કર્યું તેના સામું કોઈ જોતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી આજની સ્થિતિમાં શિક્ષકો વિશે કોઈને માન નથી. તેમ છતાં લોકો એ જ શિક્ષકો પાસે ભણવા માટે પોતાનાં બાળકોને મોકલે છે. 'કંઈ ભણતરમાં ભલીવાર આવતો નથી, નિશાળમાં માસ્તરો કશુંય ભણાવતા નથી'–તેમ કહે છે. છતાં છોકરાંને નિશાળે મોકલે પણ છે. કેમ? કશું સૂઝતું નથી તેથી મોકલે છે.

લગ્ન વખતે બ્રાહ્મણ જોઈએ, તેના વિના ચાલે નહીં, તેથી તેને બોલાવે છે. તેની પાસે ગણપતિ ચિતરાવે છે, વિધિ કરાવે છે. શાથી? તેના વિના ચાલે નહીં એમ માને છે. તેથી તે કામ કરાવે છે. પણ તેની જરૂર નથી લાગતી. તેથી તે ક્રિયા કરાવે છે છતાં તે પ્રત્યે માન કે રસ નથી હોતાં. તેને વાજાં મંગાવવામાં, જમાડવામાં રસ છે, તેની જરૂર લાગે છે; એટલે તેનો વિચાર ઠીક ઠીક કરે છે; પણ બ્રાહ્મણ વિશે કે વિધિ વિશે વિચાર નથી કરતો.

એવું જ એ બ્રાહ્મણને પણ એ વિધિ કરાવતાં છતાં તે પ્રત્યે શ્રદ્ધા નથી. એ બ્રાહ્મણને પણ ગણપતિ અને વિધિ પ્રત્યે ભક્તિ નથી. તેથી તે ગણપતિ કેવા ચીતરવા તેનો વિચાર નથી કરતો; પણ કેટલા પૈસા મળશે તેનો વિચાર કરે છે અને તે પૈસાના પ્રમાણમાં વિધિ કરાવે છે. ૧૧ રૂપિયામાં લગ્ન કરી આપે અને ૫૧ રૂપિયામાંય કરી આપે. તેમ છતાં ગણપતિ અને બ્રાહ્મણ સિવાય લગ્ન થાય નહીં, તેથી તે લગ્નમાં હોય જ છે.

એવું જ આજે શિક્ષકોનું છે. શિક્ષણ સિવાય ચાલે નહીં એમ સમાજ માને છે. એટલે શિક્ષક રોકે છે, પણ તેને માટે અથવા તે શું ભણાવે છે તે વિશે તેને કંઈ પડી નથી. શિક્ષકને પણ પોતે શું ભણાવે છે તેની પડી નથી. પણ શું મળશે તેની જ ફિકર કરે છે. એ રીતે તેને પણ વિદ્યા પ્રત્યે પ્રેમ નથી રહ્યો. આજે એવું પણ માનનારો વર્ગ છે કે પગાર વધે તેમ શિક્ષણ વધે. મોટા પગારવાળો સારું ભણાવે અને ઓછા પગારવાળો કંઈ નહીં જાણતો હોય, એમ મનાય છે.

આ રીતે શિક્ષક-ધર્મ નાશ પામ્યો. આ દેશને અંગ્રેજી રાજ્યે બહુ ભારે નુકસાન કર્યું હોય તો તેણે શિક્ષકધર્મનો નાશ કર્યો તે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ગાંધીજી ફરીથી શિક્ષક-ધર્મ સ્થાપવા માગે છે. એમના જીવનમાં મહાનમાં મહાન કાર્ય જો કોઈ હોય તો તે કેળવણીની દૃષ્ટિમાં આ મહત્ત્વના ફેરફારનું છે.

આજે તો કેળવણી ક્યાં છે? આજે શું કેળવાય છે? શરીર, મન, બુદ્ધિ, હૃદય—એમાંનું એકે અંગ કેળવાતું નથી. આજે દશ ગાઉ જવું હશે, ખાસ કામ હશે; પણ શરીર ના પાડશે. તેની એટલી તાકાત નહીં હોય.

અમુક વ્યસન છોડવું એમ મનમાં ઘણુંય થાય; પણ તે છૂટતું નથી. મનની એકાગ્રતા નથી રહી, એ ભમ્યા કરતું હોય છે, એટલે નિશ્ચયબળ હોતું નથી.

આપણી બુદ્ધિ કુશાગ્ર નથી થઈ. ઝીણામાં ઝીણા ઉકેલ કરવાનું કામ આપણે કરી શકીએ નહીં. જરાક વિચાર કરવાનો વખત આવે, તો મગજ થાકી જાય છે.

આ ઉપરાંત આપણામાં સંજોગો ઓળખવાની શક્તિ પણ નથી રહી. સંજોગો પ્રમાણે આપણે આપણી જાતને ગોઠવી શકતા નથી. મુશ્કેલીઓ દેખીને ગભરાઈ જઈએ છીએ.

આમ શિક્ષક તન, મન કે બુદ્ધિ એકેય રીતે કેળવાયો નહીં. અને તેને દેશનું ખમીર—બાળકો સોંપવામાં આવ્યાં. જેમ કોઈને તરતાં ન આવડતું હોય, તે નાનાં નાનાં બાળકોને લઈને નદીમાં પડે, તો તેમની શી ગતિ થાય? એ પોતે તો ડૂબે જ અને સાથે બાળકોનેય ડુબાડે. એવી સ્થિતિ આજના શિક્ષણની છે. શિક્ષક પોતે કેળવાયો નથી અને તેને બાળકો કેળવવા માટે સોંપ્યાં છે. કોઈ બુદ્ધિશાળી આવું કરે ખરા?

પણ અંગ્રેજોએ આપણને ભણાવ્યું છે કે શિક્ષણ તો મહેતાજી જ આપી શકે. આથી ગજબ નુકસાન થયું છે. આજે તો એમ. એ. કે બી. એ. ભણી હોય તેવી સ્ત્રી પણ પોતાના બાળકને માટે ટ્યૂશન રાખે છે. કેમ કે તે એમ સમજે છે કે બાળકોને કેળવવાનું કામ માસ્તરનું છે. આવું હું જ્યારે જોઉં છું ત્યારે આ રાજ્યે ભયંકર નુકસાન કર્યું છે તેનો ખ્યાલ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી તમને ખબર હશે કે બાહ્ય ક્રિયા મહત્ત્વની નથી. તમે મહેનત કરો તે તો ઠીક છે, પણ તે કયા ભાવથી અને કયા હેતુથી કરો છો એનું મહત્ત્વ વિશેષ છે. એટલે હેતુ અને દૃષ્ટિ દરેકમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તમે બધા નિશાળોમાં ભણાવો છો તેમાં અમુક કલાક નિશાળમાં બેઠા, અમુક પાઠ ગોખાવ્યા કે વંચાવ્યા, એનો આજે હિસાબ લેવાય છે. પણ તમે કેવા હેતુથી, કેવી દૃષ્ટિથી અને કઈ ભાવનાથી ભણાવો છો, એ વિચાર કરશો તો ખબર પડશે કે, આપણા શિક્ષણમાં બાળકોને, માબાપોને રસ નથી આવતો તેનાં પણ કારણો છે.

અહીં વિદ્યાલયમાં ચાર બાળકો છે. તે સવારથી ઊઠીને સાંજ સુધી કંઈક ને કંઈક કામમાં રહે છે. તે ગાળ નથી બોલતાં. તે ચોરી નથી કરતાં. તે આનંદથી ભણે છે. તેમને ભણતરનો બોજો નથી. તેમને શું ખાવાનું મળે છે, તેનીય ફિકર નથી. જે મળે તેથી આનંદ માને છે. તે પોતાનાં કપડાં કરી લે છે. તે શુદ્ધ ઉચ્ચારથી વાંચે છે, શુદ્ધ લખે છે. આ બધું તે સહજ રીતે કરે છે. તે આખો દિવસ ક્યાં હોય છે, તેની કોઈનેય ખબર નથી; પડતી; પણ તેના તરફ દૃષ્ટિ હોય છે, અને તેના વિકાસમાં મુશ્કેલી ન આવે એ માટે એનો રસ્તો સાફ રાખવાનું વડીલો કરે છે ખરા. એમને ભણાવવા માટે મારવા કે ધમકાવવાનાં હોતાં જ નથી; છતાં તે ભણે છે. તેમને મોડું ખાવા મળે, ઊંઘ આવતી હોય અને બેસી રહેવું પડે તેનુંય દુઃખ નથી થતું. પણ એ તો એમ જ હોય – એમ સમજે છે. આવું ઘડતર તે જ પાયાની કેળવણી છે.

આજે તો નિશાળમાં શિક્ષકો મારે છે. તેનું કારણ તેમનો બાળક પ્રત્યે પ્રેમ છે એ નથી, પણ બાળકનાં તોફાન અને અજ્ઞાન ઝીલવાની કે તેને યોગ્ય રસ્તે વાળવાની અશક્તિને કારણે મારે છે. શિક્ષકને પાયાની કેળવણી મળી હોય, તો બાળક જોતાં તેને પોતાનું અને પોતાના જમાનાનાં બાળકોનું બાળપણ દરેક ક્ષણે યાદ આવે; અને પોતે કેમ વર્તતા હતા, તેનો વિચાર તેની સાથે હોય. તો તે બાળકને મારશે જ નહીં. કારણ કે તેને કોઈ મારે એ તેને ગમતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતું. આવી દૃષ્ટિ ત્યારે જ આવે, જ્યારે તેને પાયાની કેળવણી મળે.

તમે જાણો છો કે માણસના દિલના ભાવ જીવનમાં શો મહત્ત્વનો ભાગ ભજવે છે?

આપણને આપણી મા પીરસે, સ્ત્રી પીરસે, બહેન પીરસે, અને વીશીમાં વીશીવાળો પીરસે, તે દરેકમાં ભેદ છે.

મા પીરસે ત્યારે એના દિલમાં એવો ભાવ હશે કે, મારો દીકરો વધુ કેવી રીતે ખાય, જેથી તે વધુ સારો થાય. એ હેતુથી તે પટાવશે, આનંદ કરાવશે; અને એ રીતે વધુ ખવરાવવા પ્રયત્ન કરશે. અને આપણે પણ આનંદથી જમીશું. એમાં કંઈક ઊણપ હશે તોય ખ્યાલ નહીં આવે.

સ્ત્રી પીરસશે ત્યારે આપણે જરા મિજાજમાં હોઈશું. એટલે અમુક નથી, અમુક કેમ નથી કર્યું—વગેરે કહીશું. અને સ્ત્રી પણ નોકરની જેમ બીતી બીતી પીરસતી હશે. રખે ને કંઈ ભૂલ નીકળશે, રખેને ક્રોધ કરશે—એમ બીતી હોય છે અને પીરસે છે.

નોકર રસોઇયો હશે, તો આપણે તેની પાસેથી પ્રેમની આશા નહીં રાખીએ. જેવું હશે તેવું નભાવી લઈશું. પગાર પ્રમાણે આપણને તે રાંધી આપશે. એમાં પ્રેમ નહીં હોય. પણ રોટલી કાચી છે, શાકમાં વઘાર બરાબર નથી—કહી ધમકાવીશું; અને બોર્ડિંગમાં હોઈશું તો ઘરની સ્થિતિ ભૂલી જઈને રોટલી કાચી છે કહી ફેંકી દઈશું; રોટલા નથી ભાવતા કહી, છણકા કરી ઊઠી જઈશું.

વીશીમાં આપણે જમવા જઈશું, ત્યાં વીશીવાળો આપણે ઓછું કેમ કરીને જમીએ એનો જ વિચાર કરશે. એટલે ત્રણ વખત માગીશું ત્યારે માંડ એક વખત આપશે. ત્યારે આપણે, પૈસા આપીએ છીએ એમ માનીને, વધુ ને વધુ માગીશું.

હવે, રસોઈ એક જ છે; પણ જુદા જુદા ભાવોની જુદી જુદી અસર થાય છે; અને પાચનક્રિયામાં પણ એ ભાવ મહત્ત્વનો ભાગ ભજવે છે.

૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્નમાંથી શરીર, મન અને બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એટલા માટે આહારશુદ્ધિ જરૂરી છે, અને 'અન્ન એવા ઓડકાર'ની કહેવત છે.

આપણે જે ખોરાક ખાઈએ છીએ, જે ભૂમિ પર રહીએ છીએ, જે સમાજમાં ઊછરીએ છીએ, એ બધાની અસરો બાળકના મન પર પડે છે; અને તેમાંથી જ તેનું ઘડતર થાય છે. તેના જન્મ પહેલાં તેના ગર્ભવાસમાં પણ માતાપિતાના વિચારો અને ખોરાકના સંસ્કારો પડે છે.

માનસશાસ્ત્રમાં, બાળકનું ઘડતર સાત રીતે થાય છે, એમ ગણાવે છે. મા, બાપ, કુટુંબ, મહોલ્લાનાં છોકરાં, ગામ-દેશનું વાતાવરણ અને ગુરુ – આ બધામાં જેની જેટલી અસર થાય છે, તેટલું ઘડતર થાય છે. બધામાં 'મા' મહત્ત્વનું ઘડતર-કાર્ય કરે છે.

આજે તો માબાપો નાનાં બાળકોને નિશાળમાં મોકલે છે કારણ કે ભણાવવાનું કામ એમનું નહીં, પણ માસ્તરનું છે, એવી સમજ છે.

એટલે માબાપ જેવું જીવન જીવતાં હોય, તેના તેમનાં બાળકો પર સંસ્કાર પડે છે; તેની તેમને ખબર પડતી નથી. અને નિશાળમાં બાળક જાય છે, ત્યાં શિક્ષક સોટી લઈને બારણામાં બેસે છે. એ દૃશ્ય એવું છે કે જાણે બહારની વિદ્યા છોકરામાં પેસી ન જાય એ માટે શિક્ષક બારણા આગળ બેસીને ચોકી કરે છે; અને વિદ્યાર્થી જરાક ઊંચી નજર કરી, બારણા સામે જુએ, તો તરત તેને ધાંટો પાડી 'બહાર શું જુએ છે?' કહી, ધમકાવે છે.

આ કરુણ દૃશ્ય છે. પણ આજના શિક્ષણની આ સ્થિતિ છે. આ સ્થિતિ મિટાવવા માટે પાયાની કેળવણીની જરૂર છે. આ કેળવણી તમે લો. પણ તમે શિક્ષક મટીને વિદ્યાર્થી બનશો, તો તમે શીખી શકશો. આજે તો તમે મોટા થયા છો, એટલે તમારે માટે તે પ્રૌઢ-શિક્ષણ છે. એ પ્રૌઢશિક્ષણનો અર્થ પણ એ છે કે જમાનાને ઓળખીને તે પ્રમાણે ચાલવું. તેમાં અક્ષરજ્ઞાન બહુ ઓછો ભાગ ભજવે છે, પણ મુખ્યત્વે તો દૃષ્ટિ મેળવવાની છે.

આ દૃષ્ટિ મળી હશે, તો પછી વિદ્યા, જ્યાં હશે ત્યાંથી તમે મેળવશો. આજે તો પાણીમાં ઊંધો ઘડો પડેલો છે. એટલે મહેનત કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં ટીપુંય પાણી અંદર નથી જતું. તમે અહીં કદાચ ઝાઝું નહીં શીખો તો કંઈ નહીં, પણ ઊંધો ઘડો છે તે છતો થઈ જશે, તો પાણી તો ગમે ત્યાંથી પણ ભરાશે. આ સાડા ત્રણ માસમાં એટલું થશે તોય ઘણું છે. એટલું થશે તો પાયાની કેળવણીની શરૂઆત થઈ ગણવી. બાકી તમે રેંટિયો સરસ કાંતશો કે ખાદી સરસ વણશો, પણ જો એ દૃષ્ટિ નહીં હોય અને 'નોકરી કરવી છે' એમ કહીને કામ કરશો, તેથી કંઈ વળવાનું નથી. પણ જો પાયાની કેળવણીની દૃષ્ટિ સમજાઈ હશે અને તમે તમારો ધર્મ સમજ્યા હશો, તો પેલું શોભવાનું છે, કેમ કે તમે તે રસથી કરવાના છો. અને એ જ ફળદાયી થશે, એ જ તમારા પોતાના જીવનમાં રસપ્રદ થશે.

૫

યોજનાની આવશ્યકતા

કોઈ સારો ઇજનેર હશે, તો તે ઘર બનાવતા પહેલાં ઘર કેવું બનાવવું છે, કેટલા ખર્ચમાં બનાવવું છે, કેટલા ખંડ જોઈશે, કેટલી અને ક્યાં ક્યાં બારી રાખવી છે, કબાટ ક્યાં મૂકવાનું છે, ચૂલો ક્યાં, પુસ્તકો ક્યાં, કપડાં ક્યાં રાખવાં છે, વગેરે બધી ઝીણી ઝીણી વિગતોનો મનમાં નકશો તૈયાર કરશે; પછી તે કાગળ પર ચીતરશે; નકશો જોઈને કોઈ પણ સમજી શકશે, કે આ ઘર અમુક પ્રકારનું થવાનું છે.

નકશો તૈયાર થઈ ગયા પછી, તે મકાન કરવા લાગશે; અને એમ કરશે એટલે મકાન જોઈએ તેવું, તેટલી સગવડવાળું, ઓછે ખર્ચે સહેલાઈથી વ્યવસ્થિત તૈયાર કરી શકશે.

પણ એક અણઘડ માણસ ઘર બાંધવાનો વિચાર કરશે, તો ઈંટો લાવી પાયા પૂરવાનું શરૂ કરશે. જેમ જેમ મકાન તૈયાર થતું જશે, તેમ તેમ નવા ઉમેરા આવશે. તેમાં કોઈ નવું જરૂરી બતાવશે, તોપણ સુધારો કરવો મુશ્કેલ થઈ જશે; અને યોજના વિના અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડચણો પડશે; અને ઘર બનશે, તો ઇચ્છા છતાં પૂરતી સગવડો નહીં રાખી શકે; અને ખર્ચની ખબર નહીં પડે, તો અધવચ પણ અટકી રહેશે. કોઈ જાતની યોજના વિનાનું કામ આવું થશે.

એવી જ રીતે બાળકને ઉછેરતા પહેલાં તેને કેવો બનાવવો છે, અને એવો બનાવવા માટે શી શી તૈયારી કરવી, એ બધાનો માબાપે વિચાર કરવો જોઈએ.

પાયાની તાલીમ પામેલાં સ્ત્રીપુરુષ પોતાના બાળકની કલ્પનાનો નકશો હૃદયમાં તૈયાર કરશે, અને એ નકશા મુજબની હૃદયની તૈયારી કરી લેશે. નહીં તો પેલા અણઘડ માણસના જેવી સ્થિતિ થશે. એટલા માટે વાંઝણી કરતાં પ્રજાવાળી સ્ત્રી સારી ગણાય છે. કેમ કે વાંઝણી સ્ત્રી યોજના વિનાની અથવા અનુભવ વિનાની ગણાય છે. એ સિવાય એ મહેણાનો બીજો અર્થ નથી.

માબાપે પોતાના બાળકને સાચો બનાવવો હોય, તો તેમણે સાચા બનવું જોઈશે; અને ઉદાર બનાવવો હશે તો તેમણે ઉદાર બનવું જોઈશે. એ ક્રિયા દ્વારા શિક્ષણ થયું. વળી માબાપે બાળકને એવી રીતે ઘડવું જોઈએ કે તેનું હૃદય ખુલ્લું થઈ જાય, જેથી તે નવા નવા અને સારા ભાવો ઝીલી શકે. આમ ખુલ્લું હૃદય કરવું એ પણ પાયાની કેળવણી છે.

શ્રી. નરહરિભાઈ પ્રોફેસરની વ્યાખ્યા આપતાં એક વખત મને કહેતા હતા કે તે ભણાવે નહીં, પણ ભણવાની રીત બતાવે. વંચાવે નહીં, પણ વાંચવાની રીત બતાવે. આમ દરેક વિષે રીત બતાવે, એટલે દૃષ્ટિ આપે. જે દૃષ્ટિ આપે તે પ્રોફેસર. આજે પાયાની કેળવણીમાં જીવવાની રીત–દૃષ્ટિ બતાવવાની છે. એ કોણ કરી શકે? જે એવી રીતે જીવવાનો પ્રયત્ન કરતા હોય તે બતાવી શકે. એવું જીવન જીવનારા શિક્ષકો વિદ્યાર્થીઓને જીવવાને લાયક બનાવશે. આજે તો લાયકાતનું માપ જુદું છે. મારો દીકરો ફાઇનલ થયો, બી. એ. થયો–એમ લાયકાત માપે છે. પણ ફાઇનલ અને બી. એ. થયા છતાં જીવન જીવતાં ન આવડે તો? પણ આજે તો ફાઇનલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય એટલે અમુક પગાર મળે, બી. એ. થાય એટલે અમુક પગાર મળે અને એ પગાર પ્રમાણે ચઢતી-ઊતરતી લાયકાત મપાય છે.

પણ પગારથી કંઈ થોડું જીવી શકાય છે? તમે જાણો છો કે આજે ૩૦ રૂપિયાના પગારવાળાને પણ પૂરું થતું નથી અને રૂ.૨૫૦)ના પગારવાળાને પણ પૂરું થતું નથી. અરે, લાખોપતિ પણ પૈસા મેળવવા માટે વલખાં મારે છે. એક પ્રોફેસર બિચારો માંદો પડ્યો. તે ત્રણ માસ માંદો રહ્યો. એટલામાં એટલું બધું ખર્ચ થઈ ગયું કે તેને ચાલુ પગારમાં તૂટ પડી અને પ્રોવિડન્ટ ફંડમાંથી રકમ ઉપાડવી પડી. જો પગારથી જિવાતું હોત તો તેમ ન બનત. પણ વૈભવમાંય રહેવાય અને ગરીબાઈમાંય રહેવાય – એવી રીતે જીવન જીવવાની આવડત કેળવવી જોઈએ.

અમે નાના હતા ત્યારે શું ખાઈશું, કેમ જીવીશું, એનો વિચાર આવતો ન હતો. આજે તો નાનો વિદ્યાર્થી પણ કેટલું કમાઈશ એનો વિચાર કરે છે. કેમ કે તે શરીર નભાવવા પૂરતું ખાતો નથી. શરીર તંદુરસ્ત રહે, એ માટે કામ કરતો નથી. કપડાંની જરૂર છે માટે પહેરતો નથી. તે તો સ્વાદ માટે ખાય છે; અને ખાય છે, તેમ સ્વાદ વધે છે, અને તેમ ખર્ચ પણ વધે છે. આમ દરેક બાબતમાં બને છે. તેથી તેની જરૂરિયાતો વધતી જ જાય છે. તેથી ગમે તેટલો પગાર પણ તેને ઓછો પડે છે. ઓછામાં ઓછી જરૂરિયાતો રાખીને જીવવાનું તેને સૂઝ્યું નથી. પણ જરૂરિયાતો વધારવામાં પ્રતિષ્ઠા મનાય છે. કેમ કે તેને પાયાની કેળવણી મળી નથી. એવી જીવનઘડતરની કેળવણી તમારે મેળવવાની છે અને તે બાળકોને આપવા લાયક થવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६

કર્મ-કૌશલ્યની આવશ્યકતા

માણસ કાર્યથી ટકે છે. કાર્ય જેટલું સુંદર, કુશળતાવાળું અને ઉન્નતિકર હોય, તેટલે અંશે તે કાર્ય કરનારો માણસ પણ સુંદર, કુશળ અને ઉન્નત થાય છે.

કોઈ માણસ એમ માને કે, સાધન સારું હોય તો કામ સારું થાય, વધારે કિંમત આપે તો સારું કામ થાય, તો તેમાં દોષ રહેલો છે. પૈસા ઘણા ખર્ચ્યા હોય, સારાં સાધનો હોય, પણ માણસ કુશળ ન હોય, અને તે કાર્ય તરફ ભક્તિ રાખનારો નહીં હોય, તો તે કાર્ય બગડવાનું છે. પણ માણસ કુશળ હશે, અને તે કાર્ય પાછળ ભક્તિવાળો હશે તો જે સાધનો હશે તેમાં પણ સુંદર કાર્ય થશે એમાં શંકા નથી. જે માણસ સાધનનો દોષ કાઢીને કામ સારું ન થયાનો બચાવ કરે છે, તે કામમાંથી પોષણ પણ નહીં મેળવી શકે અને પ્રતિષ્ઠા તો તેને મળશે જ નહીં.

તમે જાણો છો કે સોની, લુહાર, સુથાર, વાણિયો વગેરે સવારે ધંધો શરૂ કરતાં પહેલાં પોતાનાં સાધન શુદ્ધ બનાવે છે અને જે ધંધામાંથી પોષણ મળે છે તેનાં સાધનોને પગે લાગે છે. કેમ કે તે સમજે છે કે એના વડે તેનું પોષણ થાય છે. એટલે તે પ્રાર્થના કરતાં ઇચ્છે છે કે: ભગવાન! મને એવી શક્તિ આપ કે આ સાધનથી હું શોભું અને મારા વડે આ સાધન શોભે. આ તેના અંતરની પ્રાર્થના હોય છે. એ પ્રાર્થના એ ધંધા પ્રત્યેની ભક્તિ સૂચવે છે. આવું દરેક ધંધા વિશે હોવું જોઈએ.

તમે બધા શિક્ષકો છો. સાચી રીતે કહીએ તો શિક્ષકનું કામ ધંધો નથી પણ ધર્મ છે. તેમ છતાં આજે તેનો ધંધા તરીકે વિચાર કરીએ, તોપણ તે ધંધાને પ્રતિષ્ઠા મળે અને તેમાંથી તમને પોષણ મળે, એ માટે તમારો એ ધંધા પ્રત્યે ભક્તિભાવ હોવો જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમાં કુશળતા મેળવવી જોઈશે. આજે તો એ એમાંથી એકે નથી. આજે તો આપણાં હથિયાર તેજહીન છે અને આપણે ઉત્સાહહીન છીએ. તેથી શિક્ષકનો ધંધો હલકો બન્યો છે અને એ ધંધા પ્રત્યે કોઈને પણ માન નથી રહ્યું.

હવે આપણે સમજવું જોઈએ કે, જગતમાં બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે. એવા પવિત્ર કામને આપણે લાયક બનવા શું કરવું જોઈએ?

ગીતાજીમાં કહ્યું છે કે योगः कर्मसु कौशलम्। કર્મમાં કુશળતા એ યોગ છે. આપણા હાથમાં શિક્ષણનું કામ આવ્યું છે, તો એમાં કુશળ થઈએ.

કુશળ શબ્દની ઉત્પત્તિ 'કુશ'માંથી થઈ છે. પહેલાંના જમાનામાં દાભ (કુશ)ની સળીનાં આસન બનાવતા. વિદ્યાર્થીઓ ગુરુને ઘેર ભણવા જાય, ત્યારે તે આસન બનાવવા માટે કુશ લાવતા. તે જરા અણીદાર હોય છે. તેમાં જો જરા પણ બેદરકાર રહે, તો આંગળી કાપે. એટલે આંગળી કાપે નહીં અને જોઈએ તેટલો દર્ભ – કુશ લઈ આવે તે કુશળ – કુશ લાવનારો ગણાતો.

આપણે ધંધામાં કુશળ હોઈએ, પણ તે ધંધા પ્રત્યે ભક્તિ ન હોય, તો સંભવ છે કે આપણે તે ધંધાને શોભાવી નહીં શકીએ. સરકસવાળો ઘોડાને ટેકવે છે, અને અજાયબી પમાડે તેવાં કામ ઘોડા પાસે કરાવે છે, પણ એથી ઘોડાનું શું કલ્યાણ થયું?

એવી જ રીતે સરકારે આપણને પોતાને ખપ આવે એવા બનાવ્યા – ઘડચા. પણ આપણે આપણા ધંધાને શોભે એવી કુશળતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કર્યો નહીં.

ગીતાજીમાં કહ્યું છે કે स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः। પોતપોતાના કર્મમાં રત થયેલો પુરુષ સિદ્ધિ મેળવે છે. આપણે આપણા કર્મમાં – ધંધામાં સિદ્ધિ મેળવી નહીં, એટલે પ્રતિષ્ઠા ન મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેથી પોષણ પણ ન મળ્યું; તેથી અસંતુષ્ટ થયા અને આત્મા ખોયો. આમ આપણે તેજ ગુમાવ્યું છે.

હવે આપણે કેળવણી લેવાની આવી છે; તેમાં આપણે કુશળતા પ્રાપ્ત કરીએ.

આપણે વિદ્યામંદિરની પ્રાર્થનામાં ગાઈએ છીએ કે, "તેજસ્વી પ્રાણવાન થાજો, સદા શિક્ષણ આપણું." એનો અર્થ એ છે. આપણું શિક્ષણ એવું હોવું જોઈએ કે અંધકારમાં — મુશ્કેલીઓમાં પણ માર્ગ બતાવે અને એ માર્ગે આગળ વધે. ત્યારે જ તે તેજસ્વી અને પ્રાણવાન થયું ગણાય.

કેટલાક એમ પણ માનતા હોય છે કે, સારી સોબતમાં માણસ રહે એટલે સારો થાય. આ વાત સંપૂર્ણ સાચી નથી. તેથી તેને સારો થવાનો અવકાશ મળે, તક મળે; પણ પોતે તેવો થવા ઇચ્છે તો જ થાય. નહીં તો મહાત્મા ગાંધી પાસે રહે તોય ચોરી કરે, એમ બને. એના દિલમાં સારા થવાનું ઊગવું જોઈએ. એ ઊગવા માટે તેને પાયાની કેળવણીની જરૂર છે.

કેટલાક માણસો વાચાળ હોય છે. તે દેખાવે બહુ કુશળ લાગે, પણ ખરેખર તેવા હોતા નથી. કોઈ મોટા માણસ આવે એટલે પ્રશ્નો પૂછે, એના જવાબ સાંભળે, અને સંતોષ મેળવી લે. આમ પ્રશ્નો પૂછવાની ટેવ પણ પડી જાય. પણ તેથી તે કંઈ પ્રગતિ ન કરી શકે.

એ માટે તો તેણે પ્રશ્ન પૂછતા પહેલાં પોતાને તે સંબંધી પ્રશ્નો પૂછવા જોઈએ; મંથન કર્યું હોવું જોઈએ; અને અનેક પ્રશ્નોત્તરી તેના મગજમાં થઈ ગયા પછી પણ સંતોષ ન થાય ત્યારે તેણે ગુરુ શોધીને પ્રશ્ન પૂછવો જોઈએ. તે જ સાચો પ્રશ્ન હશે અને એનો ઉત્તર સાંભળતાં જ તેને એ ઉત્તરનો વિચાર તો થઈ ગયેલો જણાશે. એટલે તેમાંથી બીજો પ્રશ્ન ઊગ્યો હશે. આમ કરતાં અમુક જવાબે તેનો સંતોષ થશે. આવી રીતે ચિંતન કરવાથી બુદ્ધિ ઘસાઈ ઘસાઈને તીક્ષ્ણ બને છે અને તે એટલી ઝીણી થઈ જાય છે કે છેવટે તે આત્મા સુધી પહોંચી જાય છે. આત્માને પ્રત્યક્ષ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કુશળતા મેળવવા માટે અંદર શોધવાની જરૂર છે – ચિંતન-મનન કરવાની જરૂર છે. જે એ પ્રમાણે કરે છે, તે કુશળ થાય છે.

કોઈ કહેશે કે બધાનામાં શું સરખી કુશળતા હોય છે? ચિનગારી, પ્રકાશ, જ્ઞાન તો સૌ કોઈમાં પડ્યું છે. તે પર ઓછેવત્તે અંશે રાખ ફરી વળી હોય છે. એટલે તે રાખ ઉડાડવાની ઝડપ અને આવડત પર તે ચિનગારીની કામ આપવાની ઝડપનો આધાર છે. ચિનગારીમાં પ્રકાશ આપવાની પૂરેપૂરી શક્તિ હોય છે. દરેક માણસમાં અપાર શક્તિ છે જ. એ શક્તિ ઓછેવત્તે અંશે વિકાસ પામેલી હોય એટલો જ ફેર છે.

એટલે આપણા બધામાં એ શક્તિ છે. એ પર રાખ ફરી વળી છે, તે દૂર કરવા માટે અંદર શોધો; અને શોધશો તો ચિનગારી મળશે જ; અને શોધશો તો એ પ્રમાણે શોધતાં બાળકોને પણ શીખવી શકશો.

આજે તો ભણતરમાં દિવસે દિવસે એવી વ્યવસ્થા વધતી જ જાય છે કે બાળકને કશાનો વિચાર જ ન કરવો પડે. ગણિતનો દાખલો ગણવો હોય તો રીત અને જવાબ બધું જ તૈયાર આપી દે. એટલે તેને પોતાની બુદ્ધિ કસવાની જરૂર જ ન પડે. આવા ભોમિયા (ગાઈડો) દરેક વિષયના બહાર પડે છે અને શિક્ષક પણ તેનો ઉપયોગ કરવાનું વિદ્યાર્થીઓને શીખવે છે. કેમ કે તેમને ખોળવાની ટેવ નથી પડી. જેને ખોળવાની ટેવ પડશે, તે બીજાને ખોળતાં શીખવશે. એટલે તમે અહીં જે કંઈ જુઓ કરો, તે બધાનો વિચાર કરજો, સમજવા પ્રયત્ન કરજો; અને તેમ છતાં ન સમજાય તો પ્રશ્ન પૂછજો. તમને જવાબ મળશે જ. કેમ કે અહીંના એકેએક કાર્ય પાછળ ચોક્કસ દૃષ્ટિ રહેલી છે – પાયાની કેળવણી રહેલી છે.

આ ગામડાંની પછાત ગણાતી કોમમાં ૮-૧૦ વર્ષની ઉંમરનાં બાળકોને હું જોઉં છું ત્યારે તે ખૂબ તેજસ્વી અને બુદ્ધિશાળી લાગે છે. પણ પંદર વર્ષની ઉંમરનાં થાય છે, ત્યારે તેમનું તેજ દટાઈ ગયેલું જણાય છે. તે કશું નવું કરવાની, શોધવાની, વિચારવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિવાળાં નથી હોતાં. તેથી આખી જિંદગી સુધી, તેમના કોઈ પણ કામમાં કશો જ સુધારો-વધારો નથી થતો હોતો. આમ કેમ બને છે? કેમ કે તેની પાસે ચિંતન કરવાનો વિષય નથી આવતો, અને તેને પાયાની કેળવણી નથી મળતી.

गुरु केवा होय छे ?

આવી પાયાની કેળવણી લેતી વખતે શરૂઆતમાં કડણ-વસમું લાગે છે અને તે આપનાર ગુરુ બહુ કડક લાગે છે. ગુરુ કોના જેવા છે? નાળિયેર જેવા. નાળિયેરને ઉપર કઠણ પડ હોય છે, અંદર છાલ હોય છે. તેની અંદર કઠણ કાચલી હોય છે. એ ત્રણે પડ ભેદાય ત્યારે મીઠું ટોપરું મળે. એવું જ ગુરુને વિશે છે. ગાંધીજી પાસે રહેવું બહુ વસમું હોય છે. આમ તો ગાંધીજી બહુ સારા અને મહાન લાગે છે. એટલે કોઈ માને કે ગાંધીજી પાસે રહેવાની બહુ મજા પડે. પણ તેમની સાથે રહેવું એટલે અગ્નિ પાસે રહેવા — તરવારની ધાર પર ચાલવા — જેવું છે. પણ જો એમની પાસે રહેનાર ટકચો, તો કંચન જેવો શુદ્ધ થાય, અને તેજસ્વી થાય; કેમ કે તે કુશળ ગુરુ છે. કુશળ કુંભારનું વાસણ વખણાશે, પણ એ વાસણની કસોટી પણ આકરી થઈ હશે. એવી રીતે તેજસ્વી થવા માટે આકરી કસોટીમાંથી પસાર થવાનું હોય છે. પણ જો દૃષ્ટિ આવી હોય છે, તો એવી કસોટીઓથી તેનો આનંદ વધતો જ જાય છે.

रमतमां पण वेदान्त शीखवाय छे — સાચો ગુરુ નિશાળમાં નહીં, પણ રમતમાં વેદાન્ત શીખવી શકે. કેવી રીતે? सुखदुःखे समे कृत्वा, लाभालाभौ जयाजयौ । આ શ્લોક રમતમાં શીખવી શકાય.

બે હરીફો રમત વખતે એકબીજાને હરાવવા પૂરેપૂરો પુરુષાર્થ કરે; પણ જ્યારે એક જીતે, ત્યારે તેને આનંદ થાય; અને બીજો હારે, તોય તેને પણ આનંદ થાય. કેમ કે બંનેને પૂરો પુરુષાર્થ કર્યાનો સંતોષ હોય. એટલે તટસ્થ વૃત્તિથી રમતા હોય. તેઓ હાર કે જીતને બહુ મહત્ત્વની ન ગણે, પણ તે પોતે પૂરી શક્તિથી રમ્યો છે કે નહીં, તેના પર તેના આનંદનો આધાર હોય. આજે તો એક ગામનાં છોકરાં બીજા ગામમાં રમવા જાય છે ત્યારે તેને જીતવા ન દેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચું ખોટું કરે, ધાંધલ કરે અને હારે તો ધૂળ ઉછાળે છે — લાલચની દૃષ્ટિએ પાપ કરે છે. તે પાપ, દૃષ્ટિવાળા ગુરુની પાસે રહેલ વિદ્યાર્થી રમતમાં નહીં કરે. આવી રીતે રમતમાં આ દૃષ્ટિ જીવન સાથે વણાઈ જાય છે અને જીવન ઊજળું બનાવે છે.

જો આચાર્ય રમતમાં સત્ય પાળવાનું શિષ્યને શીખવી શકે, તો તે રમતથી તેનું જીવન સફળ થઈ જાય.

એ રીતે વિચારતાં તમને જણાશે કે, ભણાવવાનું કામ ફક્ત નિશાળમાં જ થાય એમ નથી. ડગલે ને પગલે – ચોવીસે કલાક દરેકનું શિક્ષણ ચાલે છે. જો તે સારું નહીં શીખે તો ખોટું શીખશે, પણ તે શીખશે જ. ખોટું જલદી શીખશે, પણ સારું શીખતાં વખત લાગશે. એ માટે યોગ્ય વાતાવરણ અને યોગ્ય દોરવણી જોઈએ. પાયાની કેળવણી જનતામાં ફેલાય, ત્યારે જ એ બને. તમારે જનતામાં – સમાજમાં એવી પાયાની કેળવણી ફેલાવવાનું કામ કરવાનું છે.

આ વખતની કેળવણી-પરિષદમાં શ્રી નાનાભાઈ ભટ્ટે શિક્ષકોની પ્રતિષ્ઠા વિશે એક વાત કહી હતી. તેમાં એમ કહ્યું હતું કે :—

એક વખત જહાંગીર બાદશાહ ઝરૂખામાં બેઠો હતો. તે વખતે એક ઘોડેસ્વાર માથે સુંદર ફેંટો પહેરીને જતો હતો. બાદશાહને ફેંટાનો રંગ બહુ જ ગમી ગયો. તેણે ઘોડેસ્વારને બોલાવ્યો અને તેને પૂછ્યું, "તેં તારો ફેંટો ક્યાં રંગાવ્યો છે?" તેના જવાબમાં ઘોડેસ્વારે એક રંગરેજ બાઈનું ઠેકાણું બતાવ્યું. બાદશાહે તે બાઈને બોલાવીને પૂછ્યું, "તું મને આવા રંગનો ફેંટો બનાવી આપે કે નહીં?" તે બાઈએ કહ્યું, "ઝીણી મલમલ લાવી આપો તો રંગી આપું, પણ તેના જેવો તો રંગ નહીં જ થાય."

બાદશાહ — કેમ નહીં થાય?

રંગરેજબાઈ — કારણ કે તેના પર તો બેવડા રંગ ચઢેલા છે.

બાદશાહ — મારા ફેંટાને ચાર વખત રંગજે.

રંગરેજબાઈ — બેવડા રંગ માત્ર તોલ-માપથી નાખેલા તે નહીં. તેમાં એક રંગ તો જે દેખાય છે તે અને બીજો રંગ તે આશકીનો. આશકીનો રંગ બધા પર ન ચઢે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત છે તો મામૂલી, પણ તે પરથી શિક્ષકોએ પણ એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. તે એ કે શિક્ષકોએ શિક્ષણના ધંધામાં આશક થવું પડશે. જેને તે રંગ લાગ્યો હશે તે જ સાચું શિક્ષણ આપી શકશે.

એક છોકરાએ નડિયાદમાં સ્વ. વિઠ્ઠલભાઈનું પૂતળું બનાવ્યું છે. તે છોકરો કંઈ એટલું બધું ભણ્યો નથી; તેના ગુરુને પણ ખ્યાલ નહીં કે મારો શિષ્ય આવું સુંદર કામ કરી શકશે. તેમ છતાં તેણે એ કામ કરી બતાવ્યું. કારણ કે તે તેના ધંધામાં આશક હતો. તેના ધંધામાં તેણે વફાદારી બતાવી.

વળી, તે છોકરાને જ્યારે ઇનામ આપવાનું ઠર્યું ત્યારે તેણે ઇનામ પોતાના ગુરુને અપાવ્યું. આ કંઈ લૂખી વફાદારી ન હતી.

વળી ગીતાકારે કહ્યું છે કે:

स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।

દુનિયાની જે કંઈ પ્રવૃત્તિઓ છે, તે બધી જ પ્રભુની છે. ત્યારે હું એવી કઈ પ્રવૃત્તિ કરું કે જેથી પ્રભુની પૂજા થાય? કારણ કે ઇશ્વર સર્વવ્યાપક છે. એવા ભગવાનને હું શું કરું? એવા પ્રભુની પૂજા માટે મારે પોતાનો ધંધો વફાદારીથી કરવો જોઈએ.

એટલે કે આ બધું પ્રભુનું જ છે. તેણે આપણને બધી સામગ્રી આપી છે. જેમ શેઠ રસોઇયાને રસોઈ માટે બધી જ સામગ્રી આપે છે. પછી રસોઇયો શેઠને ખુશ કરવા માટે બધી સામગ્રીનો પ્રમાણસર ઉપયોગ કરીને સુંદર રસોઈ કરે છે, તેમ આપણે બધી ચીજો લઈને વફાદારીથી વાપરીએ, તો તે પ્રભુ-પૂજા જ છે.

આમ શિક્ષણમાં તો ઘણી ચીજો સિદ્ધ કરવાની છે. તે ક્યારે બને? વફાદારીપૂર્વક અને ધર્મદૃષ્ટિથી શિક્ષકનો ધંધો થાય ત્યારે. અને તમે તો શિક્ષકો છો, તો તમારે ચિંતવન કરીને તેનાં તત્ત્વો શોધવાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

વાતાવરણની કેળવણી

માનસશાસ્ત્રની દૃષ્ટિએ માતા તરફથી, પિતા તરફથી, કુળ તરફથી, મહોલ્લા તરફથી, ગામ તરફથી, દેશ અને રિવાજથી કેળવણી પ્રાપ્ત થાય છે – એમ જણાવેલું છે. એ જ રીતે વાતાવરણથી પણ કેળવણી મળે છે.

હું હમણાં રાનીપરજ પ્રદેશમાં ગયો હતો. રાનીપરજ લોકો કાળીપરજ તરીકે ઓળખાતા હતા. કાળીપરજ શબ્દ તિરસ્કારસૂચક હતો. તેથી રાનીપરજ શબ્દ રાખ્યો.

આ કોમ તદ્દન કોરી સ્લેટ જેવી છે. તેમનાં દિલ તદ્દન સાફ હોય છે. પણ તે દારૂ-તાડીના અને ઉજળિયાત ગણાતા લોકોના શિકાર બન્યા. સરકારે દારૂ-તાડીના ઇજારા આપ્યા અને ધૂમ કમાણી કરી. ઇજારાવાળાઓએ તેમનો વેપાર કેમ વધુ ચાલે, તેનો જ વિચાર કર્યો. સરકારને તેમાં આવક મળી એટલે તેને ટેકો આપ્યો. ઉજળિયાતમાં વેપારી, ખેડૂત, અને અમલદારોએ તેમાં પૂરો ભાગ ભજવ્યો અને આ રાનીપરજ કોમને ચૂસવામાં તેમણે કશી મણા ન રાખી.

પણ આજે દેશમાં જે જાગૃતિનું મોજું ફરી વળ્યું છે, તેની અસર આ કોમમાં પણ પહોંચી છે; અને નવી કેળવણી શરૂ થઈ છે.

હું રેલવેથી પચીસેક માઈલ દૂર એવા નાના ગામડાની નિશાળમાં ગયો હતો. ત્યાં રાનીપરજ કોમનાં બાળકો શિક્ષણ લે છે. ત્યાં શિક્ષક તરીકે તે જ કોમના એક ભાઈ કામ કરે છે. તે બહુ ભણેલા નથી. પણ તેનામાં સેવાભાવના ભરેલી છે. હવે તો એમનામાં કવિઓ પણ થયા છે.

હું તે નિશાળમાં ગયો ત્યારે તેમણે પ્રાર્થના કરી અને સંવાદો કર્યા. એ પ્રાર્થના બહુ સાદી હતી. પણ જે શાંતિથી તેમણે પ્રાર્થના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી, જે વિનયથી આખો સમય વર્ત્યા, તે જોઈને મને થયું કે, આ શાન્તિ અને વિનયની કેળવણી તેમને મળી ગઈ છે. કદાચ કોઈ એમ ધારે કે તે શાન્તિ અને વિનય તેમનાં દબાયેલાં માનસને કારણે હશે, પણ તે તેમ ન હતું. તે તેમનામાં સહજ હતાં.

એવી જ રીતે હું જ્યારે બારિયા અને પાટણવાડિયા કોમમાં ફરતો હતો ત્યારે મારે તેમની સભાઓ કરવાના પ્રસંગો પણ આવ્યા હતા.

પચીસેક વર્ષ પરનો એક પ્રસંગ છે. એક વખતે વટાદરા ગામમાં પાટણવાડિયા ભાઈઓની સભા રાખી હતી. દૂર દૂરનાં ગામોમાંથી હજારો ભાઈઓ આવ્યા હતા. સાંજ પડી એટલે વાળુનો સમય થયો. થોડી બત્તીઓ હતી, તે ચાલુ કરી. ૪૦ મણ ચોખાનો ભાત રાંધ્યો હતો; અને એટલા ભાઈઓ જમનારા પણ હતા.

બધા જમવા બેસી ગયા. પીરસવાનું શરૂ કર્યું, ત્યારે કેટલીક બત્તી ઓલવાઈ ગઈ. હું તો હવે શું થશે એની ચિંતામાં પડ્યો. પણ લોકોએ તો અંધારામાં, મારા આશ્ચર્ય વચ્ચે, વાળુનું કામ શાંતિથી પતાવ્યું. કંઈ હોહા કે ધાંધલ ન થઈ. મુશ્કેલીમાં શાંતિથી કરવાની તેમની સહજ કેળવણી મને તેમાં દેખાઈ.

ત્યારે, આજના ભણતરે એ કેળવણી ગુમાવી છે. એ માટે આ સરકાર પર ક્રિમિનલ કેસ થઈ . એ કેળવણી કેવી રીતે ખોવાઈ ગઈ છે, તે એક પ્રસંગ પરથી સમજાશે.

હું ગામડામાં જન્મેલો અને ગામડામાં જ ઊછરેલો હતો. મારું ભણતર પણ ગૂજરાતી છ ચોપડી જેટલું થયેલું છે. એક વખત મારે અમદાવાદ શહેરમાં જવાનો પ્રસંગ આવ્યો. હું તો ત્યારે એમ માનતો હતો કે શહેરના લોકો બહુ ભણેલા અને સમજુ હોય. એમની આગળ હું ગામડિયા જેવો હતો.

હું અમદાવાદ ગયો ત્યારે પ્રેમાભાઈ હૉલમાં ગાંધીજીની સભા હતી. તે દિવસ સંવત ૧૯૭૨ના કારતક સુદિ ૧૫નો હતો. એ મને બરાબર યાદ રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીનું ભાષણ થવાનું હતું, એટલે લોકો ખૂબ આવ્યા હતા. હોલમાં ખુરશીઓ હતી તે બધી ભરાઈ ગઈ, એટલે ગરબડ શરૂ થઈ. એક એક ખુરશીમાં બબ્બે ત્રણત્રણ બેઠા. બેસવા માટે ધક્કાધક્કી શરૂ થઈ. તેમાં કેટલીક ખુરશી ભાગી. પાછળથી સિસોટીઓ વાગવા લાગી.

ત્યારે મારા ગામડિયા માનસમાં થયું કે આ શું? હું તો માનતો હતો કે ભણેલા બહુ વિવેકી હશે; બહુ સમજુ હશે. પણ મને તો આ દૃશ્ય તદ્દન ઊલટું જણાયું.

આ ઉપરથી જણાશે કે પહેલાં, વાતાવરણમાં વિનય, વિવેક, શાન્તિ અને મુશ્કેલીમાંય ધીરજ રાખવાની કેળવણી હતી.

આ જમાનાની કેળવણી પછી, એ સહજ કેળવણી આપણે ગુમાવી બેઠા; અને વાતાવરણમાં અશાન્તિ, અધીરાઈ, અને અવિનયની કેળવણી આવી છે. એમાંથી આજનાં બાળકો એ જ શીખે કે બીજું કંઈ?

એટલે આજે તો આપણે આખું વાતાવરણ બદલવાનું છે. એ વાતાવરણ ફેરવવાનો શિક્ષકોનો ધર્મ છે.

આજે રાનીપરજ કોમમાં એવું વાતાવરણ ઊભું થયું છે કે તેજસ્વી થવું, લૂંટાવું નહીં, માથું ઊંચું રાખીને ચાલવું. એ વાતાવરણમાંથી બે–પાંચ શિક્ષકો ઉત્પન્ન થયા છે. તેમાં એકાદ કંઈક ઠીક ભણેલો છે; બાકીના તો નહીં જેવું ભણેલા છે. જે ભણેલો છે, તેણે જીવનમાં કદી દુ:ખ દીઠું નથી. ઘરની સ્થિતિ સારી છે. પણ તેને દિલમાં થયું છે કે તે સમાજમાં તેજસ્વિતા લાવવી. એટલે તે, ૧૫ દિવસે ટપાલ આવે, એવા દૂરના ગામમાં જઈને બેઠો છે.. એ વાતાવરણ તૈયાર કરે છે.

વળી વાતાવરણ તૈયાર કરવા માટે શ્રદ્ધા અને જ્ઞાનની જરૂર છે. એ જરૂર આપણે પાયાની કેળવણી મારફત પૂરી પાડવાની છે.

એ કેવી રીતે બને?

આપણને ઈશ્વરે ૨૪ કલાકનો દિવસ આપ્યો છે. પશુપક્ષીને, માણસને, બધાંને સરખો સમય આપ્યો છે. એ સમય રોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછો થતો જાય છે; અને દરેકને જીવવાની ઇચ્છા તો છે જ. ત્યારે એણે શું કરવું જોઈએ? એ સમયનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ. નહીં તો જીવ્યા શું? વર્ષ કાઢ્યાં એટલે જીવ્યા નહીં. જેટલો સમય સન્માર્ગે ગયો, એટલું જીવ્યા. એ રીતે વિચાર કરીએ અને આપણી એકેએક ક્ષણનો પૂરો ઉપયોગ કરીએ તો જેટલું જીવ્યા એટલું પૂરું જીવ્યા ગણાઈએ. તે ઊંઘશે, તે પણ તાજો થવા પૂરતો જ ઊંઘશે; અને જેને એ રીતે જીવતાં આવડે તે પાયાની કેળવણી પામ્યો ગણાય.

ગાંધીજીએ એક વખત એક બાળકને આશીર્વાદ આપ્યા કે, 'તું ચિરંજીવી થજે.' એનો અર્થ એ થયો કે તું સમયનો પૂરેપૂરો ઉપયોગ કરજે.

આમ જે સમયનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે, તે બીજાને પણ એવી રીતે ઉપયોગ કરવાનું શીખવી શકે છે. એ જ શિક્ષક થયો. આ રીતે, ગાંધીજી એક સાચા શિક્ષક છે. તે જાજરૂ જાય છે, ત્યારે ટપાલ વાંચવાનું કામ કરે છે.

એક વખત તેઓ બોરસદ રહ્યા હતા. ત્યારે જાજરૂમાં 'જ્યોતિર્વિલાસ' નામનું પુસ્તક રાખેલું. ત્યાં જાય ત્યારે તે વાંચતા અને રાત્રે તે પ્રમાણે તારાઓનું નિરીક્ષણ કરતા. એ રીતે તેમણે આકાશ-દર્શન કર્યું. જમતી વખતે કે ફરવા જતાં, કોઈને કંઈ વાત કરવી હોય છે, તો તે સાંભળે છે. આમ તેઓ ક્ષણેક્ષણનો સંપૂર્ણ ઉપયોગ કરે છે. વળી તેઓ જમણો હાથ લખતાં થાકે છે, ત્યારે ડાબે હાથે લખે છે. એ રીતે જે અંગ થાકે, તેને આરામ આપે છે, પણ તે વખતે બીજા અંગ પાસે કામ લે છે. એમ તેમણે શરીરને ઘડ્યું છે. એથી તે વિશ્વના સાચા ગુરુ બની શક્યા છે. કેમ કે તેમની પાસે જે જે જાય છે, તે પેલી ટેવો જુએ છે, સમજે છે અને એવી ટેવો પાડવા પ્રયત્ન કરે છે.

'આચાર્ય' શબ્દનો અર્થ તમે જાણો છો? જે આચાર શીખવે તે આચાર્ય. તેની પાસે આપવાનું શું હોય છે? આચારની ટેવો. જેમ પૈસાદાર પાસે પૈસા આપવાના હોય છે, તેમ આચાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે સદાચાર શીખવાનો હોય છે. પણ એ માટે પ્રથમ પોતે ટેવો પાડવાની હોય છે; અભ્યાસ કરવાનો હોય છે. એ ટેવો જ્યાં ઘડી શકાય તેનું નામ તે શિક્ષણ સંસ્થા અથવા ટ્રેનિંગ કૉલેજ.

આજે તમે ટ્રેનિંગ કૉલેજમાં શું શીખો છો? ગણિત, માનસશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર.(?) ગણિત શીખેલો માણસ તેના જીવનમાં વ્યવસ્થિત હોય, ચોક્કસ હોય, તે ક્ષણેક્ષણનો ઉપયોગ કરનારો હોય. માનસશાસ્ત્ર શીખેલો બીજાનું માનસ સમજીને તેની સાથે કેમ વર્તવું તેનો વિચાર કરીને તે પ્રમાણે ચાલતો હોય. ન્યાયશાસ્ત્ર શીખેલાના જીવનમાં સામાને ન્યાય આપવાની વૃત્તિ કેળવાઈ હોય.

આજે આપણે એવું જોઈએ છીએ ખરા? આજે તો વિષયો ગોખવામાં આવે છે, શીખવામાં નથી આવતા. એટલે એ પણ વિદ્યાર્થીઓને શીખવી શકતા નથી, પણ ગોખાવે છે. ખરી રીતે શિક્ષણકાર્ય તો એવું હોવું જોઈએ કે, તે શીખવતાં શીખવતાં શીખતો જાય. શિક્ષક વિદ્યાર્થી પાસેથી શીખે અને વિદ્યાર્થી શિક્ષક પાસેથી શીખે. એમ શિક્ષક અને વિદ્યાર્થી બંને, પરસ્પર શીખે–શીખવે. કેટલાક કારીગરો એવા હોશિયાર હોય છે કે તે પોતે સરસ કામ કરી શકે, પણ બીજાને શીખવી ન શકે. તેથી કોઈ પણ માણસ ભણ્યો એટલે શિક્ષક થવાને લાયક થયો છે એમ ન ગણાય. પણ તે સ્વભાવે જ શિક્ષક હોવો જોઈએ.

તમે જાણતા હશો કે, બ્રાહ્મણધર્મ વિષે આપણા શાસ્ત્રમાં લખ્યું છે કે: તે ભણે અને ભણાવે, યજ્ઞ કરે અને કરાવે, દાન લે અને આપે – આ છ કર્મ બ્રાહ્મણનાં છે.

વૈશ્ય દાન આપે, લે નહીં; અને લે તો તે વૈશ્ય ન રહે. ક્ષત્રિય રક્ષણ કરે, કરાવે નહીં.

પણ બ્રાહ્મણ બંને કરે, એ એની વિશેષતા છે. દાન આપવામાં પાત્ર અને સમય જોતાં આવડે, તો સાચું દાન થાય. નહીં તો દાન લેનારને અને આપનારને બંનેને નુકસાન થાય.

એક વખત બુદ્ધ ભગવાન ભિક્ષા માગવા એક ગામમાં ગયા. એમને શરીરે તંદુરસ્ત જોઈ એક ખેડૂતે કહ્યું —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહારાજ, તમારું શરીર આવું સરસ છે અને મહેનત કેમ કરતા નથી? જુઓ, હું ભિક્ષા માગું છું ખરો? મારા બળદ ખેતીમાં મદદ કરીને મને પોષે છે અને હું તેમને પોષું છું. હું ખેતી કરું છું. મારાં ઝાડ જુઓ. તેમને હું પોષું છું અને તે મને ફળ આપીને પોષે છે. આમ તમેય મહેનત કરો ને?"

બુદ્ધ ભગવાને કહ્યું– તારી વાત તદ્દન સાચી છે. તું ખેતી કરે છે, એમ હું પણ ખેતી કરું છું. હું તારી પાસે દાન લેવા નથી આવ્યો. વળી જો દાન આપનાર અભિમાની થાય તો તેનું પતન થાય અને દાન લેનારનું પણ પતન થાય. એટલે હું તો મારી ખેતીનો માલ વેચવા નીકળ્યો છું. મારા શરીરને પોષવા માટે તું મને થોડું આપ અને હું તારા આત્માને પોષવા માટે તને થોડું આપીશ.

આમ બુદ્ધ ભગવાન શિક્ષક–ગુરુ–આચાર્ય હતા. તે સતત જાગ્રત હતા; અને એમણે એવું વાતાવરણ ઉત્પન્ન કર્યું કે દેશ–પરદેશના લોકોને શિક્ષણ મળ્યું; અને તે અનેકનાં જીવન પાર કરવામાં મદદગાર બન્યા.

આવા સતત જાગ્રત માણસો વાતાવરણ સર્જાવી શકે. પણ શા માટે સતત જાગ્રત રહેવું જોઈએ, એ પણ વિચારવું જોઈએ.

વાણિયો પોતાના વેપારમાં સતત જાગ્રત હોય છે. ખેડૂત પોતાની ખેતી માટે જાગ્રત હોય છે. બધા મિનિટે મિનિટનો ઉપયોગ કરતા હોય છે, અને શરીરનો ઘસારો પણ વેઠતા હોય છે. તેમ છતાં જો તેઓ શરીર અને સમયનો સાચો ઉપયોગ કરતા ન હોય, તો તે ઉપયોગ અને ઘસારો ન ગણાય.

શરીરનો સાચો ઉપયોગ કરે, તેને ઘસારો ન આવે; પણ તેનો અયોગ્ય ઉપયોગ થાય, તો તે ઘસાઈ જાય. તેણે શરીરનું કામ ગોઠવી નાખવું જોઈએ. તેમ કરવા માટે તે રોજનીશી રાખે. જેમ વેપારી પૈસાનો હિસાબ રાખે છે, તેમ તે સમયનો હિસાબ રાખે; તેનું સરવૈયું કાઢે. મહિને છ મહિને, બાર મહિને સરવૈયું કાઢતો રહે. એમ કરશે તો તેને સમય સાચવતાં અને તેને સારી રીતે વાપરતાં આવડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ તેનું આખું જીવન યોજનાબદ્ધ હોવું જોઈએ. સમૂહ-જીવનની યોજનાઓમાં વ્યક્તિને ગોઠવાઈ જતાં આવડવું જોઈએ અને તેણે તેમાં સમાઈ જવું જોઈએ. તેમ છતાં વ્યક્તિજીવનની યોજનાઓ તો હોય જ. તે યોજના પ્રમાણે વર્તવામાં મુશ્કેલીઓ આવે તો તેનો ઉકેલ કરતો જાય. એમ મુશ્કેલીઓનો ઉકેલ કરવામાં તેની બુદ્ધિ તીક્ષ્ણ થાય.

૮

સ્વચ્છતાની કેળવણી

પાયાની કેળવણીમાં એક સામાન્ય રીતે નજીવી ગણાતી સ્વચ્છતાનો વિચાર કરીએ.

સ્વચ્છતા કોને ગમતી નથી? બધાને સ્વચ્છતા પ્રિય છે. કોઈ સ્વચ્છતા રાખે, તો તે ગમે પણ છે. પણ તેનાથી રખાતી નથી, કેમ કે તેને તાલીમ મળી નથી.

તમે જાણો છો કે, કેટલાક પાન ખાનાર ભીંત પર થૂંકે છે અને ભીંત ગંદી બનાવે છે; એટલું જ નહીં પણ તે થૂંકનો લીટો કેટલો થયો તે એ જુએ છે. ટ્રેનમાં કેટલાક નાક સાફ કરવું હોય કે થૂંકવું હોય તો, બારી નજીક હોય તોપણ, બહાર મોં લઈ જઈ થૂંકશે નહીં, પણ બે પગ વચ્ચે નીચે થૂંકશે. તેને વિચાર નહીં આવે કે આ થૂંક અથવા લીંટ તેને નહીં તો બીજાને પણ ગંદા બનાવશે. આટલો વિચાર પણ તેને આવતો નથી. કેમ કે તેને તાલીમ મળી નથી.

બ્રાહ્મણ હશે, તે અબોટિયું પહેરશે. તે તેને ધોશે નહીં, છતાં પવિત્ર ગણશે. ગંદું અબોટિયું પવિત્ર શી રીતે? — એવો તેને પ્રશ્ન જ નહીં થાય. 'અબોટિયા'ના અર્થની પણ તેને ખબર નથી. જાજરૂ જશે, ત્યારે નાની ધોતી પહેરી, જનોઈ કાને ચઢાવી જશે. પણ નાક દાબીને જાજરૂમાં બેસી રહેશે. નરકવાસની વાત આપણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરાણોમાં આવે છે. તે આવા જ પ્રકારનાં નરક ગણાય. એ દુર્ગંધ દૂર કેમ થાય તેનો તે કદી વિચાર કરશે નહીં. એ જાજરૂ એવી રીતે બાંધેલું હશે કે તે કોઈ સાફ કરી શકે નહીં અને પોતે સાફ કરે નહીં. આમ, નરક ઊભું કરીને તેમાં તે બેસે છે. આમ કેમ બને છે? કેમ કે તેણે તેનો કદી વિચાર નથી કર્યો. એ તો 'એમ જ હોય' એમ માને છે.

તમે જાણો છો કે યુરોપિયનો આપણને તેમના દેશમાં હોટેલમાં પેસવા દેતા નથી, સાથે રહેવા દેતા નથી. તેનું કારણ આપણી ઉપરની ટેવો છે; અને એ ટેવોને કારણે આપણે અસ્પૃશ્ય જેવા ગણાઈએ છીએ.

તેમના દેશમાં મરેલું કૂતરું કે બિલાડું ક્યાંય રખડતું નહીં મળે. તે લોકો તેનો તરત નિકાલ કરી દેશે; અને આપણે તો કૂતરું મરી ગયું હશે અને તેમાંથી દુર્ગંધ છૂટતી હશે, તો નાકે ડૂચો દઈને એક બાજુ થઈને ચાલ્યા જઈશું. ફળિયામાં પડ્યું હશે તોય તેને ભંગી સિવાય કોઈ ઉપાડશે નહીં. ભંગી ન આવે તો આખો દિવસ તેની દુર્ગંધ વેઠીશું, પણ તેને દૂર લઈ જઈ યોગ્ય ઠેકાણે દાટી નહીં દઈએ.

આપણાં બાળકો સવારે ઊઠીને ઓટલા નજીક પેશાબ કરે છે; ત્યાં જ આપણે દાતણ કરીએ છીએ; અને ત્યાંથી જ માટી લઈ વાસણ સાફ કરવામાં આવે છે. આ આપણી સ્વચ્છતા! આમ કેમ બને છે? આપણને સ્વચ્છતાનું ભાન નથી. આ ભાન લાવવા માટે પાયાની કેળવણી છે.

તમે જાણો છો કે, ગાંધીજી રસોડાને જેટલું પવિત્ર માને છે, પુસ્તકાલયને જેટલું પવિત્ર માને છે, તેટલી જ પાયખાનાની જગાને પણ પવિત્ર માને છે અને રાખે છે. પાયખાનું એવું સ્વચ્છ હોવું જોઈએ કે ત્યાં બેસીને વેદ વાંચી શકાય.

આપણી ગંદી ટેવોને જોઈને તેમને કંપારી છૂટે છે; અને આપણી આ ગંદી ટેવો બાળકોને વારસામાં મળે છે; અને તે તેની તાલીમ બને છે અને ગંદકી એ સ્વાભાવિક બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે પૂંજાની – કચરાની વ્યાખ્યા જાણો છો? કોઈ ઉત્તમ ચીજ પણ અયોગ્ય સ્થાને હોય, તો તે પૂંજો બને છે. દુનિયામાં કોઈ ચીજ નકામી નથી; પણ તે યોગ્ય સ્થાને હોય તો જ.

રસ્તામાં છાણ કે મળ પડ્યો હોય અને તેમાં કોઈનો પગ પડે, તો તે પગ બગાડે; પણ તે ખેતરમાં પડે તો સોના જેવું ખાતર થાય. બાવળના કાંટા યોગ્ય સ્થાને હોય, તો ચોરને રોકે, નહીં તો પગમાં વાગે. સોનાની લગડી પણ રસ્તામાં પડી હોય તો વાગે, અને તેના પર કાળ ચઢે; પણ તિજોરીમાં હોય, તો હર્ષ થાય.

મૂએલું કૂતરું રસ્તામાં પડ્યું હોય તો દુર્ગંધ કરે, અને ફળાઉ ઝાડ નીચે દાટે તો સોના જેવું ખાતર બને અને ઝાડને સુંદર ફળવાળું બનાવે.

આમ, એકેએક ચીજ પૂંજો પણ બને છે અને ઉપયોગી પણ બને છે.

તમે જાણો છો કે અમુક ઠેકાણે જાજરૂ જવું, અમુક ઠેકાણે પેશાબ કરવો — એ ક્રિયામાં યજ્ઞ રહેલો છે. એ કેવી રીતે?

જે ચીજ પૃથ્વી પાસેથી લીધી, તે પૃથ્વીને પાછી આપવી જોઈએ. પૃથ્વી, સૂર્ય, અને આપણું શરીર વગેરેનો વિચાર કરીએ, તો આપણને ખ્યાલ આવશે કે, તે કેવાં મહાન કાર્યો કરે છે.

પૃથ્વીમાં મળ અને પેશાબ નાખો — તે ઝેરી હોવા છતાં બધાને પચાવીને તે જગતને ઉપયોગી ખાતર તૈયાર કરીને આપે છે. તેમાં સૂર્ય મદદ કરે છે. એમાંથી ખોરાક તૈયાર થાય છે કે જેનાથી આપણને પોષણ મળે છે. હવે એમાં પણ એવાં કેટલાંક નકામાં તત્ત્વો હોય છે, તે શરીરમાં જાય છે. શરીરની અંદર પણ એવું યંત્ર છે કે જે પોષક તત્ત્વો ચૂસી લે છે અને બાકીનો નકામો ભાગ તે મળ અને પેશાબના રૂપમાં બહાર કાઢે છે. તે જ પેશાબ અને મળ પાછાં પૃથ્વીમાં જાય છે — એમ ક્રમ ચાલે છે; આવી રીતે કોઈ ચીજ નકામી જતી જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આ ક્રમનો આપણે ભંગ કરીએ અને પેશાબ અને મળ ગમે ત્યાં ફેંકીએ અથવા જાજરૂ ગમે ત્યાં જઈએ, તો તે ગંદકી બની જાય છે અને દુર્ગંધ આપે છે.

એ દુર્ગંધ શી ચીજ તે જાણો છો? તેમાં બધાં રજકણો છે. હવા ફૂલમાંથી જેમ પરાગ ઉડાડે છે, અને તે સુગંધી ફેલાવે છે, તેમ પવન તે મળનાં રજકણોને પણ ફેલાવે છે. તેની વાસ આપણને આવે છે અને તે ગમતી નથી, તેથી તેને દુર્ગંધ કહીએ છીએ.

આમ જે માણસ મળ મૂત્રને યોગ્ય સ્થાને રાખે છે તે પૃથ્વીનું લીધેલું પાછું આપે છે; અને તેથી સમાજનું કલ્યાણ થાય છે. એથી ખોરાક બની શકે છે; તેથી તે યજ્ઞરૂપ બને છે.

આજના જમાનામાં સ્વચ્છતાનું શિક્ષણ સમાજને આપવા માટે મળ અને પેશાબનો ઉપયોગ શીખવવાની જરૂર છે. એને માટીથી ઢાંકવાં જોઈએ. જો તે પર માટી ન નાખીએ, તો તેના પર માખી બેસે છે, અને તે માખીના પગ પર મળનાં રજકણો ચોંટે છે. પછી તે ઊડીને આપણા ખોરાક પર બેસે છે. એ રીતે આપણી ગંદી ટેવોથી આપણને જ મેલું ખાવાનું મળે છે. આ વિચાર આવતાં કેટલી કંપારી છૂટે છે!

જો આપણે પાયાની કેળવણી પામીએ, તો મળ અને પેશાબનો યોગ્ય ઉપયોગ કરીશું. જ્યાં ત્યાં નહીં થૂંકીએ, જ્યાં ત્યાં ગંદકી-એંઠું નહીં ફેંકીએ.

આજે તો બાળકને જાજરૂ જવું હશે, તો મા કહેશે, "જા, દૂર બેસજે." તેની 'દૂર' ની વ્યાખ્યા 'પોતાના ઘરથી દૂર' એમ હોય છે. તે એમ વિચારતી નથી કે, તે પડોશીને, ફળિયાંવાળાને નુકસાન પહોંચાડશે. પાયાની કેળવણીમાં બાળકને પેશાબ ક્યાં કરવો, જાજરૂ ક્યાં જવું, થૂંકવું ક્યાં, વાસણ કેવી માટીથી સાફ કરવાં, એ બધું શિક્ષણ ક્રિયા દ્વારા આપવામાં આવે છે. એ શિક્ષણ બાળકને સહજ રીતે મળે તો કદી ગંદકી નહીં કરે. પણ બાળકોને શિક્ષણ આપે કોણ? આજે સ્વચ્છતા રાખે છે તે ભંગી હલકો ગણાય છે. મા બાળકનું મેલું ઉઠાવે છે, તે હલકી ગણાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકને આ સ્વચ્છતાનું શિક્ષણ આપવાનું હોય, તો તેનું નાક ચઢી જાય, એવી સ્થિતિ છે.

તેનું કારણ એ છે કે, તે જે કોલેજમાં ભણ્યો છે, ત્યાં તેણે કેવું જીવન ગાળ્યું છે? કેટલાક કૉલેજના વિદ્યાર્થીઓ એવા પણ હોય છે કે પોતાની પથારી ઘેરથી આવે ત્યારે પાથરે, તે છ મહિને ઘેર જાય ત્યારે વાળે! ત્યાં સુધી રોજ ખંખેરે પણ નહીં! ભલો હોય તો ચાદર કોઈક દિવસ ધોવા માટે કાઢે. તે પણ પોતે ન ધુએ. આવી તાલીમ પામેલો સ્વચ્છતાનું શિક્ષણ શી રીતે આપી શકે?

હાલ તમે ગામમાં ભવૈયા રમે છે, ત્યાં જોયું છે? ચારે બાજુ પેશાબ . . . પેશાબ દેખાશે. નાક ફાડી નાખે એટલી દુર્ગંધ હોય છે. પણ તે દૂર કેમ થાય તેનો વિચાર આપણામાંથી ઘણાને નથી આવતો; તેનું કારણ તેમની સ્વચ્છતાની ઇન્દ્રિયને કેળવણી નથી મળી — પાયાની કેળવણી નથી મળી તે છે.

આજે દેશના જીવનમાં સૌથી પહેલી અગત્ય શાની છે, તે જાણો છો? સ્વચ્છતાની. આજે ક્યાંય સ્વચ્છતા દેખાતી નથી. વ્યક્તિગત જીવનમાં નથી, તેમ સમૂહજીવનમાં પણ નથી. સ્વચ્છતા એવી હોવી જોઈએ કે તે પોતાને અને બીજાને નુકસાન ન કરે, પણ લાભ જ કરે.

આજે ભણેલો છોકરો ટાપટીપ કરે છે, પણ તેમાંય ગંદકી હોય છે. તેનું કારણ એ નહીં કે તે ગંદકી રાખવા ઇચ્છે છે; પણ તે ગંદકી છે એવું તેને ભાન નથી.

એક વખત વડોદરા શહેરમાં હું ચાલતો જતો હતો. તે વખતે એક હાઇસ્કૂલનો છોકરો ઝડપથી સ્ટેશન પર જતો હતો. તેણે ઇસ્ત્રી કરેલું ખમીસ અને સ્વચ્છ લેંઘો પહેર્યાં હતાં. વાળ ઓળેલા હતા, માથું ઉઘાડું હતું, અને તે ટ્રેન પકડવાની ઉતાવળમાં હતો.

તે ઝડપથી જતો હતો. એટલે તેના માથાના વાળ ઊડતા હતા; અને લાંબા હોવાથી આંખો સામે આવતા હતા. તે અટકાવવા તેણે ચાલતાં ચાલતાં આંગળી પર થૂંક લઈ વાળ પર ચોંટાડ્યું. પણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતું ન થયું એટલે ફરીથી થૂંક લઈને ચોંટાડયું; અને પછી ગજવામાંથી કાંસકી કાઢી, વાળ ઓળતો ચાલતો હતો.

આ ટેવ ગંદી છે. એવું તેને ભાન હોય, તો તે તેમ કદી ન કરે. એવી રીતે કેટલાક પોતાનો પરસેવો સૂંઘે છે, કેટલાક ટોપી ઉતારતાં સૂંઘે છે, કેટલાક પાઘડી ઉતારતાં સૂંઘતા હોય છે, કેટલાક ચાલતાં-બેસતાં ખજવાળ્યા કરતા હોય છે, કેટલાક જ્યાં હોય ત્યાં નાકમાંથી ગૂંગાં કાઢતા હોય છે. નિશાળમાં બાળકો સ્લેટ સાફ કરવા જીભ ફેરવે છે. પણ આ બધું જોતાં શિક્ષકને કંપારી છૂટે છે ખરી?

ટપાલની ટિકિટ પર એક બાજુ સરેશ ચોંટાડેલો હોય છે. તે ટિકિટ કે કવર ચોંટાડવા કહેવાતા ભણેલા લોકો પણ તેને જીભ પર ફેરવે છે. એ સરેશ શામાંથી બને છે, તે જાણો છો? તે ઢોરના માંસનો જ એક ભાગ છે. પણ તેને આવું જ્ઞાન નથી અને વિચાર પણ નથી; તે બેભાન છે. તે ગંદું હોવા છતાં જીભ પર મૂકતાં અચકાતો નથી.

નિશાળમાં છોકરાં ક્યાં પેશાબ કરે છે, તે તમે જાણતા જ હશો. તેઓ દરવાજા બહાર ચોખ્ખી જગા પર પેશાબ કરે છે. તે જ જગ્યાએ થઈને લોકો, વિદ્યાર્થીઓ અને આપણે પણ ઉઘાડા પગે જતા હોઈએ છીએ. પણ તે ગંદકી આપણે પોતે લઈએ છીએ અને બધે ફેલાવીએ છીએ, એનું આપણને ભાન નથી; તેથી તે ચલાવી લઈએ છીએ.

આજે તો પેશાબ અને મળ ગમે ત્યાં ફેંકાય, તે ક્રિયા ગમે ત્યાં કરવામાં આવે, તેમાં આપણને સંકોચ નથી થતો; અને નાક ચઢાવતા, ચોખ્ખાઈનું મિથ્યાભિમાન રાખતા બધે ગંદકી કરીએ છીએ; અને એ રીતે પોતાને અને સમાજને નુકસાન કરીએ છીએ. પણ જો તે યોગ્ય સ્થળે થાય, તો સોના જેવું ખાતર બને.

પરદેશમાં કોઈ ગમે ત્યાં પેશાબ કે જાજરૂ નહીં જાય. અરે, ગમે ત્યાં થૂંકશે પણ નહીં. તેને થૂકવું હશે, તો નિશ્ચિત કરેલી જગ્યાએ જ થૂંકશે. નિશ્ચિત જગ્યા દૂર હશે, તો થૂંકવા માટે તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખેલા કાગળના બીડામાં થૂંકશે; અને કચરો નાખવા માટે રાખેલો ડબ્બો હોય, તેમાં નાખશે. એક કાગળનો કકડો પણ ગમે ત્યાં નહીં ફેંકે. કેમ કે તેમને સ્વચ્છતાની કેળવણી મળી છે.

ખેડા સત્યાગ્રહ વખતે ગાંધીજી નડિયાદ અનાથઆશ્રમમાં રહેતા હતા. એક વખત હું ત્યાં ગયો. એવા મોટા માણસની સેવા કરવાની તક મળે તો કેવું સારું, એમ મારા મનમાં થતું હતું. એ વખતે એમને માટે દ્રાક્ષ ધોવાની હતી. મેં એ તક ઝડપી લીધી અને તરત દ્રાક્ષ લઈ હું ધોવા ઊઠ્યો. ગાંધીજી મારી ધોવાની ક્રિયા જોઈ રહ્યા હતા. મેં તો દ્રાક્ષ લઈને તરત પાણીમાં નાખી, અને હાથ વડે ઘસી ફરી બીજું સ્વચ્છ પાણી લઈને સાફ કરીને તેમની પાસે મૂકી.

તેમણે મને કહ્યું, "આ દ્રાક્ષ તેં ધોઈ કે બગાડી?" હું તો આ પ્રશ્ન સાંભળી મૂંઝાયો. મેં શી રીતે બગાડી, તેની મને કંઈ સમજણ ન પડી.

તેમણે કહ્યું, "તેં દ્રાક્ષ સાફ કરતા પહેલાં હાથ ધોયા ખરા?" (મને મનમાં થયું કે મારા હાથ સાફ હતા. પણ ખરી રીતે તે સાફ ન હતા. કેમ કે મેં એ હાથ કયારે ધોયા હતા? પણ હાથ પર મેલ છે, એનું ભાન તો હાથ ધોઈને પાણીમાં ટીપાં પાડીએ, ત્યારે ખબર પડે.) આ પ્રશ્નથી હું ચમક્યો અને શરમાયો.

આ વખતે બીજો એક પ્રસંગ યાદ આવે છે. એક વખત ગાંધીજી ડાકોર તરફથી આવતા હતા અને અમદાવાદ જવાના હતા. તેમનો સત્કાર કરવા આણંદના શ્રી. ચિમનલાલ દવે સ્ટેશને આવેલા. હું પણ ત્યાં હતો. ગાંધીજીના નાસ્તા માટે ચિમનલાલ કેરીઓ લાવ્યા હતા. તે કેરીઓ ધોઈને ગજવામાંથી રૂમાલ કાઢી સાફ કરવા લાગ્યા, એટલે ગાંધીજીએ તરત પૂછ્યું, "આ શું કરો છો? કેરીઓ સાફ કરો છો કે ગંદી કરો છો?" ચિમનલાલને આશ્ચર્ય થયું. ગાંધીજીએ ખુલાસો કર્યો કે, "આ ગજવાનો રૂમાલ સાફ છે ખરો?" ચિમનલાલ સમજી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ સ્વચ્છતાની ઇન્દ્રિયની કેળવણી આપણને મળી નથી હોતી, એટલે આપણને ખબર નથી પડતી કે આ ગંદકી છે. આ જ્ઞાન થવું જોઈએ. આ જ્ઞાન થયા પછી ગંદકી પણ ગંદકી મટી જાય છે.

ગાંધીજીએ એક વખત લખેલું કે, હિંદુસ્તાનમાં ચામડાનો ધંધો અજ્ઞાન ચમારને હસ્તક રહ્યો છે, તેથી તે તૂટી ગયો છે અને દેશને ભારે નુકસાન થયું છે. એટલે ભણેલા જુવાનોએ તે ક્ષેત્રમાં પડવું જોઈએ.

સાબરમતી જેલમાં મારી સાથે રહેલા એક વિદ્યાર્થીએ તે વિચાર ઝીલી લીધા અને તેણે તે કામમાં પડવાનો વિચાર કર્યો. તે જૈન વાણિયાનો દીકરો હતો. તેણે ચામડાનું કામ શીખવા જવાનો નિશ્ચય કર્યો. તેથી તેનાં માબાપને ભારે દુઃખ થયું. પણ તે તો બંગાળમાં સતીશબાબુના આશ્રમમાં પહોંચ્યો. ત્યાં તેને પહેલે જ દિવસે ભેંસ કાપવાનું કામ કરવાનું આવ્યું. તે કામ જોતાં જ તેને મૂર્છા આવી, પણ તે કામ તેણે છોડયું નહીં અને વળગી રહ્યો. કેમ કે તેને ભાન હતું કે, આ મૂર્છા આવવાનું કારણ અત્યાર સુધી અમુક રીતે જીવન વીતાવ્યું તે છે. પણ ચર્માલયનું કામ દેશના ઉદ્ધારની દૃષ્ટિએ જરૂરનું છે, એટલે તે શીખવું જ જોઈએ. આ જ્ઞાન હોવાથી તે શીખ્યો, અને આજે તે અનેકને શીખવે છે.

આનું નામ સમ્યક્ જ્ઞાન. સમ્યક્ જ્ઞાન એટલે યથાર્થ જ્ઞાન. યથાર્થ જ્ઞાન થાય, ત્યારે પોતે શીખી શકે અને બીજાને શીખવી શકે.

એ માટે સ્વચ્છતાનું યથાર્થ જ્ઞાન થવાની આજે બહુ જરૂર છે. પણ આજે તો દુર્દશા એવી છે કે છોકરા જેવા માસ્તરને છોકરાં ભણાવવાનાં આવે અને છોકરી જેવી માતાને છોકરાં હોય છે, તે શું શીખવી શકે?

આજે તો ગુજરાતી નિશાળનો શિક્ષક પગારનો જ વિચાર કર્યા કરે છે. જો તે સાચો શિક્ષક બનશે, તો માણસની પાછળ પડછાયો ચાલે છે, તેમ પ્રતિષ્ઠા તેની પાછળ હશે; અને એ પ્રતિષ્ઠા જ પગારની ગરજ સારશે. એ માટે શ્રદ્ધાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વચ્છતા એ સમાજની અતિ ઉપયોગી મૂડી છે. તે ઘણા જૂના વખતથી સંઘરાયેલી છે. અત્યારે આપણે તેને બેદરકારીથી વેડફી રહ્યા છીએ. લગભગ વેડફી જ મારી છે, એમ કહીએ તોય ખોટું નથી.

હજુ તો મળમૂત્ર સંબંધી ઘણી વાતો બાકી છે. તે અનિવાર્ય વસ્તુ છે. પણ તેના પર સૂગ કરીને એ કીમતી વસ્તુને ધૂળધાણી કરી નાખી છે. જે તેની કિંમત જાણે છે, તે જ સ્વચ્છ રહી શકે છે. તમે તો શિક્ષક છો એટલે તમારે તો તેના પર મનન કરવું જોઈએ.

અત્યારે તો જ્યાં આંખ ફરે છે, ત્યાં બધે જ ગંદકી દેખાય છે.

એક વખત હું બારડોલીથી પાછો આવતો હતો ત્યારે ગાડીમાં ઉપલે પાટિયે બેઠેલો માણસ મારા પર થૂંક્યો. મેં તેને પૂછ્યું ત્યારે વિચિત્ર જવાબ આપ્યો. હવે એને બિચારાને સ્વચ્છતા શી ચીજ છે, તેનો ખ્યાલ સરખોય ક્યાંથી હોય!

હરિજનને પણ આપણે જ ગંદો બનાવ્યો છે; અને ગંદો બનાવીને દૂર કાઢ્યો, એટલે તે અજ્ઞાન રહ્યો. જો તે જ્ઞાનવાળો હોત તો જરૂર સ્વચ્છ રહી શકત.

એક દાક્તર હોય, તે મુડદાં ચીરે છે અને મળમાં આંગળી ઘાલી તે ફેંદે છે, છતાં પણ સ્વચ્છ રહી શકે છે; અને અસ્પૃશ્ય નથી ગણાતો. જેવો દાક્તર છે તેવો જ હરિજન પણ ગણાવો જોઈએ.

અહીં આપણે જાજરૂ રાખ્યાં છે, તેમાં મળત્યાગ માટે આપણે બેસીએ છીએ. શા માટે? અહીં ફરજિયાત જાજરૂમાં બેસાડે છે તેથી? કોઈ દેખી ન જાય તે માટે? કે પછી મળનું સોનું બનાવવા માટે

આ બધી ક્રિયાઓ આપણે ધર્મ પાળવા માટે કરીએ છીએ. ધર્મ એટલે શું? બે વખત મંદિરે જવું તે? મોટાં ભેંસ ભડકે તેવાં ટીલાં તાણવાં તે? ના, તેમાંથી એકે ક્રિયા ધર્મ નથી.

જે ક્રિયા કરવાથી જીવન ટકે, એનું નામ ધર્મ. આપણે ખાવાથી ટકીએ છીએ, એટલે તે ધર્મ; અને ખાધેલું પચી જાય છે, તે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ. તે કેવી રીતે પચી જાય છે, તેની આપણને ખબર નથી પડતી તે ઈશ્વરકૃપા.

આપણાથી વગર સમજ્યે પણ ધર્મ થઈ જાય છે. જો ધર્મ ન થતો હોત તો દુનિયાનો વિનાશ થઈ ગયો હોત. ધર્મ અજાણ્યે થઈ જાય છે. તેથી તેનો લાભ આપણને નહીં મળે. ધર્મ થાય છે તેનું ભાન આપણને જેટલા પ્રમાણમાં થાય, તેટલા પ્રમાણમાં આપણે જગતને લાભ આપી શકીએ.

બિલાડી પણ મળ ઉપર ધૂળ નાખી પોતાનો ધર્મ બજાવે છે. ભેંસ પણ ધૂળ નાખે છે. જોકે તેને તેનું ભાન નથી, પણ તેનો ધર્મ છે એટલે એની મેળે થઈ જાય છે. જે વસ્તુ પશુ પણ કરે છે, તે આપણે બુદ્ધિશાળી માણસ પણ ન કરીએ, અને પછી ધર્મની વાતો કરીએ તે શા કામની? આપણને તો ચિંતા થવી જોઈએ કે મારો મળ કે પેશાબ કે ઘરનો કચરો-પાણી નકામાં કેમ જાય? સમાજમાં દુર્ગંધ અને રોગ ફેલાવવામાં હું ભાગીદાર તો નથી થતો ને?

અમદાવાદમાં સુધરાઈનો ભંગી સફાઈ કરી જાય, પછી તરત જ આસપાસનાં રહેનાર પોતાના ઘરમાંથી કચરો નાખે છે અને બાળકોને ત્યાં જાજરૂ બેસાડે છે, જે બીજા દિવસ સુધી ત્યાં જ પડી રહે છે અને ગંધ તથા રોગ ફેલાવે છે. જો તેઓ થોડી જ બુદ્ધિ વાપરે, તો સ્વચ્છ રહી શકે. આ વસ્તુનો ખ્યાલ આવવો તે જ સાચું શિક્ષણ છે; અને આ વસ્તુનો ખ્યાલ આપે તે શિક્ષક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

કામ એ જ ધર્મ

તમે કહો છો કે, "મૂતરડી સાફ કરતાં અમને સૂગ ચડે છે." પણ સૂગ શાથી ચડે છે, તેનો તમે વિચાર કર્યો છે? તમને તો એમ લાગતું હશે કે તે પેશાબ છે, માટે સૂગ ચઢે છે; પણ ખરું કારણ તે નથી. ખરું કારણ તો મનનું છે. તે કામ 'હલકું' છે, એમ લાગે છે, તેથી સૂગ ચઢે છે. શરીર તો સાધન છે. જો અંદરથી એમ સમજાય કે, સમાજને ટકાવી રાખવા માટે આ કામ અતિ અગત્યનું છે; તો અંદરના હુકમની સાથે જ શરીર તે કરવા લાગે છે. પછી સૂગ કે ગંધ તેની આગળ શા વિસાતમાં રહે? ઉદાહરણ તરીકે આપણે કોઈ દૂરના ગામે જવું છે. કશું સાધન-વાહન નથી. પણ જવું એ જો મનને અતિ જરૂરનું લાગે, તો તે હુકમ કરશે કે ત્યાં ચાલીને પણ જવું જ પડશે. બસ પછી જુઓ, તમારે ૫૦ માઈલની મજલ કરવાની હશે તોય કાપી શકાશે.

આવાં કામો સમાજને ટકાવી રાખવા માટે અતિ આવશ્યક છે. એટલે તેને 'કામ' ન ગણતાં 'ધર્મ' ગણવાં જોઈએ. આપણે તેને કામ તરીકે જોઈએ છીએ, તેથી જ એમ થાય છે કે આટલું બધું કામ! સૂગ ચઢે તેવું કામ! ખરું જોતાં ખાવું એ પણ એક કામ જ છે. પણ તેના વિના જીવન નભી નહીં શકે, એટલે તેને આપણે ધર્મ માન્યો. પછી હાજતે જવું તે પણ ધર્મ છે, તો પછી તેનો સદુપયોગ કરવો તે 'કામ' ક્યાંથી થઈ ગયું? તે પણ ધર્મ જ છે. આપણે હમેશ ધરતી માતા પાસેથી ચૂસ ચૂસ કરીએ છીએ તો કંઈક પાછું પણ આપવું જ જોઈએ ને? નહીં તો તે ઘસાઈ જશે; અને જેટલી તે ઘસાતી જશે, તેટલા આપણે કંગાળ બનતા જઈશું. એટલે માતાને પોષવાની ક્રિયાને 'કામ' કોણ કહેશે? તે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધર્મ' જ કહી શકાય. એટલે ધરતીને પાછું આપવાની ક્રિયા કામ નહીં પણ ધર્મ છે.

काम ए ज धर्म बने त्यारे તેનો ભાર પણ ફૂલ જેવો હલકો થઈ જાય છે. પણ તે કામ તરીકે જ રહે, ત્યારે ફૂલ જેવું હલકું કામ પણ ભારેખમ બને છે. દા. ત. ખેડૂત ટાઢ, તાપ અને વરસાદ સહન કરીને ખેતી કરે છે. છતાં તેને દુઃખ નથી લાગતું. કારણ કે તે ખેતીને કામ નહીં પણ ધર્મ સમજે છે. પણ જે મજૂર હશે, તે ત્રાસી જશે, અને કામમાં દિલચોરી કરશે. તે તો શરીરની સામે જોઈને કામ કરશે. પણ ખેડૂત તેમ નહીં કરે. તે તો એટલું જ જાણે છે કે, હું અનાજ પકવીને દુનિયાને પોષું છું. એટલે તેનું મોઢું શરીર તરફ નથી હોતું, પણ પાક તરફ હોય છે.

૧૯૪૧માં અમદાવાદમાં હુલ્લડ થયેલું તે વખતની વાત છે. હું હુલ્લડ શરૂ થયા પછી બીજે દિવસે અમદાવાદ પહોંચ્યો. ત્રીજે દિવસે સિવિલ હૉસ્પિટલમાં ગયો. ત્યાં ચાલીસ મુડદાંને તદ્દન નગ્નાવસ્થામાં હારબંધ સુવાડ્યાં હતાં. આ દૃશ્ય ભયંકર હતું. કારણ કે એક તો ત્રણ દિવસનાં મુડદાં હતાં. તદ્દન ફૂલી ગયાં હતાં; અને માથું ફાટી જાય તેવી દુર્ગંધ મારતાં હતાં. હવે જો આનો નિકાલ ન કરીએ, તો શું થાય? કામ તરીકે તો તે બહુ જ દુર્ગંધવાળું કામ હતું, પણ એમ સુગ ચઢાવ્યે ચાલે ખરું? દવાખાનાવાળા એ મુડદાંને સવાર પડ્યે બહાર કાઢે, અને રાત પડ્યે ઓરડીમાં ગોઠવી દે. મેં તો એ મુડદાં બાળવામાં ધર્મ માન્યો અને ત્યાંના અધિકારીની પરવાનગી માગી. તે દિવસે તો પરવાનગી ન મળી. ફરી બીજે દિવસે નરહરિભાઈ કલેક્ટર પાસે ગયા. તેમને વાત કરી. તેમણે રજા આપી.

પછી એક ખટારામાં બધાં મુડદાં ભર્યાં. ચાર દિવસનાં મુડદાં. હાથ અડાડીએ તો લોહી જેવી પાણીની શેડ ઊડે. એ મુડદાં મેં ખટારામાં ભર્યાં. મારા બંને હાથ સારી પેઠે ખરડાયા. મારી સાથે એક પોલીસ આપ્યો હતો. ખટારામાં આગળ બે જ જણની જગા હતી. તેમાં હાંકનાર અને પોલીસ બંને ગોઠવાઈ ગયા. હું મુડદાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢગ વચ્ચે ઊભો રહ્યો. ખટારો ચાલ્યો. જ્યાં જ્યાં થઈને તે પસાર થયો, ત્યાં ત્યાંના બધા જ લોકો નાકે આડું કપડું ધરી દેતા. આટલી તો દુર્ગંધ ફેલાતી હતી. આ રીતે હુલ્લડ દરમ્યાન કુલ ૮૧ મુડદાં બાળ્યાં. પછી ઘેર જઈને હાથ સારી રીતે ધોયા. એક વખત, બે વખત અને ત્રણ વખત હાથ ધોયા. પણ ગંધ કેમે કરી જાય જ નહીં! એક જણે મને કહ્યું કે, એ તો નાકમાં પેસી ગયેલી ગંધ છે.

આ તો એક સામાન્ય પ્રસંગની વાત થઈ. પણ જો આવી ટેવો આપણે ન પાડીએ, તો દુનિયાનો નાશ જ થઈ જાય. પછી આપણે જીવતા હોઈએ ખરા; પણ તે આકાર તરીકે, માણસ તરીકે નહીં.

કોઈ પણ ઉપયોગી કામની સૂગ ધર્મને ચુકાવનારી છે. એ સૂગથી નાસવાનું ન હોય. તેને જ્ઞાનપૂર્વક કાઢવી જોઈએ. જો આપણે સૂગને કારણે ધર્મકાર્ય છોડી દઈએ, તો પતી ગયું. આપણે સમાજને નુકસાનકારક નીવડીએ.

ખરું જોતાં ઘરમાં મોટો કોણ હોય? જે સહુને ખવડાવીને ખાય તે. જેની ક્રિયાથી સર્વ ખુશ થાય તે મોટો.

એટલે સમાજમાં જો જીવવું હોય, તો આપણે નાતજાતના ભેદ ભૂલી જવા જોઈએ. જેના મનમાં તે ભેદ રહેશે, તેની માણસાઈનો વહેલો મોડો નાશ થશે.

ભેદ ભૂલી જવા એટલે સેવક થવું. પણ સેવક થવા માટે મન અને શરીર બંનેને સેવક બનાવવાં પડશે. મુશ્કેલીઓને ઝીલવી અને તેને જીતવી, તેનું નામ જ માણસાઈ.

અત્યારે તો આપણે જૂની રૂઢિઓના વહેમો કાઢવા જ તૈયાર નથી. જો એને કાઢીશું નહીં, તો છેક પાછળ પડી જઈશું.

જ્યારે ચોતરફ અંધારું હોય, ત્યારે આપણે તરત જ દીવાનો પ્રકાશ કરી, આપણું કામ ચાલુ કરીએ છીએ. તેવી જ રીતે અત્યારે એ જૂનો ચીલો ભૂલભરેલો છે, અંધકારમય છે. તે છોડીને નવે જ્ઞાનમય ચીલે કામ ચાલું કરવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીમાં તાણ છે માટે સામી પાર નહીં જવાય, એમ શાથી માની લો છો? તરતાં ન આવડતું હોય તો શીખો. થોડા મોડા પહોંચીશું એટલું જ ને?

પણ આવું નવું ગ્રહણ કોણ કરી શકે? અવ્યસ્થિત, નાસ્તિક, મજૂર કે જીભનો ગુલામ? ના. ગ્રહણ કરવા માટે તો વ્યવસ્થિત અને ક્રિયા પરની ભક્તિવાળો માણસ જોઈશે; અને જીભનો ગુલામ નહીં, પણ સંયમી માણસ જોઈશે. આવા થવા માટે શું કરવું? આગળ ધપતા જગતની જોડે ચાલવું એ જ ઉપાય છે.

જગતમાં હવે તો દેવ પણ બદલાયા છે. પહેલાંના દેવ ચાર હાથવાળા અને ચાર મોઢાવાળા હતા. અત્યારે તો દેવ કોણ? રાષ્ટ્રદેવ. 'અંબે માતકી જય' ને બદલે 'ભારતમાતકી જય.' હવે પૂજા દરિદ્રનારાયણની થાય છે. માત્ર મહાદેવની નહીં.

આજે દુનિયા આગળ ચાલી ગઈ છે; અને જૂના ધંધા અને જૂની માન્યતાવાળા પાછળ પડી ગયા છે. આ આગળ વધતી દુનિયા સાથે ચાલવા માટે સંઘની જરૂર પડશે.

અત્યારે તો હડતાલ પાડવા માટે સંઘ રચાય છે. ખરું જોતાં, સંઘની રચના દુનિયાને ઊંચી લાવવા માટે છે. પણ દુનિયાને ઊંચી લાવવા માટે તો સંઘને મૂડીની જરૂર પડશે. મૂડી શેની? રૂપિયાની? ના, તે તો કોઈ બીજી જ જાતની મૂડીની જરૂર પડશે. તે મૂડી તો એ કે જેનાથી લોકો આપણને નમસ્કાર કરે. એ આત્મસંયમની મૂડી છે.

એ તો ઊંચા પ્રકારની મૂડી થઈ. પણ આપણી પાસે તો ધંધાની મૂડી પણ નથી. આ મૂડી મેળવવા માટે દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. જો દૃષ્ટિ નહીં બદલીએ તો ઘાણીના બળદની જેમ ગોળ ગોળ ફર્યા જ કરીશું.

આત્મસંયમની મૂડી વધારવા માટે પ્રથમ જીભને કાબૂમાં રાખવાની જરૂર છે. જો જીભ કાબૂમાં આવી જશે, તો માનસિક, શારીરિક અને આર્થિક એમ ત્રણે જાતની મૂડી વધ્યા વગર રહેશે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં. જીભના સ્વાદને જીતવો અઘરો છે; પણ તેથી હિંમત હારવાની જરૂર નથી.

ઊંચે ચઢવામાં થાક લાગશે, હાંફ ચઢશે, પણ છેવટે આનંદ થશે.

શરીરને પથ્થર જેવું બનાવવા માટે એ જરૂરી છે. તેમાં જ બુનિયાદી તાલીમ રહેલી છે.

शरीरमाद्यं खलु धर्मसाधनम् ।

શરીર એ ધર્મ પાળવા માટે આપેલું સાધન છે.

धर्मो रक्षति रक्षितः ।

જે ધર્મ પાળે છે, તેનું રક્ષણ ધર્મ પોતે કરે છે.

૧૦

સહકાર કે વેઠ?

ઈશ્વરે મનુષ્યને સર્વ સામગ્રી આપીને જગતમાં મોકલ્યો છે, જેથી તે પોતાની મેળે જીવી શકે. તેમ છતાં બધા એકબીજાના આધાર પર જીવે છે. પણ એ સહકાર ઐચ્છિક હોય છે.

જેમ અન્ન પચાવવામાં લાળ મદદ કરે છે. એ લાળ અન્ન મોંમાં પેસતાં જ સ્વાભાવિક રીતે છૂટે છે. જો લાળ મદદ ન કરે, તો અન્ન પચાવવાનું મુશ્કેલ બની જાય. પછી તે અન્ન જઠરમાં જાય છે. ત્યાં તે સ્વાભાવિક રીતે પચીને તેમાંથી ઉપયોગી તત્ત્વો શરીરના બધા ભાગમાં પહોંચી જાય છે અને કચરો પણ સ્વાભાવિક રીતે બહાર નીકળી જાય છે. આમ અન્નથી શરીરનાં અંગો પોષાય છે અને એ અંગો અન્ન પેદા કરે છે. આમ એકબીજાની મદદથી તે જીવે છે. એથી જ 'પિંડે તે બ્રહ્માંડે' કહેવાય છે. જે ક્રિયાઓ શરીરમાં ચાલે છે, તે જ બ્રહ્માંડમાં પણ ચાલે છે.

સ્વેચ્છાએ થયેલા સહકારથી આખું સમાજરૂપી શરીર સુંદર, તંદુરસ્ત રહી શકે છે. જો સહકાર ફરજિયાત બને, તો ગુલામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે; અને સ્વાભાવિક સહકાર જ્યાં નથી હોતો ત્યાં તે સમાજ ઊખડી જાય છે. કેમ કે ગુલામી કાયમ રાખી શકાતી નથી અને રહી શકતી પણ નથી.

એટલે સ્વેચ્છાએ આધીન છતાં સ્વતંત્ર તેનું નામ સ્વરાજ્ય; અને એવા સ્વરાજ્યનું જીવન જીવતાં શીખવું એ જ પાયાની કેળવણી છે.

આજે આપણને ઇંગ્લંડ વગેરે દેશો સ્વતંત્ર છે એમ લાગે છે; પરંતુ વાસ્તવિક રીતે જોઈએ, તો તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી, પણ ગુલામ છે. હા, તેમાં અમુક વ્યક્તિઓ સ્વતંત્ર હશે ખરી, પણ દેશ તરીકે તે ગુલામ છે. ત્યાં બધા મજૂરના ગુલામ છે, એટલે મજૂરોનું રાજ્ય છે.

મજૂર ફરજિયાત નોકરી કરે છે, અને તેનો ઉત્પન્ન કરેલો માલ લોકો વાપરે છે. એ મજૂરો સિવાય તેમને ચાલતું નથી; તેથી મજૂરો હડતાલ પાડે છે, ત્યારે આખા દેશમાં હાહાકાર મચી જાય છે. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે અમેરિકામાં અમુક કામના મજૂરોએ હડતાલ પાડી હતી ત્યારે આખા દેશમાં હોહો થઈ અને પ્રમુખ રુઝવેલ્ટને સમાધાન કરવું પડ્યું હતું.

આજે મુંબઈમાં ઘાટી, રસોઇયા, ગુમાસ્તા, રેલવેનોકરો વગેરે હડતાલ પાડે છે, ત્યારે લોકો ગભરાઈ જાય છે અને ભારે ચિંતામાં પડી જાય છે. એનું કારણ એ છે કે, તેમને એમના સિવાય ચાલતું નથી; એથી ગુલામી આવી.

આવી ગુલામીને પણ શોભારૂપ બનાવી દેવાની તાલીમ મળી છે, તે તમે જાણતા હશો.

કેટલાક કહે છે કે, અમારા ઘરનાં બૈરાં પાણી ન ભરે, પણ ભોઈ પાણી ભરી જાય. કેટલાક કહે છે કે, અમારા ઘરમાં રસોઈ કરવાનું કામ સ્ત્રી ન કરે, પણ રસોઇયો રાખ્યો છે. એ રીતે ભોઈના, રસોઇયાના તેઓ ગુલામ બન્યા છે, પણ તેમાં મોટાઈ માનવામાં આવે છે.

આજે તો ઉજળિયાત ગણાતી કોમનો એક નાનો છોકરો પણ ૫૦ વર્ષના પછાત ગણાતી કોમના વૃદ્ધને પણ તુચ્છકારથી તુંકારીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવશે, તેમાં તેને શરમ નહીં લાગે; અને આવા ઘરવાળા કુળવાન ગણાય છે—મોટા ગણાય છે. આ ગુલામીની તાલીમ મળી છે, તેનું પરિણામ છે.

આ આખી પ્રણાલિકાને તોડવાની ક્રિયામાં પાયાની કેળવણી છે.

આજે તો સાધ્ય કરતાં સાધનને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આજે પૈસાવાળો અને નોકરવાળો મોટો અને કુળવાન ગણાય છે, કેમ કે તેની પાસે વધુ સાધન છે.

મનુષ્યે ઉત્પન્ન કરેલાં એ સાધનો કરતાં ઈશ્વરે આપેલાં સાધનો આંખ, કાન, નાક, જીભ, હાથ, પગ વગેરે વધુ મહત્ત્વનાં છે; પણ તેમાંય જો એકાદ ન હોય, તોપણ માણસ તેના વિના ચલાવી શકે છે.

એક અમેરિકન છોકરાનો પ્રસંગ વાંચેલો યાદ આવે છે. તે છોકરો જન્મથી જ તેજસ્વી હતો. તેના મનમાં ઇચ્છા હતી કે હું આખા દેશનો પ્રમુખ બનીશ. એ મહેચ્છાથી તે ખૂબ આગળ વધતો હતો. હોશિયાર તો હતો જ. તેની આસપાસનાં બધાંને લાગતું હતું કે તે જરૂર પ્રમુખ બનશે.

એક વખત તેને અચાનક શિકારમાં ગોળી વાગી અને તેણે આંખો ગુમાવી. એટલે તેને મનમાં થયું કે હવે તેની મુરાદ બર નહીં આવે. તેથી તે દુઃખી અને હતાશ થઈ ગયો.

તેનાં મિત્રો અને સગાંવહાલાં બધાં તરફથી તેને આશ્વાસનના પત્રો મળ્યા. તેમાં તેમણે જણાવ્યું કે, તમારી મહત્ત્વાકાંક્ષા બહુ સારી હતી; તમે જરૂર દેશના પ્રમુખ થવાની શક્તિ ધરાવતા હતા, પણ હવે આંખો ગઈ, એટલે તે પૂરી નહીં થઈ શકે. એ માટે તેઓ દિલગીરી દર્શાવતા હતા. આ બધા તેના જીવનમાં ઉત્સાહ ન પ્રેરી શક્યા. પણ તેના આચાર્યે તેમે પત્ર લખ્યો કે, તું હતાશ થઈ ગયો છે, અને બહુ દુઃખી થઈ ગયો છે, એમ જાણ્યું. તારા જેવા તેજસ્વી છોકરાને હતાશ થવાનું શું હોય? તારી આંખો ગઈ, તેથી તારું સર્વસ્વ તણાઈ ગયું છે, એમ માનવાને શું કારણ છે? ઈશ્વરે દરેક માણસને આંખ ઉપરાંત બીજી ઇંદ્રિયો પણ આપી છે. એટલે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રિય ગઈ, પણ બીજી તો છે જ. એનો પૂરેપૂરો ઉપયોગ કરજે. હતાશ થવાનું કશું કારણ નથી.

આ પત્ર વાંચીને તેનામાં નવું બળ આવ્યું, તેની નિરાશા ઊડી ગઈ અને તે દેશનો પ્રમુખ બની શકયો.

આમ કુદરતે આપેલાં સાધનોમાંથી પણ એકાદના અભાવે માણસની ઉન્નતિ રોકાતી નથી, તો મનુષ્યે સર્જેલાં સાધનો સિવાય તો ઉન્નતિ રોકાય જ શી રીતે?

પણ આવી ગુલામી કાઢવા માટે પ્રથમ તેનું ભાન થવાની જરૂર છે. એ ભાન થાય, તો ગુલામી જાય.

જેમ મોક્ષની ઇચ્છા થાય, ત્યાર પછી મોક્ષ આવે. એ રીતે મુમુક્ષુને મોક્ષ મળે એમ કહેવાય છે. તેવી રીતે મજૂરીથી જીવવાની ભાવના પ્રથમ ઉત્પન્ન થવાની જરૂર છે.

મજૂરીથી જીવવામાં ઐચ્છિક સહકાર સ્વાભાવિક હોય છે. એવી રીતે ઐચ્છિક સહકારનું જીવન જીવતાં કૃતજ્ઞતાનો ગુણ ઉત્પન્ન થાય છે.

ઈશ્વરે આખી સૃષ્ટિ બનાવી છે. તેમાં પાણી, ઝાડ, સાપ, પક્ષી, પશુ, મનુષ્ય વગેરે બનાવ્યાં છે. એ બધાંનો જગતને ઉપયોગ છે. એકે ચીજ બિનઉપયોગી નથી. એ બધાં પરસ્પરની મદદથી જીવે છે. પાણીથી ઝાડ, પશુ, પક્ષી, મનુષ્ય પોષાય છે. ઝાડની શીતળ છાયા પણ બધાંને ઉપયોગી થાય છે. સાપ જેવું પ્રાણી અનેક નુકસાનકારક જીવોને ખાઈને જીવે છે. જો સાપ ન હોય તો અનેક નુકસાનકારક જીવજંતુઓ માણસજાતિને ખૂબ ઉપદ્રવ કરે. આમ સૃષ્ટિમાં કોઈ ચીજ નિરુપયોગી નથી. તો સૃષ્ટિના દરેક પદાર્થને વિશે કૃતજ્ઞતાબુદ્ધિ થવી જોઈએ એમાં શંકા છે ખરી?

હું જગતનો ઉપયોગ કરું છું. તેમની મદદથી જીવું છું. તો મારું જીવન જગતના કામમાં આવવું જોઈએ, એ સ્વાભાવિક અનુમાન નીકળે છે. એટલે, આપણે હંમેશ એ તપાસતા રહેવું જોઈએ કે, હું ના કેટલા ખપમાં આવ્યો, અને આવી શકું એમ છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માટે આપણે ઇંદ્રિયોને આધીન નહીં થતાં, આત્માને આધીન થવું જોઈએ. ઇંદ્રિયો સાધનરૂપ હોવાથી, તેને તો આપણા અંકુશમાં રાખવી જોઈએ. આપણે ઇચ્છીએ એ રીતે આપણા સાધનનો ઉપયોગ કરી શકીએ એમ થવું જોઈએ.

લોકો કહે છે કે લખચોરાશીનો ફેરો પૂરો થાય ત્યારે ખરો. એ લખચોરાશી શું તે જાણો છો?

આપણું શરીર ચોરાસી આંગળનું છે. એ તરફ લક્ષ્ય રાખે, તેનું નામ લખચોરાશી – ચોરાસી તરફ લક્ષ.

હંમેશ શરીરનો વિચાર કર્યા કરે, શરીરને જરાય મુસીબત ન પડે, એને હેલો સરખો ન આવે, એની જ હમેશ ચિંતા રાખે, તો તેનું શરીર કદાચ રૂપાળું બનશે, પણ કશા કામનું નહીં રહે. તે કોઈનાય ખપમાં નહીં આવે; અને બધા તેના ખપમાં કેટલા આવ્યા અને કેમ કરીને આવે, તેનો વિચાર કર્યા કરશે. આવી સ્થિતિ જ્યાં સુધી રહે, ત્યાં સુધી લખચોરાશીમાંથી છૂટી શકાય નહીં. પણ શરીર સામું જોયા કરતાં તેનો વધારેમાં વધારે ઉપયોગ કરીએ તો લખચોરાશીમાંથી છુટાય. એટલે જ ગુલામીમાંથી છુટાય.

શરીરને સાચવ સાચવ કરીએ, તે કાળું ન પડે, તે સુંવાળું રહે, એવો પ્રયત્ન કરીએ તો તેવું બને ખરું; પણ તેમ કરવામાં તેણે બીજાના ગુલામ બનવું પડશે. ઝાડના વણછા નીચે ઘાસ હોય છે, તે ખીલતું નથી, એનામાં તાકાત નથી હોતી. એવી જ રીતે જે ટાઢ, તાપ, સુખ, દુઃખ સહન કરે, તે ખરબચડો થાય, કાળો લાગે; પણ તે જ સ્વતંત્ર રહી શકે; એ જ સ્વરાજ ભોગવી શકે.

પાંજરાના પોપટને નિયમિત સરસ સરસ ખાવાનું મળે, તોય છૂટા પોપટનો આનંદ તેને મળી શકે ખરો? છૂટા પોપટને ખાવાનું મેળવવા પ્રયત્ન કરવો પડે, કામ કરવું પડે, અને તે માટે ટાઢ, તાપ વેઠવાં પડે, જ્યારે પાંજરાના પોપટને કંઈ કામ કરવાનું જ નહીં. છતાં પાંજરાના પોપટ બનવાનું કોણ પસંદ કરે? પણ ઊડતા પોપટના જેવી સ્વાધીનતા મેળવવી હોય, તો શરીરને આત્માને આધીન બનાવવું જોઈએ, અને ત્યારે દિલમાં એમ થવું જોઈએ કે મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરને આધીન થવું નથી. આવું ન થાય, ત્યાં સુધી સ્વરાજ નથી. અંગ્રેજોનું રાજ્ય જવાથી સ્વરાજ નહીં આવે. ધણી બદલાયાથી કંઈ સ્વરાજ ન આવે. સ્વરાજ તો ત્યારે આવશે કે જ્યારે પરમેશ્વરે આપેલ શરીરનો ઉપયોગ આત્માની ઉન્નતિને ખાતર કરીશું.

૧૧

સહકારમય જીવન

સહકારની ભાવના શ્રમમાં રહેલી છે. પહેલાં લોકો શ્રમના સહકારથી જીવતા હતા, તે ટેવો હવે બંધ થઈ. એ ટેવો ક્યાં પડી શકે? શહેરમાં? ના ગામડામાં જ. એટલા જ માટે ગાંધીજી ગામડામાં જવાનું કહે છે.

ગામડાંનું વર્ણન જે કોઈ કરે, તો તેનાં ખૂબ ગુણગાન કરે. પણ આજે ગામડાંનું જીવન કંપારી છૂટે તેવું છે. ત્યાં ગંદકી, લોભ, ઈર્ષ્યા, સંકુચિતતા, વહેમ, કુસંપ, નિંદા વગેરે બધું પડ્યું છે.

આજે ગામડાં સારાં અને શહેર ખરાબ – એવું રહ્યું નથી. તેમ છતાં ગામડાંનો ઉદ્ધાર થવો જોઈએ, એમ ગાંધીજી કહે છે. શહેરના ઉદ્ધારનું કહેતા નથી. તેનું કારણ એ છે કે શહેરના જીવનમાં સહકારથી જીવવાનું હોતું નથી. ગામડાંમાં અનાયાસે — નછૂટકે પણ — શ્રમનો સહકાર કરવો પડે છે. દા. ત. ખેતી એ ગામડાનો ધંધો છે. તેમાં ખેડૂતને તેના કુટુંબનો અને પડોશીનો સહકાર આવશ્યક છે. તેમાં પશુથી માણસ સુધીના સર્વના સહકારની જરૂર પડે છે; અને એ ખેતીમાંથી જે ઉત્પન્ન થાય, તે ગામમાં વહેંચાઈ જાય છે. ઇચ્છે કે ન ઇચ્છે, તોય આપવું પડે છે. મજૂરને, વસવાયાંને તેમાંથી આપવાનું હોય છે. કેમ કે તે બધાં ખેતીકામમાં મદદ કરે છે. આમ ગામડામાં ભેગાં મળીને જીવાય છે.

ગામડાના બધા ધંધા આ રીતે સહકારથી ચાલે છે. દરેકે દરેક ધંધામાં આખું કુટુંબ જોડાઈ શકે છે. એટલે આખા કુટુંબનો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધો હોય છે. તેની મુશ્કેલીઓનો બધાને ખ્યાલ હોય છે. તેની આવકની પણ બધાને જાણ હોય છે. તેથી જીવનમાં મુશ્કેલીઓ હોય, તોય લાગતી નથી. અનાજ ન પાક્યું હોય, ભેંસ દૂધ ન આપતી હોય, કપડું તૂટી ગયું હોય, તોય તે ચલાવી લે છે. તેમાં દુઃખ પણ નથી લાગતું, કેમ કે તે પરિસ્થિતિ સમજે છે. તેથી ગ્રામ — ધંધામાં ગરીબાઈ હોય, તોય નડતી નથી. કેમ કે આખા કુટુંબને, છોકરાંને પણ ખબર છે કે ખેતરમાં કેટલું પાક્યું છે અને કેટલું વાપરી શકીએ. એ જીવનમાં સંતોષ અને શાંતિ હોય છે. ખેડૂત મરણ પામે ત્યારે સ્ત્રી (આર્થિક દૃષ્ટિએ) હતાશ નથી થતી, પણ ઘરસંસાર સારી રીતે ચલાવી શકે છે.

હવે શહેરી ધંધાનો દાખલો લઈએ. કોઈ વકીલ હોય; તેના ધંધામાં તેને કોનો ખપ પડે? તેના ઘરના કોઈ માણસનો તેને ઉપયોગ નહીં. એટલે ઘરનાં બધાં જ જીવવા માટે તેના પર આધાર રાખે. ઘરના કોઈને ખબર પણ પડતી નથી કે ધંધામાં કેટલી કમાણી છે, શી મુશ્કેલી છે? તેની મુશ્કેલીઓનો ઘરમાં બીજાંને અનુભવ નથી, એટલે તેમની જરૂરિયાતો વધતી જાય. જ્યારે તેનું મરણ આવવાનું થાય, ત્યારે કુટુંબનાં બધાં ચિંતામાં પડે. વકીલ પણ બધાંનું શું થશે, તેની ચિંતામાં પડે. આશ્રિતો પણ 'હવે શું થશે,' તેની ચિંતામાં પડે. આમ બધાંનું જીવન ચિંતામાં વીતે. ઘરનાં બધાં અસહાયતા અનુભવે. અપંગ બનેલાં હોય એટલે દુઃખી થાય.

એવી રીતે દાક્તરનો ધંધો શહેરી છે. તેના ધંધામાં સ્ત્રી કશાય ખપમાં ન આવે. જ્યારે વૈદનો ધંધો ગામડાનો છે. તેમાં સ્ત્રી પણ મદદનીશ થઈ શકે છે.

આમ શહેરી ધંધામાં પરાધીનતા છે, અપંગપણું છે, જ્યારે ગામડાના ધંધામાં સ્વાવલંબન છે.

વળી ગામડામાં પૈસા સિવાય જિવાય. શહેરમાં પૈસા સિવાય ચાલે જ નહીં.

અમદાવાદ શહેરમાં રહેનારને સાબરમતી નદી પાસે હોવા છતાં મફત પાણી ન મળે. તેને પાણીવેરો આપવો જ પડે. શહેરમાં ધૂળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર હોય, તોય પૈસો હોય તો મળે. દાતણ સરખુંયે પણ મફત ન મળે. હવે પૈસો મેળવવો તેના હાથમાં નથી, એટલે પરાધીનતા આવી.

જ્યારે ગામડામાં થોડી જમીન હોય તોય જીવી શકે. ભેંસ રાખીને પણ જીવી શકે. રબારી ઘેટાં પર જીવી શકે. તે કોઈના ખેતરમાં ઘેટાં બેસાડે અને દાણા મેળવે. ઘેટાંનું ઊન આપીને પણ બીજી ચીજ લઈ શકે. એમાં પૈસાની બહુ ઓછી જરૂર પડે. પૈસા વિના ગામડામાં વહેવાર અટકી ન પડે. જ્યારે શહેરમાં પૈસા વગર ચાલે જ નહીં.

એટલે ગામડામાં ગમે તેટલાં દૂષણો પેસી ગયાં હોય, છતાં ત્યાં સહકારી જીવન જીવી શકાય એમ છે.

ગાંધીજી 'ગામડામાં જાઓ' એમ કહે છે, એનો અર્થ એ છે કે સહકારી શ્રમ કરીને જીવો. ગામડામાં જવું એટલે શ્રમનો સહકાર આપવો અને લેવો. ત્યાં પૈસા સિવાય સ્વતંત્ર રીતે જીવી શકાય છે. તેથી એના જીવવામાં અજ્ઞાનપણે પણ જગતનું કલ્યાણ રહેલું છે. જો ગ્રામવાસી જ્ઞાની હોય, તો તે ઋષિજીવન જીવી જાણે. એથી જ ગાંધીજી ગામડામાં સહકારી શ્રમમાં જવાનું કહે છે.

મારા એક મિત્ર છે. તેમણે વીસેક વર્ષ પહેલાં ગાંધીજીની ગામડામાં જવાની વાત જાણીને, પોતાનો શહેરનો ધંધો છોડ્યો. તેમને મન ગામડું સ્વર્ગભૂમિ હતું. લોકો સુખી, સંતોષી, ઉદાર હશે, એમ માનેલું; અને ગામડામાં જઈને શાંત જીવન જીવીશું, એમ કલ્પેલું.

તેમણે અમદાવાદથી ત્રણ-ચાર માઈલ દૂર જમીન રાખી અને ત્યાં રહ્યા.

છએક માસ બાદ હું તેમને મળ્યો, ત્યારે તેમણે જણાવ્યું કે ગામડામાં તો માણસો વસતા નથી, પણ રાક્ષસો વસે છે. રબારી લોકો ઢોર છૂટાં મૂકીને અમારી જમીનનો પાક ભેલાડે છે. મજૂરો વધુ પૈસા આપતાં સરખું કામ આપતા નથી. વળી અમને પૈસાવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પુસ્તકાલય ગુરુકુલ કાંગડી
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનીને વધુ મજૂરી માગે છે. આગળથી પૈસા માગે છે અને આગળથી પૈસા આપવા છતાંય તે આવતા નથી.

એમને તો લોકો લૂંટી પણ લેત. પણ કર્મસંજોગે હું ત્યાં જઈ ચઢયો હતો. છેવટે તેમને એ ગામ છોડવું પડયું હતું.

મેં તેમને જણાવ્યું કે, તમને ગામમાં જે કડવો અનુભવ થયો, તેની સાથે લોકોમાં સારી વૃત્તિઓ તમને ન જણાઈ, તેનું કારણ તમને ગામમાં રહેતાં ન આવડયું. તમારી પાસે પૈસો છે, એટલે તમે મજૂરોથી કામ લીધું. લોકોને થયું કે આ કોઈ પૈસાવાળો છે, એટલે તે તમારી પાસેથી પૈસા કઢાવવા લાગ્યા. જો તમે લોકોને શ્રમનો સહકાર આપ્યો હોત અને લીધો હોત, તો તમે ત્યાં ટકી શકત અને અરસપરસ સાચો સંબંધ બંધાત. આમાં તો તમારો તેમની સાથે પૈસાનો સંબંધ જોડાયો હતો, તેથી આ પરિણામ આવ્યું.

૧૨

શ્રમ એટલે ઉદ્યોગ – કેવળ મહેનત નહીં

ચોર ચોરી કરવા જાય, તેમાંય તેને મહેનત પડે છે. પણ તે ઉન્નતિકારક નહીં; તેથી તે શ્રમ ઉદ્યોગ નહીં કહેવાય. શ્રમથી તેના જીવનની ઉન્નતિ થવી જોઈએ.

ઉદ્યોગ શબ્દની ઉત્પત્તિ ઉત્યોગ (ઊંચો યોગ) માંથી થઈ છે. યોગ યુજ્ (જોડાવું) પરથી થયો છે. ઈશ્વર સાથે જોડાઈ શકાય તો ઉદ્યોગ થાય. બાળઉછેર પણ ઉદ્યોગ કહી શકાય.

આજે ગાંધીજી આપણને ખાદીનો ઉદ્યોગ બતાવે છે; અને તે નાનાં બાળકોથી શરૂ કરવાનું જણાવે છે.

ગાંધીજી જ્યારે જ્યારે શ્રમની વાત કરે છે, ત્યારે આપણે સમજવું જોઈએ કે તે ઉદ્યોગના શ્રમની વાત કરે છે. કેવળ શ્રમ નહીં.

કેટલાક લોકો કસરત કરીને પરસેવો કાઢે છે; એ શ્રમ છે પણ ઉદ્યોગ નથી. તે શરીર સારું થશે, એટલે તેનું કાર્ય પૂરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું ગણાશે. પણ સુથાર લાકડાને ઘડીને ચવડું બનાવશે, તેમાં તેને શ્રમ થશે જ અને સાથે જગતને લાભ થશે. એ રીતે તે શ્રમનો ઉપયોગ થશે. એટલે તે ઉદ્યોગ કહેવાશે.

ગાંધીજી ખાદીના ઉદ્યોગની વાત આ રીતે કરે છે. તેમણે હિન્દના પ્રતિનિધિ ગણાતા વાઇસરૉયને પણ કહેલું કે તમારે રેંટિયો કાંતવો જોઈએ. ટાટા કંપનીના મેનેજરને પણ દેશના ઉદ્ધાર અર્થેનું કામ બતાવતાં રેંટિયો બતાવેલો. ત્યારે તેમને ગાંધીજી પાગલ જણાતા હતા. હવે રેંટિયાની વાત કરનારો પાગલ નથી ગણાતો.

હું આ વખતે જેલમાં હતો, ત્યારે અમદાવાદની એક મિલના અર્થશાસ્ત્રી જેલમાં આવેલા. તેમણે મને એક દિવસ પૂછ્યું, આ રેંટિયામાં અર્થ કેટલો? અને તેમાં અર્થશાસ્ત્ર શું છે?

તેમનો પ્રશ્ન ઘણાને વિચારવા જેવો લાગશે. આપણને એક બાજુ મિલોમાં ઢગલાબંધ કાપડ તૈયાર થતું દેખાય છે; અને બીજી બાજુ દેશમાં કેટલાય લોકો નગ્નાવસ્થામાં ફરતા જણાય છે. આમ કેમ? નાગા લોકો કપડાં કેમ પહેરતા નથી? કેમ કે તેમની પાસે સિક્કો નથી. આ મિલનું કાપડ લેવું હોય તો સિક્કા જોઈએ, જે તેમની પાસે નથી; પણ બીજા પ્રકારનો સિક્કો તેમની પાસે છે. તે ધારે તો ઠીકરામાંથી તકલી બનાવી શકે છે અને તેની મદદથી કપાસ-માંથી સૂતર પેદા કરી પોતાના અંગને ઢાંકી શકે છે. આ શ્રમનો સ્વતંત્ર સિક્કો તો તેમની પાસે છે. એ રીતે પૈસા સિવાય કપડું થઈ શકે; અને તેથી નાગા રહેવાની જરૂર ન હોય.

પ્રશ્ન — પણ પૈસો અર્થ નથી? તો તેનું શાસ્ત્ર શું?

ઉત્તર — જેના વડે જોઈતી વસ્તુ મળે, તે અર્થ. અર્થ એટલે કેવળ પૈસો નહીં.

ત્યારે વળી તેમણે પૂછ્યું. જો આ અર્થ સ્વીકારવામાં આવે તો દેશમાં આટલી બધી મિલો ઊભી થઈ છે, તેનું શું થાય?

મેં કહ્યું — મિલોમાં શેઠિયાઓએ પૈસા રોક્યા છે, માટે તેમનો માલ હંમેશ લેવો જોઈએ ખરો? — એનું જે થવાનું હોય તે થાય, પણ જો પૈસા વગર કાપડ બનતું હોય, તો શા માટે ન બનાવવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મિલોથી માણસનું પતન થાય છે. મિલવાળો માણસ અભિમાની થાય છે અને બીજા પર ઉપકાર કરતો હોય તેવો ભાવ તેનામાં ઉત્પન્ન થાય છે. જેઓ તે કપડું ખરીદી શકતા નથી તેમનામાં ઈર્ષાદ્વેષ ઉત્પન્ન થાય છે. તે અપંગ બને છે, અને કાપડ તેમને મળતું નથી તેથી તેઓ જીવ બાળે છે અને દુ:ખી થાય છે. આમ બંનેનું પતન થાય છે.

વળી જાતે ઉત્પન્ન કરેલી ચીજ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. તે ચીજ જોઈને તેનામાં પ્રસન્નતા આવે છે. એ પ્રસન્નતા ખરીદેલી ચીજમાંથી મળતી નથી. તે ચીજ વાપરવામાં કરકસર સ્વાભાવિક આવે છે. મિલનું કપડું તૈયાર ખરીદનારાને સંતોષ નથી થતો. ખરીદવા તરફ, વધુ વાપરવા તરફ વૃત્તિ થાય છે. તેમ છતાં સંતોષ નથી થતો. તે જેમ જેમ વાપરવા તરફ ઢળતો જાય છે, તેમ તેમ તેને વધુ અસંતોષ ઉત્પન્ન થાય છે. જ્યારે ખાદીમાં બચાવ – કરકસરની વૃત્તિ ઉત્પન્ન થાય છે.

રૂપિયા પેદા કરવામાં કેટલાયને દુ:ખી કરવા પડ્યા હોય છે. એટલે એક રૂપિયો પેદા કરવામાં આવે અને એક પૈસો બચાવવામાં આવે તે એમાં બચાવેલો પૈસો વધુ પવિત્ર છે. તે રૂપિયાને પણ સાચવી શકશે.

આ બચાવવાની વૃત્તિ રેંટિયામાં રહેલી છે. વળી ખાદીમાં આર્થિક ફાયદો પણ ઘણો છે. હમણાં મજૂર – મહાજનના મંત્રીએ હેવાલ બહાર પાડ્યો છે; તેમાં જણાવ્યું છે કે દેશની મિલોમાં ૫૦ કરોડની મૂડી રોકાયેલી છે. તેમાંથી વિશ્વયુદ્ધ દરમ્યાન મિલમાલિકોએ અઢી અબજ રૂપિયાનો નફો કર્યો. એટલે લોકો પાસેથી વધુ પૈસા લીધા. દેશમાં ૪૦૦ મિલો છે અને ૧૨૫ મિલમાલિકો છે. વળી તેના બીજા ૪૦૦ મોટા વેપારીઓ છે. તેમણે પણ અઢળક પૈસા લીધા.

આ બધી મૂડી અમુક ઠેકાણે કેન્દ્રિત થઈ, તેથી તેનો દુરુપયોગ પણ થયો.

આ અબજો રૂપિયાનો ફાયદો કરવો હોય, તો જાતે કાંતવું જોઈએ, એવી સમજથી ગાંધીજી બધાને રેંટિયો કાંતવાનું સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંતવાથી લક્ષ્મી આવતી દેખાતી નથી. પણ તમે જાણો છો કે વરસાદ પડે છે ત્યારે નેવામાંથી પાણી ટપક ટપક થાય છે તે ખાસ જણાતું નથી; પણ જ્યારે તે ભેગું થાય છે, અને તેને વહી જવાનો રસ્તો મળતો નથી, ત્યારે તે આંટ મારે છે અને ઠેઠ આંગણા સુધી આવે છે.

એવી રીતે જાતે કાંતીને પહેરવાથી લક્ષ્મી પણ આંટ મારીને પાછી આવશે, એટલે સ્વરાજ આવશે. ત્યારે વળી કોઈને પ્રશ્ન થશે કે, રેંટિયાથી દેશનું સ્વરાજ આવવાનું હોય, તો રેંટિયા હતા ત્યારે તો અંગ્રેજો આવ્યા અને આપણે પરાધીન બન્યા, તેનું શું?

એનું કારણ એ છે કે, તે વખતે રેંટિયામાં સ્વતંત્રતા વસે છે તેનું ભાન નહોતું; તેથી રેંટિયો પ્રાતષ્ઠિત ન હતો. તેમાં મજૂરી હતી, ઉદ્યોગ ન હતો; તેમાં ધંધો હતો, ધર્મ ન હતો. તેથી રેંટિયો ગયો. સ્વરાજના જ્ઞાનવાળો મિલનું કપડું મફત મળશે, તોય તે લેશે નહીં. કેમ કે તેમાં સ્વરાજનો નાશ જોશે. એ રેંટિયામાં તે શ્રમના સહકારનો ધર્મ જોશે.

આજે તો ખેડૂત ખેતી કરે છે, પણ તેનામાં ખેતી પ્રત્યે ભક્તિભાવ નથી. તે જગતનો તાત કહેવાય છે, પણ ખેડૂત તાત નથી. તેની ક્રિયાઓ તેને તાત બનાવે છે.

આજે તો ખેડૂત જેનો ભાવ વધુ આવશે, તે પકવશે. અનાજની જરૂર હોવા છતાં, તમાકુના ભાવ વધુ હશે, તો તે પકવશે; અને અફીણના વધુ મળશે, તો તે પકવશે.

અનાજ નછૂટકે પકવશે. પણ તેના ભાવ વધુ નહીં હોય, તો અનાજ જગતને પોષક હોવા છતાં તે કહેશે કે, બળ્યા દાણા, ૨૦૦ મણ પાકયા, પણ ભાવ કયાં છે? આમ અનાજ પર ભક્તિભાવ નથી; પણ રૂપિયા પર તેની ભક્તિ થઈ છે, એટલે તે તેના ધંધાને પ્રતિષ્ઠા અપાવી શકતો નથી; તેથી જ ખેતીની પ્રતિષ્ઠા આજે ઓછી થઈ છે.

આજે તો ખેતરમાં નીંદવા દહાડિયાં કરીશું, તો દહાડિયાં એમ વિચારશે કે, ખેતરમાં મોડા જવાય, તેની હરકત નહીં; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ ઓછું થાય અને પૈસા પૂરા મળે એમ કરવું. ખેડૂત પણ તેના દોષ જોશે, તેનાં છિદ્રો શોધશે અને પૈસા ઓછા આપવા તરફ વૃત્તિ રાખશે. આમ એકબીજાથી વિમુખ થશે. જ્યારે શ્રમના સહકારની ભાવના જાગ્રત થશે, ત્યારે નીંદવાની જરૂર હશે, તો તેને બીજા મદદ કરશે અને તેનું ખેતર કેમ જલદી- નીંદાઈ જાય એ જોશે. મોડું વહેલું કરીને પણ એ પૂરું કરશે. એવી જ રીતે નીંદાવનાર પણ આવનાર સહકારીઓને પ્રેમથી ભોજન ખવડાવશે. આમ એકબીજામાં મીઠાશ વધશે અને કામ સારું થશે.

આમ શ્રમના સહકારમાં માણસ બનાય છે. મજૂરીમાં સંકુચિતતા આવે છે.

આવી ઉદ્યોગના શ્રમની પ્રતિષ્ઠા હવે લાવવી છે. હાલ એ નથી. એટલે આખો યુગ પલટવાનો છે. એમાં શિક્ષકોએ મુખ્ય ભાગ ભજવવાનો છે.

૧૩

ગૃહઉદ્યોગો અને ગ્રામોદ્યોગો—૧

હવે તમે ઉદ્યોગની વ્યાખ્યા તો જાણો જ છો. જેટલો ઉદ્યોગ વધે તેટલો દેશ ઊંચો થાય; અને જેટલો ઉદ્યોગ ઘટે તેટલું દેશનું પતન થાય.

અત્યારે આપણા દેશનું પતન આ રીતે જ થયું છે. પરદેશી સત્તાએ આવીને આપણા ઉદ્યોગો પોતાના કાબૂમાં લઈ લીધા અને આપણને પાંગળા બનાવી મૂકયા.

જૂના વખતમાં રાજાઓ એકબીજા પર ચઢાઈ કરતા, ત્યારે તેઓ અનાજ, પાણી વગેરે અટકાવતા અને કિલ્લાને ઘેરો ઘાલતા. છેવટે અનાજ, પાણી વિના અંદરનો રાજા હારી જતો અને શરણે થતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પરદેશીઓએ તો નવી કળાથી આપણને ગુલામ બનાવ્યા. તેણે આપણને કેળવણી એવી આપી કે જેથી ઉદ્યોગો તરફ આપણે ઘૃણાની નજરે જોતા થયા અને આપણે એકબીજાથી જુદા થવા લાગ્યા. આપણી વચ્ચે અંતર વધતું ગયું અને છેવટે અત્યારની સ્થિતિએ આવ્યા છીએ.

ગાંધીજી આને માયાવી રાજ્ય કહે છે. કેમ કે આ રાજ્ય એવી રીતનું છે કે જેમાં ખબર પણ ન પડે અને આપણે ધર્મભ્રષ્ટ થતા જઈએ.

જેનાથી જગત ટકી રહે તે ધર્મ. ત્યારે જગત તો ઉદ્યોગથી જ ટકી શકે; અને તેનો તો આજે નાશ થઈ રહ્યો છે.

આ ઉદ્યોગ ત્રણ પ્રકારના છે:

(૧) ગૃહઉદ્યોગ. જે ઘરમાં કરી શકાય. એક વ્યક્તિ પણ કરી શકે. તે ઘર ટકાવવામાં બહુ જરૂરના છે. દા. ત. ખાંડવું, દળવું, કાંતવું, સીવવું, વ.

(૨) ગ્રામોદ્યોગ. જે ગામમાં થઈ શકે. એક-વ્યક્તિ એકલા હાથે તે ન કરી શકે. તેનાથી ગામ ટકી રહે. દા. ત. સુથારી, લુહારી, ખેતી, વણાટ વગેરે.

(૩) દેશોદ્યોગ. જે ઘરમાં કે ગામમાં ન કરી શકાય. દા. ત. લોઢાની ખાણમાંથી લોઢું કાઢવું. લોઢું ગામેગામ ન કાઢી શકાય. માટે તે દેશોદ્યોગ કહેવાય.

અત્યારે, આ ત્રણેનું પતન થઈ ગયું છે અને આપણને ભાન પણ નથી રહ્યું કે આપણે લપસી રહ્યા છીએ. આ ભાન કેળવણી મારફતે થશે. એ ઉદ્યોગો પાછા લાવવાના છે. એ આવશે, તો જ દેશના શરીરમાં લોહી ફરશે, અને તો જ દેશમાં તેજ આવશે. તે આવશે, તો જ દેશને પોષણ મળશે. એ પોષણ મેળવવા જ્ઞાન મેળવવું જોઈશે. એ તલવારથી પાછું ન આવી શકે. જ્ઞાનથી જ મેળવી શકાય. જ્ઞાન મેળવવા કેળવણી આપવી જોઈશે, કારણ કે કેળવણી મારફતે જ તેનો નાશ થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તો આખા દેશની વાત થઈ; પણ ઘરમાં જીવવું હોય, તો ગૃહઉદ્યોગની જરૂર છે, અને ઘરમાં જ ઉત્પન્ન થતી વસ્તુ વાપરવાની જરૂર છે. એ ચીજ બીજેથી ઘરમાં પેસવા ન દેવી જોઈએ, કારણ કે ઘરમાં ઉત્પન્ન થયેલી ચીજ પાછળ મોટો ભાવ રહેલો હોય છે.

આ ગૃહઉદ્યોગોને પહેલાં ‘પંચયજ્ઞ’ કહેતા. એ પંચયજ્ઞ તે ઘંટી, ખાણિયો, ચૂલો, વલોણું અને રેંટિયો. આ વસ્તુઓ આજે આપણે ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ છે. આજે તો આ વસ્તુઓ જેને ત્યાં હોય છે, તે હલકો ગણાય છે.

ઘંટી તો વધુ હલકાની નિશાની ગણાય છે. ચૂલો કનિષ્ઠ નથી ગણાતો; પણ જે રસોઇયો રાખે, તે તો શ્રેષ્ઠ ગણાય જ છે.

સારાં ઘરનાં ગણાતાં બૈરાં તો પાણી પણ ન ભરે. તેઓ તો પાણી ભરનાર રાખે; અને જો કદાચ ભરવું પડે, તો દહાડો ઊગતા પહેલાં ભરી લે.

આજે તો જે ઘરની સ્ત્રીઓ પાણી ન ભરે, તે ઘર ખાનદાન ગણાય છે.

ત્યારે આપણે વિચારવું જોઈએ કે, આ પંચમહાયજ્ઞો એ ઘરમાંથી કાઢી નાખવા જેવી વસ્તુ છે ખરી? પૈસા આવ્યા, એટલે ધર્મ કાઢી નખાય? ધર્મ એ કંઈ વેડફી નાખવા જેવી ચીજ થોડી જ છે? જે ધર્મથી લક્ષ્મી પેદા થઈ છે, તે જ લક્ષ્મી જો ધર્મને કાઢે કે વેડફી મારે, તો જે ડાળ પર ઊભા છીએ તે જ ડાળ કાપવા બરાબર થાય. આ સ્થિતિ અત્યારે આપણી થઈ છે.

જેમ એક ખેડૂત ખેતી કરીને પૈસા પેદા કરે; પછી તે જ પૈસામાંથી મોટો બંગલો બાંધે, તેમાં મોટા મોટા ફોટા લટકાવે, ફરનીચર વસાવે, અને છેવટે એશઆરામી થતો જાય — છેવટે ખેતી છોડે. તેને ખબર નથી કે, જેની મારફત હું પૈસા કમાયો છું એ જ પૈસો મારો ધર્મ છોડાવે છે. ધર્મ પાળવો એટલે તપ કરવું. તપ છોડવું એટલે પતન તરફ જવું. છેવટે લક્ષ્મી તો ચંચળ છે, એટલે અદૃશ્ય થઈ જશે. સાથે સાથે પુરુષાર્થ કરવાની ટેવ પણ જશે અને પછી તે નહીં રહે ઘરનો કે નહીં રહે ઘાટનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે હિંદની આ દશા છે. તે માયામાં ફસાયો છે. ઉદ્યોગમાં જે ભાવના અને શક્તિ હતી, તે તેણે ગુમાવી છે.

જૂના વખતમાં ડોસીઓ કહેતી કે, આ જમાનાના લોકો બહુ ભાગ્યશાળી છે કે તેમના વખતમાં દળવાની ઘંટીઓ, મોટરો, ગાડીઓ બધું આવ્યું. પણ તેમને એ ક્યાં ખબર હતી કે, દળવાની ઘંટીઓથી સ્વતંત્રતા અને શુદ્ધતા ગઈ; અને તે વેગથી ફરવાને લીધે કેટલાંય પોષક તત્ત્વો પણ ગુમાવ્યાં.

પહેલાં તો લોકો અનાજ પોતે જ શુદ્ધ કરી લેતા. એટલે તેને શુદ્ધ કરવામાં અને દળવામાં જે પુરુષાર્થ અને પરસેવો રેડવો પડતો, તેનાથી ખોરાક તો મીઠો જ લાગતો; અને લોટ ન તો જાડો લાગતો કે ન ઝીણો લાગતો. તેનાથી પૂરતી તાકાત રહેતી, સ્વતંત્રતા અને પવિત્રતાની ભાવના રહેતી અને અનેક વિટંબણાઓથી બચાતું.

અને આજે? આજે તો પોતાનો લોટ પોતાને મળશે કે કેમ એ જ મોટો પ્રશ્ન છે. યંત્રચક્કીવાળાની વૃત્તિ પણ સારો લોટ ચોરી લેવાની રહે છે. આ વૃત્તિને પોષવા બદલ હું પાપી બન્યો, તેને પણ પાપી બનાવ્યો. આમ પૈસા ધર્મ, બળ અને પોષણ ગુમાવ્યાં અને તેના બદલમાં લોટ લાવવાની ચિંતા મળી. એટલે આપણે આવા અનેક મોંઘામૂલા ગૃહઉદ્યોગો ગુમાવ્યા. બદલામાં મળી બેકારી.

ખરું જોતાં ઈશ્વરે આપણને જરૂરી ચીજો આપણા માગતા પહેલાં જ આપી દીધી છે. તેણે આપણને અત્યંત જરૂરી એવી હવા આપણા જન્મતા પહેલાં જ મોકલી આપી. પછી પાણી એના કરતાં થોડું ઓછું જરૂરનું. એટલે તેને માટે સહેજ મહેનત કરતાં તે મળી જાય, એવી ગોઠવણ કરી. તેણે પથ્થરમાં પણ પાણી મૂકયું છે, કારણ કે પથ્થરમાં પણ ઝાડ ઊગે છે. જો ત્યાં પાણી ન હોત, તો ઝાડ ઊગી જ ન શકત.

પથ્થરમાં પણ પાણી હોય છે, તેનો એક દાખલો શિવાજીના વખતનો છે. એક વખત શિવાજીને, એમ થયું કે, આ બધા લોકોને હું ન હોત તો કોણ રોજી આપત? કોણ જિવાડત? તેમના ગુરુ રામદાસને આ વાતની ખબર પડી. તે એક વખત શિવાજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડુંગરોમાં ફરવા લઈ ગયા. ત્યાં એક પથ્થર આગળ લઈ જઈને કહ્યું, શિવુભા, આ પથ્થરને તોડો જોઈએ. તેમણે તે પથ્થર તોડ્યા તો અંદરથી દેડકો નીકળ્યો. ગુરુ રામદાસે હળવેથી કહ્યું, "આ દેડકાને તમે જ પાણી આપતા હતા, નહિ વારુ?" શિવાજી સમજી ગયા અને તેમનું અભિમાન ઊતરી ગયું.

આ વાત પરથી આપણે એટલું જ સમજવાનું કે, જે વસ્તુની જ્યાં જરૂર છે, તે વસ્તુ ઈશ્વરે ત્યાં પહોંચાડી જ હોય છે. જ્યાં પાણીની જરૂર છે, ત્યાં પાણી પણ મૂક્યું છે.

ત્યાર પછી જોઈએ ખોરાક. તેની જરૂરિયાત પાણી કરતાં ઓછી. એટલે તેમાં થોડી વધુ મહેનતની જરૂર પડે છે. ત્યાર પછીની જરૂર કાપડની. તે તેના કરતાં વધુ મહેનત માગે એ દેખીતું છે. છેલ્લે સૌથી ઓછી જરૂરની અથવા બિનજરૂરી ગણીએ તો તે સોના, ચાંદી વ. છે. એટલે તે મેળવતાં જિંદગી નકામી કરી નાખવી પડે છે.

પણ આજે વીસમી સદીનો ક્રમ તદ્દન ઊલટો ચાલે છે. આજે તો જે વસ્તુ ઈશ્વરે મફત આપી છે, તે મેળવવા માટે પણ માણસ ભારે ખર્ચ કરે છે. આ જમાનાના માનવીએ જે જિંદગી નકામી કરે છે તેવું સોનું, ચાંદી મેળવવા પુરુષાર્થ કર્યો અને તેની મારફતે પાણી જેવી વગર પૈસે મળનારી ચીજ ખરીદી.

સોંઘામાં સોંઘી ચીજને મોંઘામાં મોંઘી બનાવવી અને જીવન ખોઈને પણ મોંઘામાં મોંઘી ચીજ મેળવવી તેનું નામ જ માયાવી રાજ. આજે તો સુખ-શાંતિ ખોવામાં, બુદ્ધિ ખોવામાં પુરુષાર્થ કર્યો ગણાય છે.

આપણને જ્ઞાન વેદમાંથી મળે છે. વેદ એ ચોપડી નથી. મહા પુરુષો જે વેદમાંથી જ્ઞાન મેળવતા, તે ચોપડી નહોતી. તે તો ઈશ્વરી પ્રેરણા હતી.

મહા પુરુષોને હૃદયમાંથી પ્રેરણા મળે છે અને તે જ્ઞાન તેઓ આપણને આપે છે. તેઓના આપવા છતાં પણ કેટલાક તો જળ-કમળવત્ રહે છે. તેમને તે જ્ઞાન જરાય સ્પર્શ કરી શકતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પ્રશ્ન થશે કે શું ઈશ્વરી જ્ઞાન બધે જ વ્યાપેલું નથી? તે તો બધે જ વ્યાપેલું છે; પણ જેનું હૃદય સ્ફટિક જેવું નિર્મળ હોય છે, તે જ તેને ગ્રહણ કરી શકે છે. પછી તે વાણી મારફત બીજાને આપવાનો પ્રયાસ કરે છે; પણ વાણી તો અધૂરી છે અને આ જ્ઞાન તો અનુભવગમ્ય છે. તેને સાંભળવા કે વાંચવા કરતાં અનુભવ કરીને જાણવાથી જ સંતોષ થાય છે.

જેમ કે ખાંડ ગળી છે, એમ આપણે ચાખીને કહી શકીએ; પણ કેવી ગળી છે, કેટલી ગળી છે, એ કોણ બતાવી શકશે? ગળપણનો જાણનાર એટલું જ કહેશે કે, તમે પણ તેનો અનુભવ કરો અને ચાખો એટલે ગળપણની ખબર પડશે.

આ જ્ઞાન ખોઈને આપણે ઊંધું જ્ઞાન મેળવ્યું અને તેનું પાપ વહોર્યું.

કોઈ કહેશે, આની સાબિતી શી?

ભલા આદમી આ તે કેવો પ્રશ્ન છે? વાઘ બિલાડી તે છાનાં રહી શકે? તેને કોણ અહિંસક પ્રાણી કહેશે? તેની તો જીભ જ કહી આપે કે એ માંસાહારી પ્રાણીઓ છે.

આપણું પણ તેવું જ છે. આપણને જે સાધનો આપ્યાં છે, તે પરથી જ કલ્પના કરી શકીએ કે ઈશ્વરે હાથપગ આપ્યા, તે એશ-આરામથી જીવવા માટે નહીં, પણ મહેનત કરીને જીવવા માટે. ત્યારે ઈશ્વરે આપણને હાથપગ આપ્યા અને પાણી આપ્યું; છતાં જો પાણી માટે પૈસા આપવા પડે, તો તે પાપ કર્યું કહેવાય. ઈશ્વરના ગુનેગાર ગણાઈએ.

જો કોઈ અપંગ હોય તો આપણે મદદ કરીને પોષીએ. એ મદદ પૈસાની નહીં, પણ પરસેવાની હોવી જોઈએ. પછી તો તે ધર્મ થઈ જશે. એટલે આવું ધર્મકાર્ય આપણે તો કરવું જ જોઈએ.

પણ આજે શું ચાલી રહ્યું છે? આજે સહેજ મદદ કરી, એટલે તરત જ દુનિયામાં દાતા તરીકે પ્રસિદ્ધિ મેળવવાની લાલસા ન રાખનાર ભાગ્યે જ કોઈક મળશે. આવા પ્રકારનું દાન તે ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કહી શકાય. સાચું દાન તો એ કે જમણે હાથે દાન કરે તેની ડાબા હાથને ખબર પણ ન પડે.' આનું નામ તે ધર્મ.

અત્યારે તો આપણે બધી જાતના ધર્મો ગુમાવી બેઠા છીએ. જેમકે રસોઈ કરીને જમાડવું, તે એક ધર્મ છે. પણ જેણે રસોઇયો રાખ્યો તેને ત્યાંથી તે ધર્મ ચાલ્યો જાય છે. રસોઇયો રસોઈ કરે છે અને જમાડે છે ખરો, પણ તે ધર્મ નથી કરતો. જેને ઘેર રસોઇયો હોય, તેને ત્યાં બધા જમી રહ્યા પછી મહેમાન આવે ત્યારે શી દશા થશે? જો રસોઇયો ફરવા ચાલ્યો ગયો હશે તો લૉજમાંથી થાળી મંગાવશે. નહીં તો રસોઇયા પાસે કરાવશે. પણ રસોઇયો ફરી રસોઈ કરવા રાજી નથી હોતો. એટલે મનમાં બબડતો બબડતો રસોઈ કરશે. પીરસતી વખતે તે શું પીરસશે? અભાવ સાથે રસોઈ પીરસવામાં જરાય પ્રેમ નહીં હોય. આવો ખોરાક ખાનારની વૃત્તિ કેવી થાય? જેવી થાય તેવી. પણ આવું શાથી થયું? શેઠાણીએ ધર્મ ગુમાવ્યો તેથી. રસોઇયાની જગ્યાએ તે પોતે હોત, તો મહેમાનને ખાવામાં કંઈ ઓર મજા આવત. ખરું જ કહ્યું છે કે, 'અન્ન' તેવા ઓડકાર.

એક વખત હું શ્રી અરવિંદ ઘોષના આશ્રમમાં પોંડિચેરી ગયો હતો. ત્યાં વાતાવરણ તદ્દન શાંત. કામકાજ તદ્દન વ્યવસ્થિત. અરે, જમતી વખતે ટાંકણી પડે તોય સંભળાય, એટલી શાંતિ રહેતી. આનું કારણ એ છે કે, શ્રી અરવિંદ માને છે કે મનના વિચારોની પણ વાતાવરણમાં અસર થાય છે. જેમ આપણે અવાજ કાઢીએ છીએ તેનો પવન કાનમાં અથડાઈ ત્યાં પડઘો પાડે છે, એટલે આપણે કહીએ છીએ કે તે સંભળાય છે; તેમ વિચારોનો પણ પડઘો પડે છે અને તે મન પર અસર કરે છે. આ સિદ્ધાંતને અનુસરીને પેલા રસોઇયાના મલિન વિચારોની જમનારના મન પર અસર થાય છે.

આ રીતે આપણે ગૃહધર્મો ખોયા. ગૃહધર્મો તે જ પંચયજ્ઞ. પંચયજ્ઞ એટલે કોઈને માટે ઘસાઈ છૂટવું તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજકાલ આપણે અગ્નિમાં ઘી હોમવું તથા મંત્રો બોલવા તેને જ યજ્ઞ કહીએ છીએ. ખરું જોતાં તે તો યજ્ઞનું પ્રતીક માત્ર છે. તેમાં ઘી હોમાય છે અને અગ્નિ મારફતે અનેક જીવોને પોતાનો લાભ આપે છે. તેવી રીતે આપણે પણ ધર્મ કરતાં કરતાં ઘસાઈ છૂટીશું તો આપણી આજુબાજુનું વાતાવરણું પવિત્ર બનાવી શકીશું. રાંધવામાં પણ આ જ વસ્તુ રહેલી છે. કારણ કે તેમાં રસોઈ કરે છે એક જણ અને ભોગવે છે અનેક જણ. ખાદીમાં પણ તેવું જ છે.

સૌથી પહેલાં બધા નગ્ન ફરતા હશે. પછી કોઈએ વલ્કલની શોધ કરી હશે. આગળ વધતાં ઊન અને કપાસમાંથી કાપડ કરવાનું શોધાયું હશે. આવી વસ્તુઓ ઘેર ઘેર બનાવવામાં ઘરની સ્વતંત્રતા હતી. તેમાં મોટાઈ હતી. ગરીબાઈ નહોતી દેખાતી.

આજે તો ગરીબાઈ આવી, સાથે સાથે લાચારી પણ આવી. અત્યારે તો કોઈનું સારું દેખીને પોતે લજવાય છે.

પહેલાં આવું નહોતું. પહેલાં ગરીબ અને તવંગરનો ભેદ બહુ જ ઓછો હતો.

અત્યારે તો ઘઉં ખાનાર પૈસાદાર અને કોદરી ખાનાર ગરીબ ગણાય છે, કારણ કે અત્યારે ગરીબ અને ધનવાન પૈસા પરથી અંકાય છે. જેમ કે બે જણ વીશીમાં ખાવા જાય, ત્યાં જે રોટલીનું ભાણું મંગાવશે તે પૈસાદાર ગણાશે અને ખીચડી મંગાવનાર ગરીબ ગણાશે, કારણ કે ત્યાં પૈસા આપીને ખાવાનું છે. પહેલાં આનાથી ઊલટું હતું. તે વખતે તો પોતાના ખેતરની કોદરી ખાય કે ઘઉં ખાય, તે બેમાં કોઈ ગરીબ-ધનવાન નહોતા ગણાતા, કારણ કે તે વખતે પૈસાનો વ્યવહાર ઓછામાં ઓછો હતો. અત્યારના જેટલો ફુગાવો નહોતો.

આજે તો પૈસાથી કિંમત અંકાય છે. એટલે છોકરી સાસરે જાય છે, ત્યારે આજુબાજુનાં બૈરાં કપડાં જોવા આવે છે. તેમાં જેમ વધુ કિંમતનું કપડું હોય, તેમ વધુ કુળવાન ગણાય છે. જો હાથનાં કાંતેલાં કપડાં હોત, તો કોણ જોવા આવત?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપણને તો ખોટું અભિમાન થયું છે; અને તે પણ લાચારી અને પુરુષાર્થ-હીનતામાંથી.

આપણાં બાળકોમાં તો એવું ભાન થવું જોઈએ કે, જે પુરુષાર્થથી પેદા કરે છે તે જ કુળવાન છે.

અત્યારે તો કોટ પહેરાવવા માટે માણસ, અને બટન વાસવા માટે પણ માણસ જોઈએ. જો આવા માણસો ન મળી શકે તો પેલા ભાઈસાહેબનું કુળ નીચું ગણાય. આ ખોટી મોટાઈનો આપણે નાશ કરવો જોઈએ. આને બદલે સ્વાશ્રયની વસ્તુ કેળવણીમાંથી જ આવવી જોઈએ.

આવી કેળવણી આપનાર કેળવણીકાર સ્વતંત્ર હોવો જોઈએ.

એક વખત રાજામહારાજાનો જલસો થતો હતો. ત્યાં અનેક ગવૈયાઓ અને નાટ્યકારો આવ્યા હતા. ત્યાં એક અચ્છો ગવૈયો સ્વતંત્ર રીતે ગયો હતો. બધા તમાસા પછી તેણે પણ ગાયું. બધા તેના પર આફરીન થઈ ગયા. એટલે રાજાએ તેને સોનાનું કડું ભેટ આપ્યું. પછી બીજું ગાયન ગાવા કહ્યું. પણ પેલાએ ના પાડી. આથી રાજાને પોતાનું અપમાન થતું લાગ્યું. પેલો ગવૈયો સ્વતંત્ર મિજાજનો હતો. તેણે કડું પાછું ફેંક્યું અને ચાલવા માંડ્યું.

આનું નામ સાચો ગવૈયો. સાચું જ છે કે કુદરતી નાદ કોઈના કહેવાથી કે સોનાની લાલચથી ન નીકળે. તે તો હૃદયનો ઉમળકો હોય તો જ નીકળે.

શિક્ષક પણ આવો જ હોવો જોઈએ. તે ન તો પૈસાને આધીન હોય કે ન માણસને આધીન હોય. અને શિક્ષક પાસેથી પણ જ્ઞાન ક્યારે નીકળે? જ્યારે હૃદયમાં ઉમળકો આવે ત્યારે. ત્યારે ઉમળકો લાવવા માટે શું કરવું જોઈએ? તે માટે તો ઢોરને જેમ પારસો મુકાવીએ છીએ તેમ શિક્ષકને પણ પારસો મૂકવો પડશે. પણ શિક્ષક પારસો ક્યારે મૂકે? ગીતામાં કહ્યું છે:—

તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે જ્યારે જ્ઞાનનો ધોધ વહેવા માંડે, ત્યારે ખુદ શિક્ષકને પણ ખબર ન પડે. આ જ્ઞાન તે જ ઈશ્વરદત્ત જ્ઞાન.

અત્યારના ભણતરમાં આમાંનો એક છાંટોય નથી. અત્યારનું તો ગોખેલું એઠું જ્ઞાન છે.

આવું જ્ઞાન થવા માટે તો શિક્ષક અને શિક્ષણ બંને મફત મળવાં જોઈએ. શિક્ષકનું પોષણ વિદ્યાર્થી મારફત થતું હોવું જોઈએ.

પહેલાંના વખતમાં આવું જ હતું. તે વખતે વિદ્યાર્થી દીઠ અઠવાડિયે કે અમુક બાંધેલે દિવસે પાકું સીધું શિક્ષકને ત્યાં જતું. વળી જમણ હોય કે અગિયારસ હોય, ત્યારે તો શિક્ષકને ઘેર ચૂલો ચેતાવવાનો પણ ન હોય. આ રીતે શિક્ષક બહુ સાદાઈથી અને સારી રીતે જીવન ગાળતો.

પણ હવે જમાનો બદલાયો છે. તેના છાંટા શિક્ષક અને શિક્ષણ બંનેને ઊડયા છે, એટલે પહેલાંના જેવું તો નહીં થાય. હવે નવી રીત દાખલ કરવી પડશે. આ નવી રીતને જ નયી તાલીમ અથવા બુનિયાદી તાલીમ કહે છે. આ રીતમાં બૌદ્ધિક વર્ગો ઓછા હશે અને ઉદ્યોગ-વર્ગો વધુ હશે. આ રીત ગાંધીજી અને અનેક કેળવણીકારોએ માન્ય કરેલી છે.

ગાંધીજી તો કાંતણને જ સૂર્ય માને છે, બાકીના ઉદ્યોગોને તેના ગ્રહો તરીકે ગણાવે છે, કારણ કે કપડાંની દરેક વ્યક્તિને જરૂર છે. ઉપરાંત તે દરેક જગ્યાએ થઈ શકે તેવી વસ્તુ છે.

વળી જો નાનપણથી જ તે શીખવવામાં આવે તો તેમાં બાળક ઘણું જ કુશળ થઈ શકે છે. અમારા એક વિદ્યાર્થીની જ વાત કરું. એને જેલમાં રેંટિયો શીખવ્યો છે. છતાં અત્યારે તે તુનાઈથી એ કલાકમાં એક આંટી કરીને ફેંકી દે છે. જ્યારે હું પચીસ વર્ષથી કાંતું છું, છતાં તૈયાર પૂણીમાંથી પણ કલાકે ૩૦૦ જ તાર કાંતી શકું છું. એટલે તેની ઝડપ મારા કરતાં દોઢ – પોણાબે ગણી કહેવાય.

આ વિદ્યાર્થી ઉદ્યોગમાં કુશળ અને વ્યવસ્થિત છે; એટલું જ નહીં, પણ તેની કુશળતા અને વ્યવસ્થા તેના સર્વ કામમાં હું દેખું છું.

જ્યાં આવાં બાળકો પેદા થતાં હોય, ત્યાંનો શિક્ષક કેવો હોય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શિક્ષક કંઈ જેવો તેવો ન હોય. તે તો શિક્ષણકાર્યના રસથી જ ભરેલો હોય અને તે બાળકો માટે ઉદ્યોગ કે પુસ્તક બધું જ રસિક બનાવી દે.

આવા શિક્ષક મારફતે સમાજમાં પણ ગૃહઉદ્યોગ પ્રત્યે રસ પેદા થાય. પછી જેને ગૃહઉદ્યોગનો રસ લાગ્યો, તે સ્વતંત્ર જ છે; અને સ્વતંત્ર માણસ કદી ગરીબ ન હોઈ શકે. જ્યાં આવું હોય ત્યાં 'सह नाववतु' થઈ શકે.

ઈશ્વરે આપણને ઘાસમાંથી ઘી–દૂધ બનાવવા માટે ઢોર રૂપી જીવતાં યંત્રો આપ્યા છતાં, આપણે ઘી–દૂધનાં ફાંફાં મારીએ છીએ. કેટલી શોચનીય દશા છે આપણી? આનું કારણ એ છે કે, આપણે ગૃહઉદ્યોગ છોડીને આપણી વૃત્તિઓને સુષુપ્ત બનાવી દીધી છે. હવે આપણે તેને ખીલવવી પડશે. પણ ખીલે શી રીતે? જેમ કોઈ છોકરાં વિનાનો હોય, તેને છોકરાં પર પ્રેમ ઠાલવવાની તક નથી મળી હોતી, એટલે તેની તે વૃત્તિ સુષુપ્ત રહેલી હોય છે. જ્યારે છોકરાંવાળો અત્યંત પ્રેમાળ હશે, કારણ કે પ્રેમ તો દરેકમાં નાનપણથી જ રહેલો હોય છે. જેમ નાનું બાળક હોય, તેનામાં પ્રેમ રહેલો હોય છે, એટલે તે નાનાં નાનાં કુરકુરિયાંને પણ ઉથામે છે, બચીઓ પણ કરે છે; અને આ રીતે તે પ્રેમની વૃત્તિઓ ખીલવે છે. જો તેને તેમ કરવા દેવામાં ન આવે, તો તેની વૃત્તિઓ કુંઠિત થઈ જશે. આવું જ છોકરાંવાળા અને છોકરાં વિનાના માણસનું છે; અને આવું જ ગૃહ-ઉદ્યોગવાળા અને તેનાથી વંચિત દેશનું પણ છે. આ વૃત્તિઓ ખીલવવી તેનું નામ જ બુનિયાદી તાલીમ.

ત્યારે, તે વૃત્તિઓ શાળામાં જ ખીલવી શકાય કે બીજે ક્યાંય પણ એમ થઈ શકે? અરે, જ્યાં હો ત્યાં, ગમે ત્યાં અને ત્યારે ખુશીથી ખીલવી શકાય. માત્ર દૃષ્ટિ જોઈએ.

જેમ કે, એક ઘાંચી બળદની ઘાણી ચલાવતો હોય, તેને ખાતાં ખાતાં પણ પોતાનો બળદ યાદ આવવાનો. એટલે વચ્ચે ઊઠીને પણ બચકું તેના મોઢામાં મૂકશે. ત્યારે શું તે ગાંડો છે કે તે આવું કરતો હશે? ના, એમ નથી. એ તો બળદ પ્રત્યેનો પ્રેમ અને તેની પાછળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ દેખાઈ આવે છે. આ રીતે તેની વૃત્તિઓની પણ ખિલવણી થાય છે. જો તે યંત્રઘાણી ચલાવતો હોત, તો એ યંત્રને કંઈ બચીઓ નહોતો કરવાનો કે ન તો તેની પીઠ થાબડવાનો.

બાળકોને પણ આ દૃષ્ટિએ ઉછેરવાં પડશે, કારણ કે તેઓ જ ભવિષ્યની પેઢી છે. ભલે આપણે ન સુધર્યા, પણ તેમને તો સુધારીએ જ.

૧૪

ગૃહઉદ્યોગો અને ગ્રામોદ્યોગો – ૨

મેં તમને ગૃહઉદ્યોગની વાતો કરેલી છે અને તેમાં કહ્યું છે કે, જ્યારે માણસના હાથમાંથી ઉદ્યોગ જાય છે ત્યારે તે ગરીબ બને છે.

ગૃહઉદ્યોગ એ ગૃહની પ્રતિષ્ઠા માટે છે. તેમાં પહેલાં કહ્યું છે તેમ ઘંટી, ખાણિયો, ચૂલો, વલોણું અને રેંટિયો એ પાંચ વસ્તુઓ હતી. આ ઉપરાંત લીંપવું, કપડાં ધોવાં, અનાજ સંઘરવું તથા હાથે સીવવું એ પણ એક કળા ગણાતી. આનો તો અત્યારે નાશ જ થઈ ગયો છે. ક્યાંક તેની હસ્તી હશે, પણ તે મરવાને વાંકે જીવવા જેવી.

આ ઉદ્યોગો તો ધર્મ છે, એટલે જેનાથી ટકી રહેવાય તે. ધૃ ધાતુ પરથી ધર્મ શબ્દ થયો છે. 'ધૃ' એટલે ધારણ કરવું.

આ ગૃહઉદ્યોગો પૈસાનું ઉત્પન્ન બહુ ઓછું કરે છે. તે ધર્મનું રક્ષણ કરે છે. તે ઘરની લક્ષ્મીને બહાર જતી અટકાવે છે. દા. ત. હાથે સીવતાં આવડતું હોય તો જૂના ધોતિયામાંથી પણ પહેરણ સીવી નાખે; પણ જો તે દરજીને આપે, તો તો તેની સિલાઈ જેટલું પણ તે ટકવાનું ન હોવાથી મોંઘું પડે. આ રીતે સિલાઈ બચે અને કાપડનો સદુપયોગ થાય, જે અત્યારે બહુ ઓછો થઈ ગયો છે.

આ બધું કામ મોટે ભાગે સ્ત્રીઓ જ કરતી, કારણ કે આ કામો જ એવાં છે કે જે ઘરમાં બેસીને કરી શકાય. ત્યારે પુરુષો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર કમાણી કરતા અને સ્ત્રીઓ તેને બચાવવાનું કામ કરતી, અર્થાત્ તેને કરકસરથી વાપરતી. વળી ગૃહઉદ્યોગો હોવાને લીધે ખર્ચનો તો પ્રશ્ન જ નહોતો. આટલા માટે જ જો એ ગૃહઉદ્યોગો પાછા આવશે, તો જ દેશ બચશે. પણ યંત્રોથી દેશ નહીં બચે.

૫૦ વર્ષ પહેલાંના કરતાં આજે રોકડ નાણાંની આવક વધી ગણાય છે. પણ તેથી ગરીબાઈ જરાય ઓછી નથી થઈ.

તેનું કારણ છે. પહેલાં લોકોને મુખ્ય અનાજની જરૂર પડતી, તે પકવી લેતા. એટલે રોકડ ખર્ચ વર્ષદહાડે ચાળીસેક રૂપિયા થતું. તે વખતે તો પારકે ઘેરથી કે બહારથી કોઈ ચીજ ન લાવનાર ખાનદાન ગણાતા. આ બધું ગ્રામઉદ્યોગને પ્રતાપે હતું.

અત્યારે એ ઉદ્યોગો ગયા અને પૈસાને પાંખો આવી છે. ક્યારે પૈસા આવે છે અને ક્યારે જાય છે, તેની ખબર પણ પડતી નથી, એમ કહીએ તો ચાલે. ત્યારે પૈસાને ઊડતો બંધ કરવા માટે આ ઉદ્યોગોને પાછા લાવવા જોઈશે.

પણ એ પાછા આવશે શી રીતે? શું રેંટિયો કંતાવીને? કે બીજી કોઈ રીતે? અત્યારે કેટલીક કન્યાશાળાઓમાં સીવણ શીખવવામાં આવે છે, પણ શીખવનાર પોતે જ કોઈની પાસે સિવડાવી લે છે. ત્યારે એમ કહેવામાં આવશે કે શું તે સીવણ ઉદ્યોગ નથી જાણતો? ના, એમ નથી. પણ એટલું તો જરૂર કહેવાય કે તે ઉદ્યોગને સમજ્યો નથી. તેનું મોઢું ઉદ્યોગ તરફ નથી. એટલે સીવણકામ જેમ ઉદ્યોગ છે છતાં મોઢું ફર્યા વિના તે કામ નથી આવતો, તેમ કાંતવા વિષે પણ કહી શકાય. દા. ત. કાંતણશિક્ષક કાંતતાં શીખવે ખરો, પણ પોતે ન કાંતે કે ન ખાદી પહેરે, તો આ ઉદ્યોગ તેને કે શીખનારાઓને ખપમાં આવશે ખરો?

ત્યારે, ઉદ્યોગ શરૂ કરતા પહેલાં જ તમારે વિચારી લેવું જોઈએ કે આ ઉદ્યોગ તમને ખપ આવશે? તમારા વિદ્યાર્થીને ખપ આવશે? જો તમને ખપ આવે, તો જ તમારા વિદ્યાર્થીને પણ ખપ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે તો કાંતણમાં એટલો વિકાસ થઈ ગયો છે કે નાનો છોકરો પણ પૂણી બનાવી શકે છે.

મને એક પ્રસંગ યાદ આવે છે કે મારે પૂણીઓની જરૂર પડી. હું પીંજારા પાસે ગયો. મેં તેને કહ્યું, "જરા સારું પીંજીને પૂણી બનાવી આપ." તેણે જવાબ આપ્યો, "હા, વિલાયત જઈને શીખી આવીશ, એટલે સારી પૂણી બનાવી દઈશ." આ સાંભળીને મેં નક્કી કર્યું કે આપણે તેના ઓશિયાળા પણ શા માટે રહેવું? હું તો ઊપડ્યો માતર અને ત્યાંથી સારું પીંજતાં શીખી ગયો. આવું ન થાય, તેટલા માટે જ તુણાઈ-પુણાઈ સારી છે.

કાંતણ એક એવો ઉદ્યોગ છે જે ફુરસદના સમયમાં થઈ શકે તેમ છે. આપણે ત્યાં ફુરસદના સમયનો ઉપયોગ તો પહેલેથી થતો આવ્યો છે. ફુરસદનો સમય એટલે વધારાનો વખત ગણાય. વધારાના વખતમાં જે પેદા થાય, તેને રોકડી અથવા અખતી કહેતા હતા. દા. ત. ખાતર કાઢનાર તાપમાં બપોરે ભીંડી આંબળી દોરડાં ભાગતા. આ દોરડાં ભાંગવાં તે કામ તરીકે નહીં, પણ આરામ તરીકે ગણાતું. કામની ફેરબદલીને જ આપણા લોકો આરામ કહેતા. જ્યારે અત્યારે તો સૂઈ જવાને આરામ કહે છે.

આ રીતે આપણી આરામની વ્યાખ્યા બદલાઈ અને ગૃહઉદ્યોગો ગયા; ગરીબાઈ આવી અને ગુલામીય આવી.

ગૃહઉદ્યોગમાં કપડાં પણ હાથે સિવાતાં. દરજી પણ હાથથી જ સીવતા, કારણ કે તે વખતે સંચા ન હતા, અને તેના બદલામાં પૈસા નહીં પણ બાર મહિને અધમણ દાણા લેતા. ઘેર પણ બહેનોને હાથે સીવતાં આવડતું; એટલે ચાદર કે ધોતિયું ફાટવા આવે, ત્યારે તેનું પહેરણ કે બીજું કોઈ વસ્ત્ર બનાવી લે. ગોદડીઓ પણ ફાટેલાં કપડાંમાંથી કરતા, પણ અત્યારે તો સિવડાવીએ તો તેનો ખર્ચ જ બેવડો થઈ જાય, કારણ કે તે ઉદ્યોગ ઘરમાંથી ગયો અને એ ઉદ્યોગ જતાંની સાથે જ કરકસર પણ ગઈ.

આટલું હજુ ઓછું હોય તેમ દળવા-ખાંડવાના અતિ મહત્ત્વના ગૃહઉદ્યોગો પણ ચાલ્યા ગયા. ગામેગામ યંત્રચક્કીઓ વધતી જ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને જો કોઈ દિવસ તે બંધ પડે, તો લોટ વિના ફાંફાં મારે છે, પણ ઘેર ઘંટી પર કોઈ દળતું નથી. પહેલાં આથી ઊલટું હતું. તે વખતે તો ચૂલા પર દાળ મૂકીને પણ દળવા બેસતાં. બાળક રડતું હોય, તો તેને પણ પાસે સુવાડી દે, એટલે ઘંટીના અવાજથી જ તે છાનું રહી ઊંઘી જતું.

અત્યારે તો બધું ચાલ્યું ગયું છે. સિક્કા વધ્યા છતાં પણ ગરીબ બનતા ગયા. પહેલાં તો ઉદ્યોગો ખૂબ હતા અને પૈસા ઓછા હતા, છતાં લોકો સારી રીતે જીવી શકતા હતા.

જ્યારે '૫૬નો દુકાળ પડ્યો, ત્યારે લોકોની સ્થિતિ બહુ જ કફોડી થઈ ગઈ હતી. તે વખતે આખી દુનિયામાંથી હિંદને મદદ મળી હતી અને અહીં તળાવો ખોદવાનું કામ ચાલતું હતું. તે વખતે કામ કરનાર પુરુષોને આઠ પૈસા, સ્ત્રીઓને સાત પૈસા અને છોકરાંઓને છ પૈસા રોજી મળતી હતી. આટલી રોજીમાં પણ તે વખતે સુખેથી જીવી શકાતું હતું. તે વખતે ચાર પૈસે શેર ચોખા મળતા હતા અને ૨ા રૂ. મણ ગોળ મળતો. એટલે બે પૈસામાં જ માણસ પેટ ભરીને જીવી શકતો. વળી તે વખતે નફો પણ કેટલો? અત્યારની જેમ બબ્બે ચાર ચાર ગણા ભાવ નહીં. તે વખતે ગામડાના નાના વેપારીનો પણ રૂપિયે એક આનો નફો ગજબ ગણાતો હતો. વધુ નફો લેનાર ઊંચે મોઢે જોઈ શકતો નહોતો. જ્યારે અત્યારે તો વધુ નફો લેનાર હોશિયાર ગણાય છે. અત્યારે રૂપિયે ચાર આના નફો પણ ઓછો ગણાય છે! આમ થવાનું પણ કારણ છે. અત્યારે અનેક જાતના મોજશોખના ખોટા ખર્ચો વધ્યા છે. જ્યારે તે વખતે તો નહોતા ચા કે સોડા-લેમન, નહોતાં નાટક-સિનેમા. અરે! આ ચડઊતર વાળ કપાવવાનો ખર્ચ પણ તે વખતે ન હતો. તે વખતે પૈસો તો ગામની ભાગોળ પણ નહોતો દેખતો! કારણ કે તે વખતની જરૂરિયાતો પણ ઓછી હતી; અને જેટલી હતી તેટલી ગામમાંથી પૂરી પડતી હતી. જેમ કે જોડા જોઈતા હોય, તો મોચીને ત્યાંથી લાવતા અને આઠ બાર આના તેને આપતા. જો પોતાનું ઢોર મરી ગયું હોય તેનું ચામડું આપીએ, તો બે ત્રણ આનામાં જોડા તૈયાર થતા. આ ચામડું આપવાને 'દલવાડું'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવું ' કહેતા. અનાજ જોઈએ, તે ખેતરમાં પકવી લેતા અથવા પડોશી પાસેથી લેતા. પછી રહી જરૂર સુથાર, લુહાર, અને વણકરની. તે પણ ગામમાં હોય જ. એટલે ભાગ્યે જ ગામમાં બહારની ચીજ પ્રવેશ પામતી.

તે વખતે આગગાડી કે મોટર ન હતી, છતાં મારા કાકા પગે ચાલી જગન્નાથજી સુધી ગયેલા અને કાશીથી કાવડ ભરીને ગંગાજળ લેતા આવેલા.

તે વખતે મિલકત બહાર જતી ન હોવાથી ગરીબ પણ પોષાઈ જતા. આથી આપણાં પુરાણોમાં ક્યાંય અનાથાશ્રમ, કે પાંજરા-પોળનો ઉલ્લેખ સરખો પણ નથી. હા, ગોશાળા હતી; અને જ્યાં ગામ હોય ત્યાં અનાથાશ્રમ હોય પણ શાનો? કેમ કે તે વખતે સાચો સામ્યવાદ કે સમાજવાદ પ્રસરેલો હતો.

રશિયામાં લેનિને સામ્યવાદ લાવવા સાત લાખને કાપી નાખ્યાં, જ્યારે હિંદમાં એક થવું — સરખા થવું એ ધર્મ મનાતો હતો.

તે વખતે ખેડૂત 'જગતનો તાત' સાચી રીતે હતો, કારણ કે તે જ્ઞાનપૂર્વક બધાને અનાજ આપતો. તેમાં બ્રાહ્મણ, વાણિયા, ઘાંચી, મોચી બધા જ આવી જતા. આવી રીતે તે વખતે ભેદભાવ ન હતા એમ કહીએ તો ચાલે. અહીંથી થોડેક દૂર આવેલા કણભામાં મંદિર બાંધવામાં મુસ્લિમોએ પણ ભાગ આપ્યો હતો. દરેક વસવાયાને બધા જ અનાજ આપતા. ઉપરાંત દરેક વસવાયો થોડીક જમીન પણ રાખતો અને ખેતી કરતો.

તે વખતે ખેતરમાંથી શાકપાન લેવાની છૂટ હતી. કેરી જેવાં ફળો ગામમાં વહેંચીને ખવાતાં. આ બધું થતું, કારણ કે તે વખતે રૂપિયાની મહત્તા નહોતી.

તે વખતે બધી ઇચ્છાઓ તો હતી, પણ ચુમાઈને બેસી રહેતા હતા, કારણ કે તે વખતે અત્યારના જેટલાં સાધનો નહોતાં. એટલે જે બહાર જવા પ્રયત્ન કરે, તેનાં દીવા વતા બંધ થતાં અને તેને મુશ્કેલી પડતી હતી, કારણ કે તે વખતે ગ્રામઉદ્યોગ હતા અને ગ્રામપંચાયતો સજા પણ કરતી. તે વખતે ગામની રક્ષા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પગી' રાખવામાં આવતા હતા. ગામમાં કોઈ મહેમાન આવે, તોય તેને પગલું જોઈને ખબર પડી જતી હતી. ગામમાં જો ચોરી થતી તો પગી પગલું શોધી કાઢતો. પછી તેના આધારે શોધતો શોધતો આગળ ચાલતો. પગલું જો બીજા ગામમાં જાય, તો ત્યાં જઈને મુખીને કહે કે, તમારા ગામમાં અમારું પગલું આવ્યું છે; તે કાઢી આપો કે પછી અમારો માલ આપો. મુખી પોતાના પગીને બોલાવતો. પછી પગલું શોધીને બહાર કાઢી આપે અગર તે ચોરને શોધી આપે. તે વખતે તો ગામમાં એકાદ માણસ પાપી નીકળ્યો તો ગામ આખું પાપી કહેવાતું. એટલે દરેક ગામ જાગ્રત રહેતું. આ આ બધું ગ્રામોદ્યોગને પ્રતાપે હતું.

જો કોઈ નવરો હોય, તેની નિંદા થતી. અરે! કોઈ સ્ત્રી પોતાને ત્યાં વેચાતું પાણી ભરાવે, તોય કહેશે કે, "મોટાં રાણી થયાં છે, તે પાણીય ભરાતું નથી."

આ રીતે જ શોખીનોની પણ ટીકા થતી હતી. તે વખતે તો દર્પણમાં મોં પણ ન જોવાય. મારે ત્યાં એક દાબડીમાં નાનો સરખો આરસો હતો, તેમાં અમે કોઠી વચ્ચે જઈને છાનું-માનું મોઢું જોઈ લેતા. આ રીતે જે બગડવા ઇચ્છે તેને પણ ગામ બગડવા દેતું નહીં. પરાણે રોકતા. અરે! જમીન પણ વેચવા ન દેતા. બધો પ્રતાપ ગ્રામોદ્યોગનો હતો; અને તેથી શ્રીમંત અને ગરીબ વચ્ચે ભેદભાવ ન હતો. કોમ્યુનિસ્ટો આજે જે કહે છે, તે આપણે ત્યાં સહજ હતું.

આ પ્રથા અત્યારે તૂટી ગઈ છે. તેને અત્યારે પાછી લાવવી એ તો આભના તારા ચૂંટવા જેવું કહેવાય; પણ ગ્રામોદ્યોગો તો પાછા લાવવા જ પડશે. જો ગ્રામોદ્યોગો પાછા આવે તો પૈસાનાં દુઃખો ટળી જાય.

અત્યારે તો તમે જાણતા હશો કે બધાને પૈસા ઓછા પડે છે. અરે! રૂ. ૫૦૦ મેળવનારને પણ ખૂટે છે, કારણ કે આપણે શ્રમજીવી નથી રહ્યા. શ્રમ વિના કદી સંતોષ ન થાય. જે વસ્તુ જોઈએ, તે શ્રમથી અથવા શ્રમ કરનારને મદદ કરી મેળવી શકાય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેથી ઘણો જ સંતોષ રહે. એટલા માટે જ ઉદ્યોગ એ કેળવણી છે, કારણ કે શ્રમ વિના ઉદ્યોગ થઈ જ ન શકે. પણ ઉદ્યોગ શાસ્ત્ર-શુદ્ધ હોવો જોઈએ. નહીં તો તે માત્ર શ્રમ જ રહેશે. દા. ત. એક લુહાર હોય. તે લોઢું ટીપે; પણ તેમાં જરાય વિચાર ન કરે, તો તે જડ બની જાય છે અને સમાજમાં પાછળ રહી જાય છે. કેમ કે તે શાસ્ત્ર અને સિદ્ધાન્તો નથી જાણતો. આપણે ત્યાં આવું જ થયું છે. જ્યારે પશ્ચિમના લોકોએ બુદ્ધિપૂર્વક કામ કરીને જૂની રીતોમાં અનેક ફેરફારો કર્યા છે. દા. ત. આપણે ત્યાંના લુહારની કાતર જુઓ અને બીજી ત્યાંની બનાવેલી કાતર જુઓ. કેટલો બધો તફાવત! આપણે તો તેમાં બે આંગળી જાય તેટલું કાણું જ રાખ્યું, જ્યારે તેમણે અંગૂઠો બરાબર બેસે તેવું એક કાણું રાખ્યું અને એકમાં ચાર આંગળીઓ રહે તેવું રાખ્યું. આ રીતે તેમની કાતર આગળ વધી, જ્યારે આપણે ઠેરના ઠેર રહ્યા. જે વિચારક છે, તેની ક્રિયામાં તો રોજ રોજ કુશળતા આવવી જોઈએ.

આપણે ત્યાં તો એક દિવસ છ આંકનું કાંત્યું, તે છેક મરતાં સુધી તેનો આંક છ ને છ જ રહ્યો. કોઈ દહાડો સાતમો આંક ન આવ્યો. આથી આપણા ઉદ્યોગોમાં રસ ન રહ્યો અને છેવટે તે તૂટી ગયા.

એક ભંગી પણ જો તેના ધંધાનું શાસ્ત્ર જાણે, અને તે પ્રમાણે જ્ઞાનપૂર્વક વર્તે અને સહેજે એને એમ થાય કે હું શ્રેષ્ઠ છું, મારો ધંધો લોકોપયોગી છે, તો તેને હલકો કહેવાને કોઈ સમર્થ નથી. પણ આજે તો તે પેટ ભરવા ધંધો કરે છે. તે તેના ધંધાની ઉત્તમતા ન સમજ્યો, એટલે ત્યાંનો ત્યાં જ રહ્યો અને જડ મજૂરી કરીને પોતે પણ જડ બની ગયો.

તમે પણ તમારી શાળામાં ઉદ્યોગ દાખલ કરશો, પણ તમે વિદ્યાર્થીઓને તેનું શાસ્ત્ર કે સિદ્ધાંત નહીં સમજાવો, તો તે જડ થઈ જશે; અને તમે શીખવનાર પણ જડ મજૂર જેવા થઈ જશો.

જેમ આજે શાસ્ત્રીઓ ભાગવતનો લીટે લીટો વાંચી જાય છે, પણ તેનું કશું રહસ્ય જાણતા નથી અને કશું જ નવું શોધી શકતા નથી, એવી દશા આપણી પણ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારનો ડૉક્ટર પણ પોતે ડૉક્ટર છે એમ બતાવવા માટે કોટ-પેન્ટ પહેરે છે, અને ગળે રબ્બરની નળી ભરાવી રાખે છે. આનું કારણ એ જ કે એ સાચો ડૉક્ટર નથી; તેથી તે મજૂર છે. ઉપરનો પોષાક હું ડૉક્ટર છું એમ બતાવવા માટે પહેરે છે.

ક્રિયાનું અને એની પાછળનું રહસ્ય જે નથી જાણતો તે દરેક મજૂર છે.

આવી દશા આપણા શાસ્ત્રીઓની હોવાથી, તેની કથા સાંભળવા ડોશીઓ સિવાય કોઈ જતું નથી. પુરાણોમાં કંઈ ગપ્પાં નથી માર્યાં; પણ તે તેનું રહસ્ય સમજતો નથી અને સમજાવી શકતો નથી.

અત્યારે લગ્નમાં પણ જુઓને! બ્રાહ્મણ પાસે ગણપતિના લીટા કઢાવે છે. પેલાને ગણપતિનું મહત્ત્વ નથી લાગતું અને બ્રાહ્મણ તેને સમજાવી શકતો નથી, કારણ કે તે મજૂર છે અને તેને બોલાવનાર મજૂરી ચૂકવનાર છે.

જો આપણે પણ માત્ર ઉદ્યોગ કરાવીશું અને તેનું શાસ્ત્ર નહીં શીખવીએ, તો મજૂર બનીશું અને સામાના મન પર ઉદ્યોગ પ્રત્યે અશ્રદ્ધા પેદા કરીશું.

આ સાંભળીને તેનું ચિંતવન કરજો, તો જ પચશે. જેમ ઢોર ખાધા પછી વાગોળે છે, તેમ તમે પણ સાંભળીને ચિંતવન કરજો. એકલું શ્રવણ તો આરપાર નીકળી જશે. એટલે જ કહ્યું છે કે શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ.

આટલું થશે તો જ ગૃહઉદ્યોગ અને ગ્રામોદ્યોગ ફાયદાકારક નીવડશે અને દેશ ઊંચો આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

દેશોદ્યોગો

દેશમાં મોટા ઉદ્યોગોની જરૂર તો છે જ.

જેમ ગૃહઉદ્યોગોમાં દળવું ખાંડવું વગેરે છે, ગ્રામોદ્યોગોમાં સુથારી, લુહારી, વ૦ છે, તેમ દેશના મોટા ઉદ્યોગો છે. જેમ કે લોખંડનો, વહાણવટાનો વગેરે.

લોખંડ વગેરે ધાતુઓની, કોલસાની, મીઠાની, વહાણની જરૂર દેશમાં બધાને છે. તેવા ઉદ્યોગો દરેક વ્યક્તિ કે ગામ નહીં કરી શકે, પણ તે આખા દેશની દૃષ્ટિએ ચલાવવા જોઈશે. આજે આ ઉદ્યોગો આપણા હાથમાં નથી. અંગ્રેજ સરકાર અને તેની ત્યાંની પ્રજાના હાથમાં રહ્યા છે. એટલે તેમાંથી તેમને કેવી રીતે લાભ થાય, તેનો જ તેમણે વિચાર કર્યો છે. દા. ત. મીઠાનો ઉદ્યોગ.

આપણા દેશમાં કરાંચીથી કલકત્તા સુધી દરિયો છે. તેમાંથી મીઠું જોઈએ તેટલું મળી શકે તેમ છે. પણ અંગ્રેજોએ કાચો માલ તેમના દેશમાં લઈ જવાની અને તેમના દેશમાંથી અહીં લાવવાની યોજના કરી. કાચા માલ કરતાં પાકો માલ ઓછો હોય અને પાકો માલ સ્ટીમરને તળિયે રાખવામાં સલામતી નહીં. તેથી ઈંગ્લન્ડથી સ્ટીમર આવે, તેમાં પથ્થર કે રેતી સમતોલપણા માટે રાખવી પડે. એટલે અંગ્રેજોએ વિચાર કર્યો કે રેતીપથ્થર નકામાં ખાલી લઈ જવાં લાવવાં અને મજૂરી ચઢાવવી, એના કરતાં મીઠું લઈ જવામાં આવે, તો તેમના દેશને લાભ થાય. એટલે ત્યાંથી મીઠું લાવવા માંડયું, અને બંગાળમાં તે મીઠું વેચાવા લાગ્યું; અને તેના ભાવનું સમતોલપણું રાખવા સ્થાનિક મીઠા પર જકાત નાખી.

વહાણવટાનો વિચાર કરીએ. તેમણે વહાણવટા પર પોતાનો અધિકાર રાખ્યો. સ્ટીમરોની કંપનીઓ પર પોતાનો અધિકાર રાખ્યો. સ્ટીમરોની કંપનીઓ તેમની કરવામાં ઉત્તેજન આપ્યું અને દરિયા પર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. થોડાં વર્ષ પર કેટલાક ઉદ્યોગપતિઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કંપની સ્થાપી અને સ્ટીમરો ચલાવી. ત્યારે અંગ્રેજ કંપનીઓએ હરીફાઈ કરી અને સ્ટીમરમાં મફત લઈ જવા અને ઉપરાંત રેશમી રૂમાલ ભેટ આપવા લાગ્યા. અને એ રીતે પેલી કંપનીને ટકવા ન દીધી. એ હરીફાઈમાં જે નુકસાન થયું તે, દેશી કંપનીઓ તૂટયા પછીથી, ભાડાં વધારી મેળવી લીધું.

એવી રીતે લોખંડ, કોલસા વગેરેની ખાણો પર પોતાનો સંપૂર્ણ કાબૂ રાખ્યો. અહીં જમશેદજી ટાટાને દેશમાં આવેલી જાગૃતિને કારણે સરકારે થોડો ટેકો આપ્યો, પણ જેમ જેમ આ દેશના ઉદ્યોગો ખીલે, તેમ તેમ ઇંગ્લન્ડના ઉદ્યોગો રૂંધાતા જાય, એટલે તેમણે બહુ ઉત્તેજન ન આપ્યું. પણ હિંદની પ્રજા જાગ્રત થતી ગઈ, તેમ તેમ તેમને નછૂટકે ઉત્તેજન આપવું પડયું છે.

આવું બધા જ ઉદ્યોગો વિષે બન્યું છે.

વીસ વર્ષ પહેલાંનો આજે તમને ખ્યાલ નહીં આવે: તે વખતે બજારમાં એવી એકે ચીજ દેખાતી ન હતી, કે જે આપણી કહી શકાય. બ્રાહ્મણોને પહેરવાની જનોઈ પણ ઇંગ્લન્ડથી આવતી. ભગવાનની છબી પણ વીંટીમાં તૈયાર થઈને પરદેશથી આવતી. તે વખતે હિંદમાં અંગ્રેજનું રાજ્ય ન હતું, પણ તેની માયાનું રાજ હતું. એ માયા એવી હતી કે આપણે પરાધીન થઈએ અને એ પરાધીનતામાં આપણે ખુશ થઈએ અને નાચીએ.

સને ૧૯૩૦ નો એક પ્રસંગ યાદ આવે છે. હું નાસિક જેલમાં હતો. ત્યાં મારી સાથે ૧૫ જેટલા કોલેજિયન હતા. ત્યાં અમને કાંસકા, અરીસો વગેરે સામાન જેલમાંથી આપવાનો હતો. જેલના સુપ્રિન્ટેન્ડેન્ટે મને કાંસકા વિષે પૂછયું, ત્યારે મેં જણાવ્યું કે અમારે માટે દેશી કાંસકાઓ લાવજો. સુપ્રિં૦ સમજતા હતા કે આ છોકરાઓને તે ગમશે નહીં, પણ મારા આગ્રહથી તે દેશી કાંસકા લઈ આવ્યા. હું ખુશ થયો અને તે લઈને પેલા છોકરાઓને આપવા ગયો. તેમણે તો તે ફેંકી દેવા માંડ્યા અને કહ્યું કે આનાથી તે કંઈ વાળ ઓળાતા હશે? મને તો તેમણે 'ભોટ' પણ માન્યો હશે. હું વિમાસણમાં પડયો. મને થયું કે સ્ત્રીઓના લાંબા વાળ આનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળાય છે, તો પુરુષના ટૂંકા વાળ આનાથી કેમ ન ઓળાય? પણ માયાનાં પડળ ફરી વળ્યાં હોય, ત્યાં કેવી રીતે સમજાય કે આ કાંસકાઓ આપણા દેશના આપણા પડોશીના બનાવેલા છે અને તે વાપરવાથી સ્વદેશી ધર્મ સચવાય છે?

આનું નામ માયાવી રાજ્ય. ગાંધીજીએ ૧૯૨૧ માં 'તાંડવનૃત્ય' નામનો લેખ લખ્યો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે આજે આખો દેશ મૃત્યુના મોંમાં નૃત્ય કરી રહ્યો છે.

એટલે ગાંધીજીએ કહ્યું કે રચનાત્મક કામ કરો. એટલે કે જેના વડે પ્રેમથી જીવી શકીએ એવાં કામ કરો. આ અંગ્રેજી રાજ્ય રચનાત્મક કામના નાશ પર ટક્યું છે. ગાંધીજીની આ વાત હજુ દેશને પૂરેપૂરી સમજાઈ નથી.

એક વખત હું અમદાવાદમાં એક ધનિક ગૃહસ્થને ત્યાં ગયો હતો. તેમની દીકરી મજૂરોમાં કામ કરે છે. તે જોવા માટે તે બધાં મને મજૂરોની ચાલીમાં લઈ ગયાં.

એ ચાલીઓમાં જે મજૂરો રહેતા, તેમનાં ઘર ડબ્બાનાં પતરાંનાં બનેલાં હતાં. તેને 'ઘર' કહેવાય કે કેમ તે સવાલ છે. તેનું ભાડું માસિક રૂ. ૨) હતું. આ ઘરનું ભાડું ન હતું, પણ જમીનનું ભાડું હતું.

ત્યાં મેં તેમની નિશાળ જોઈ. તે પેલા ધનિક ગૃહસ્થે મજૂરો માટે માટીની બંધાવી હતી. તેમનાં છોકરાં જોયાં. ત્યાં એક વણકર મજૂર હતો, તેને પૂછ્યું, 'તમે પહેલાં શું કરતા હતા?' 'વણકર હતો.' 'ક્યાંના છો?' 'રાજકોટના.'

રાજકોટ સાંભળીને મારી સાથે ઊભેલાં શ્રીમંત બહેને ઊંચું જોયું. તે પોતાના પિયેરનો હતો. તેની આવી સ્થિતિ જોઈને તે બહેનને લાગી આવ્યું, એ મેં જોયું.

પછી અમે બીજા લત્તામાં ગયા. ત્યાં એક કુંભાર વાસણ લઈને વેચવા આવ્યો હતો. તેની સ્થિતિ જોઈ. તેનાં માટીનાં વાસણ આ મજૂરો લઈને તેના ઉદ્યોગને પોષતા હતા, અને એ રીતે તેને પોતાની મજૂરીમાંથી ફાળો આપતા હતા. એટલે સ્વદેશી ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજાવતા હતા. એથી ઊલટું ધનિક લોકો સ્વદેશીનો નાશ કરવાની પ્રવૃત્તિ કરતા હતા. મને દિલમાં થયા કરતું હતું કે, આ બધા વણકરો, કુંભારો, જે પહેલાં ઘેર રહી, સ્વમાનથી, પ્રેમથી પોતાનો ધંધો કરી, પવિત્ર જીવન જીવતા હતા, તે આજે મજૂર બન્યા છે, એટલે અપ્રતિષ્ઠિત થયા છે. ગામડાનો ગમે તેટલો પ્રતિષ્ઠિત તે શહેરમાં મજૂર થઈને આવ્યો, એટલે પ્રતિષ્ઠા વિનાનો બન્યો.

રાજકોટના વણકરને અમદાવાદ કેમ આવવું પડ્યું? કેમ કે તેનું સૂતર ઝૂંટવી લીધું. તે ઘેર રહી ધંધો કરતો હતો, ત્યારે મહેમાન પરોણો સચવાતો હતો, છોકરાં સચવાતાં હતાં. ત્યારે સ્ત્રી અને બાળકો તેના ધંધામાં મદદ કરતાં હતાં. આખો દિવસ બધાં આનંદથી સાથે રહી શકતાં હતાં.

અહીં શહેરમાં તો ધણીધણિયાણી મિલમાં જાય. યંત્રોમાં યંત્રોની જેમ કામ કરીને, સાંજે થાકયાં પાકયાં ઘેર આવે, ત્યારે ભૂખ સિવાય બીજી વાત ન હોય. છોકરાંની સંભાળ કોણ લે? ગામમાં હોય અને કોઈ છોકરો આડે રસ્તે જતો હોય તો કોઈ પણ રોકે. અહીં તો સમાજ જ ન મળે. દરેક પોતપોતાનું સંભાળે. પડોશી કોણ છે, કયાંના છે, તેનીય ખબર ન હોય. એટલે છોકરાંનું શું થાય છે, કયાં ફરે છે, શું કરે છે, એ કોણ જુએ? તે છોકરાંને કોઈ રોકનાર ન હોય, એટલે સ્વચ્છંદી બને; અને તેથી તે સમાજને નુકસાનકારક થાય છે.

આમ શહેરમાં આવીને પોતે પાયમાલ થયો, ધંધો ખોયો, મજૂર બન્યો, છોકરાં સ્વચ્છંદી બન્યાં, પ્રતિષ્ઠા ન રહી. આ બધું કેમ થયું? ગ્રામોદ્યોગો તૂટી ગયા તેથી.

આ વિચારો ચાલતા હતા અને અમે ત્યાંથી તે ગૃહસ્થના સગા બીજા શેઠને ત્યાં ગયા.

ત્યાં મજૂરોમાં કામ કરનારી ગૃહસ્થની દીકરીએ મને કહ્યું કે, અમારું કામ તમે જોયું. હવે એ કામ અંગે તમારી સલાહ શી છે?

હું ડબાનાં પતરાંનાં ઘરો આગળથી અહીં હવેલીમાં પેલી બહેન સાથે વાત કરતો હતો. આ બહેનને શી રીતે સમજાય કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના જીવનના પાયામાં જ્યાં સુધી ફેરફાર નહીં થાય, ત્યાં સુધી એમનું કામ ફક્ત દેખાવનું જ થવાનું છે અને તેમના વર્તનથી જ લોકોની આવી કરુણ હાલત થઈ ગઈ છે!

એક વખત હું ઘિણોજ ગયો હતો. ત્યાં ઘાંચીને મળવાનો પ્રસંગ આવ્યો. તેમની ઘાણી બંધ હતી. મેં પૂછયું, "કેમ ઘાંચી, ઘાણી નથી ચલાવતા?" તેણે જવાબ આપ્યો– "બળ્યો એ ધંધો! કોણ કરે! નકામાં જીવડાં મારવાનું પાપ કોણ કરે? જુઓને આ ગામમાં મિલમાંથી તેલના ડબ્બે ડબ્બા આવે છે. એટલે હવે કોણ તેલ પિલાવે?"

આ તેલની મિલોએ અનેક ઘાંચીઓનો ધંધો ઝૂંટવી લીધો.

એક વખત હું પાટણ ગયો હતો. ત્યાં સાળવીઓ મશરૂ વણતા હતા. હવે ત્યાં વીજળી આવી, એટલે ત્યાંના વતની મુંબઈ રહેતા એક જણે પાછા આવીને તેનો ઉપયોગ કરી ૧૦ સાળો શરૂ કરી. તેથી બીજા નવરા પડ્યા. તેમનો જિંદગીનો ધંધો તૂટી જતો હતો, એટલે બધાએ ભેગા મળી, પેલા ભાઈને વીજળીનો ઉપયોગ કરવાનું છોડી દેવા સમજાવવાનું નક્કી કર્યું અને તેને મળ્યા.

પેલા ભાઈએ કહ્યું–હું વીજળી વાપરું છું તેમ તમે પણ વાપરોને?

બધા જ–પણ એટલો માલ ખપવો જોઈએ ને? તું એકલો ૧૦ સાળ ચલાવે, એટલે અમારો ધંધો તૂટી ગયો. તું એ છોડી દે.

તેણે ન માન્યું. એટલે બધાએ ભેગા થઈને તેને નાતબહાર મૂકયો.

ગાયકવાડી રાજ્યમાં નાતબહાર મૂકી શકાય નહીં. તેથી પેલા ભાઈએ કેસ કર્યો. એ કેસ વખતે પેલા ભાઈઓએ મને તેમની હકીકત જણાવી.

મેં તેમને કહ્યું કે, તમે પણ વણો તો લોકો કપડું ન લે?

જવાબ–અમારું કાપડ મોંઘું પડે. કેમ કે આ એક જણે ૧૦ સાળ ચલાવી. તેમાં કમાણી તેને એકલાને મળે.

પ્રશ્ન–લોકો તમારું કાપડ લે તો?

જવાબ–લે શાના? કોણ લે? મોંઘું પડે તે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન — પણ ધારો કે લોકો તમારું કાપડ લે, તો તમને આ માણસ સામે કશો વાંધો ખરો?

જવાબ — એમ હોય? તો તો ઘણું સારું.

મેં કહ્યું — આ તમે કપડું પહેર્યું છે, તે મિલનું પહેર્યું છે, એથી હાથસાળ પર વણનારનો ધંધો તૂટી ગયો કે નહીં? તમે આ કપડું પહેરતી વખતે બીજાના ધંધાનો વિચાર કર્યો હોત, તો તમે એ કપડું ન પહેર્યું હોત. તમે કપડાં પહેરો છો, તેથી બીજાનો ધંધો તૂટ્યો છે, તેવું જ તમારા ધંધાનું થયું છે.

છ સાત વર્ષ ઉપર હું સુનસર હતો. ત્યાં તળાવ ખોદવાનું હતું. એ માટે કોદાળા-પાવડા જોઈતા હતા, તે યંત્રોમાં બનેલા મુંબઈથી આવ્યા. હાથા પણ યંત્રોમાં તૈયાર થયા હતા. હું તો તે જોઈને વિચારમાં જ પડી ગયો. એ રીતે લુહાર-સુથારના ધંધા ઝૂંટવાઈ ગયા, કેમ કે તેનાંય કારખાનાં થયાં. આજે તો છરી-ચપ્પુ જોઈએ, તો જર્મની કે ઇંગ્લન્ડનું મળે; અને બળદ માટે નાથ જોઈએ, તે માટેય બજારમાં વહોરાને ત્યાં જવું પડે છે. ખાટલાનું વાણ પણ ઘેર ન મળે.

દરેકને આજે એમ થયું છે કે હું શું કામ યંત્રથી ઝટ ઝટ કરાવી ન લઉં? ઝટ કામ કરાવવાની ફિકર થાય છે, પણ તેથી લોકોનો ધંધો તૂટી જાય છે, તેની ખબર પડતી નથી.

આમાં વૃત્તિછેદ છે, તેની પણ ખબર નથી પડતી. આપણા ધર્મમાં વૃત્તિછેદને મહાપાપ ગણવામાં આવ્યું છે.

આ મિલો — કારખાનાં લાવનારાઓએ અનેકના ધંધા તોડ્યા. તેમણે વૃત્તિછેદ કર્યો છે.

હવે, જેમના ઉદ્યોગો તૂટ્યા, તે કાં તો ખેતીમાં ગયા અને કાં તો દુકાનો કરી. જેનામાં બુદ્ધિ ન હતી તેઓ ખેતીમાં જોડાયા. જેઓમાં બુદ્ધિ હતી, તેઓ દુકાનો કરી લૂંટવામાં જોડાયા. બુદ્ધિ વગરના જડ ખેતીમાં ગયા, એટલે ખેતીની ઉન્નતિ ન થઈ અને તેમાં બરકત ન આવી. એટલે સિક્કા માટે ખેતી કરવાનું થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ૧ વીઘામાં ૧૦ મણ તમાકુ પકવીને ખેડૂત રૂ. ૨૫૦)નો કર સરકારને આપે છે. જો તેમાં બાજરી વાવે, તો લોકોને ખાવાના કામમાં આવે. પણ તમાકુ શા કામમાં આવે? મહેનત કરી કરીને ફૂંકી મૂકવાની. સિક્કા પાછળ પડેલાને આ સત્ય કેમ સમજાય?

પહેલાં જોડા જોઈએ તો મોચીને ત્યાં જાય. તે પરમાણું લઈને જોડા સીવી આપે. મોડું વહેલું થાય, તો ફાટેલા જોડાથી પણ ચલાવી લે. પણ આજે જોડાનાં કારખાનાં થયાં. ઢગલાબંધ જોડા નીકળવા લાગ્યા એટલે વપરાશ વધી, ખર્ચ વધ્યો.

પહેલાં નાનાં છોકરાં માટે એક ધાવણી જેવું રમકડું આણ્યું હોય, તો તેનાથી આખી એક પેઢી ઊછરતી. હવે તો રમકડાની ટોપલી લાવે છે, તેને પેલો છોકરો તોડી ફોડીને ફેંકી દે છે.

આમ બિનજરૂરી ચીજો બજારમાં વધી ગઈ. આ બધું યંત્રોથી થયું. તમે કદી મિલમાં ગયા છો? ત્યાં યંત્ર સાથે માણસને પણ યંત્ર બનવું પડે છે. એક જણ છ સાંચા ચલાવતો હોય, તો આળસ કરી શકે નહીં. એમ કરે તો યંત્ર બંધ રહે. એ તો બને જ નહીં. તેથી માણસને વિચાર કરવાની શક્તિ જ ન રહી. પહેલાં તો એક નાની સરખી ચીજ બનાવવામાં પણ તેને, તે ચીજ તેની છે, એ જોઈને આનંદ થતો હતો. વણકર તાકો વણતો, તેમાં તેનું પ્રતિબિંબ હતું. આ તો ફલાણા ભાઈનો વણાટ એમ કહેવાતું. આ મિલમાં કોણ કહી શકશે કે આ મારી કારીગરીનું કામ છે?

આમ આ કારખાનાં અને મિલોથી આપણે સર્જનશક્તિ ગુમાવી દીધી છે. પણ તમે જાણો છો કે, અર્થશાસ્ત્રીઓ એમ કહે છે કે કારખાનાં અને મિલોથી દેશને લાભ થયો છે.

તે કહે છે કે, આખો દિવસ માણસ કાંતે તેમાં શું મળે? પણ તેમને ખબર નથી કે પહેલાં ખેડૂતો નવરાશના વખતમાં કાંતીને પોતાના ખપ પૂરતું કાપડ કરી લેતા. ભરવાડો ઊન કાંતે છે, તે તમે જોયું છે? તે ઘેટાં ચારવા જાય, અને તકલી પર ઊન કાંતતા જાય અને તેનું કપડું બનાવીને પહેરે છે. હવે એમાં તેનો કયો વખત ગયો? એ રીતે કાંતવાથી તે શક્તિશાળી બન્યો. તેને તેમાં આનંદ મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમતાં રમતાં કાંત્યું. પ્રમાદી ન બન્યો, પણ જાગ્રત બન્યો. આમ જીવનની ઉન્નતિ થઈ અને સાથે કપડું પણ થયું. અર્થશાસ્ત્રીઓને આ સમજાતું નથી. તે ફક્ત સિક્કાનો જ હિસાબ ગણે છે. આપણને તેઓ આંકડાની જાળમાં ગૂંચવી મારે છે. પણ આમ ગૃહઉદ્યોગો તૂટ્યા, અને દેશના મોટા ઉદ્યોગો આપણા હાથમાં નથી રહ્યા, તેથી આપણે ગરીબ બન્યા. એ ગરીબાઈને કારણે અનેક બીજાં દૂષણો થયાં. એટલે આપણું પતન વધતું જ ગયું.

પણ ગરીબાઈના પણ બે પ્રકાર છે : એક સીધી સાદી ગરીબાઈ અને બીજી કાલ્પનિક ગરીબાઈ.

પૈસાની આવક ઓછી હોય, તે સીધી સાદી ગરીબાઈ; પણ કલ્પનાથી ઉત્પન્ન થયેલી હોય, તે કાલ્પનિક ગરીબાઈ. પહેલા પ્રકારની ગરીબાઈનો ઉકેલ જડશે, પણ બીજા પ્રકારની ગરીબાઈ કલ્પનાથી ઉત્પન્ન થયેલી હોઈ, તેનો ઉકેલ જડવો મુશ્કેલ બનશે.

ગુજરાતમાં રેલ-સંકટ આવ્યું, ત્યારે કેટલાક કહેતા કે ગરીબોની સામે બધા જુએ છે, તેમને મદદ આપે છે, પણ મધ્યમ વર્ગના તદ્દન ગરીબ એવા લોકો સામે કોઈ જોતું નથી.

તેમની વાત સાચી હતી. ગરીબ હોય તેને તાત્કાલિક ૧૦ શેર દાણા અને બે કપડાં આપીએ, તોય ખુશ થઈ જશે. કેમ કે તેમની ગરીબાઈ સીધી સાદી હોય છે.

પણ મધ્યમ વર્ગના લોકોને મુશ્કેલી હશે તોય કહેશે કે, આ જાતની કિનારવાળું ધોતિયું પહેરવાનો અમારામાં રિવાજ નથી. આ તો ભરવાડ પહેરે. અમે ન પહેરી શકીએ. કોદરા અમે કદી ખાધા નથી અને ખાઈએ તો અમારી પ્રતિષ્ઠા ઓછી થાય. એટલે બાજરી, ચોખા મળે તો જ ચાલે. આમ તે પોતાને ઊંચો માને છે અને તેનાથી ઊંચા હોય, તેમના તરફ નજર રાખે છે. આ કાલ્પનિક ગરીબાઈ એટલે કલ્પનાની ગરીબાઈ. તે જેમ જેમ ઊંચા સામે જુએ, તેમ તેમ તેની કાલ્પનિક ગરીબાઈનું પ્રમાણ વધતું જાય છે. એટલે તેનું થોડેથી નિવારણ થતું નથી. એટલે મધ્યમ વર્ગની કાલ્પનિક ગરીબાઈ દૂર કરવી મુશ્કેલ છે. એક ભાઈ છે. તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થિક સ્થિતિ નબળી થઈ ગઈ છે અને તેથી તે મૂંઝવણમાં છે. હું જાણું છું કે ૫–૫૦ થી તેનું વળવાનું નથી, પણ ૨૦૦–૫૦૦ હોય, તો તાત્કાલિક તેનું ગાડું ચાલે. તે માણસ સારો છે, હોશિયાર છે, પણ તેમે શી રીતે મદદ કરી શકાય એ સમજાતું નથી. જો કોઈ ઠાકોર ભાઈને એવી મુસીબત હોત તો તરત દૂર કરી શકાત. કેમ કે તેની ગરીબાઈ જુદા પ્રકારની છે.

એક સારા માણસ છે. તે કૉલેજમાં પ્રોફેસર છે. બહુ સારા છે. તેમને મહિને ૯૦૦)નો પગાર છે. પોતાની દસ લાખની મિલકત છે. પણ પિતાથી જુદા પડચા છે. એ હમણાં માંદા પડચા. ત્રણ ચાર માસ માંદગી રહી, તેથી તેમને દેવું થઈ ગયું અને પ્રોવિડન્ટ ફંડમાંથી ઉપાડ કરવો પડયો. આ ગરીબાઈનો શો ઉપાય?

આવી ગરીબાઈ કેમ આવી?

આપણે જરૂરિયાતની ચીજો જાતમહેનતથી — ઉદ્યોગથી મેળવવાની બંધ કરી, તેથી આ ગરીબાઈ આવી.

પહેલાં સૌ ઉદ્યોગ કરતા અને તેમાં જરૂર પડચે એકબીજાને મદદ કરતા હતા. આમ બધા ઉદ્યોગી હતા.

તે વખતે એકબીજા સાથે અંગત સંબંધો હતા. ગામના ખેડૂતને વાળંદ, મોચી, લુહાર વગેરે બધા સાથે અંગત સંબંધો રહેતા. ધંધાની યોજના જ એવી હતી કે એકબીજા સાથે ફરજિયાત સંબંધ રહેતો હતો, એકબીજા વિના ચાલે જ નહીં. ખેડૂતને દરેક ધંધાદારી સુથાર, લુહાર આદિનો ખપ પડતો અને લુહાર, સુથાર આદિને ખેડૂત વિના ચાલે જ નહીં.

પહેલાં તો હજામત અટકે, એટલે ગામમાં તરત ખબર પડે કે હજામ માંદો હશે; એટલે તેને મળવા જાય અને જરૂર હોય તો મદદ કરે. એમ દરેક કારીગર વિષે હતું.

એમ એકબીજા સાથે જરૂરિયાતમાંથી ઉત્પન્ન થયેલો પ્રેમનો સંબંધ બંધાતો હતો. ત્યારે આખું ગામ ભેગું મળીને જીવતું હતું. આ બધું નાશ પામ્યું કેમ? દરેકે ઉદ્યોગ છોડચા અને તેના પ્રત્યેની ભક્તિ છોડી તેથી આ પરિણામ આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कराग्रे वसति लक्ष्मीः – આંગળીને ટેરવે લક્ષ્મી છે એટલે હાથનો ઉપયોગ કરે તો લક્ષ્મી આવે. પણ આજે તો મગજમાં લક્ષ્મી વસે છે.

૧૬

આપણું અર્થશાસ્ત્ર

આજે આપણે સિક્કાને અર્થ કહીએ છીએ, તેથી ઘણા અનર્થો થાય છે અને થયા છે. એટલે તે અર્થશાસ્ત્ર નથી રહ્યું, પણ અનર્થશાસ્ત્ર થઈ ગયું છે.

આપણા ધર્મશાસ્ત્રમાં અર્થની સુંદર વ્યાખ્યા છે. જે શરીર સુંદર ખપ આવે તેવું હોય તે અર્થ. એવી રીતે સારી બુદ્ધિ હોય, સારા સંસ્કાર હોય, તો તે અર્થ છે. કેમ કે સારી બુદ્ધિ હોય અને શુદ્ધ સંકલ્પ કરી શકે તેવું મન હોય, તો તે દુઃખ સહન કરવાની તાકાત કેળવી શકે. આ સંપત્તિ છે.

ગીતાજીમાં દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિની વ્યાખ્યા છે. દૈવી સંપત્તિવાળો કદી દુઃખી નહીં થાય. ત્યારે આવી સંપત્તિ કઈ કઈ કહેવાય?

સુંદર ખડતલ શરીર, શુદ્ધ સંકલ્પ કરી શકે તેવું મન, સારી નિશ્ચયાત્મક બુદ્ધિ; કુટુંબનો સંપ, સંપીને રહેવાની આવડત, સુંદર આબોહવા, કસવાળી જમીન, ઉપયોગી પશુઓ, સારી વનસ્પતિ અને રક્ષણ કરે એવી સમાજવ્યવસ્થા — આ ચીજો જો સમાજ પાસે હોય, તો તે સમાજ ધનવાન – સંપત્તિવાન ગણાય.

આપણી જૂની સમાજરચના એવી હતી કે આ બધી વસ્તુઓ હતી. ફક્ત સિક્કા જ ઓછા હતા ત્યારે આપણે દુઃખી ન હતા.

પણ આજે આપણે શરીર, મન, કુટુંબ, સમાજ – બધાથી દુઃખી થઈ ગયા છીએ. તેનું કારણ એ છે કે, આપણે આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપત્તિ ખોઈ બેઠા છીએ અને સિક્કાની નકલી સંપત્તિ મેળવવા પ્રયત્ન કરીએ છીએ.

યજુર્વેદમાં એક મંત્ર છે. તેમાં ધન મેળવવા માટે પ્રભુ પાસે માગણી કરી છે. એનો અર્થ એવો થાય છે કે :–

'અમારા દેશમાં તેજસ્વી બ્રાહ્મણ થાઓ. આપત્તિમાં રક્ષણ કરનારા, હંમેશ જયની ઇચ્છાવાળા, કદી નિરાશ ન થાય તેવા, આપત્તિને ઓળંગી જનાર તેવા ક્ષત્રિયો થાઓ. સુંદર ગાયો, ભાર વહન કરનાર બળદો, તેજસ્વી ઘોડાઓ, પવિત્ર સ્ત્રીઓ થાઓ. સભામાં બેસવાને યોગ્ય, વીર, નિત્ય યુવાન વૈશ્યો થાઓ. વરસાદ, ફળ આપે તેવી વનસ્પતિ થાઓ. વળી, અમે જે ઉત્પન્ન કરીએ તેનું રક્ષણ કરવાની શક્તિ આપો'–આવી પ્રાર્થના હતી.

એટલે તે વખતે ધનની, સંપત્તિની વ્યાખ્યા આજનાથી જુદી હતી. આજે સિક્કાને ધન કહેવામાં આવે છે. શરીર મજબૂત હશે, રહેવા પૂરતું ઘર હશે, અનાજ પકવવા પૂરતી જમીન હશે, પણ જો પૈસા નહીં હોય તો તે પોતાને ગરીબ માનશે.

આ દૃષ્ટિ કેમ બદલાઈ ગઈ? કોણે બદલી? આજે તો બંગલાવાળો, મોટરવાળો ધનવાન અને સુખી ગણાય છે અને જાતમહેનત કરીને પ્રામાણિક જીવન જીવનારો 'બિચારો' ગણાય છે. એ કેમ થયું? આ કામ પશ્ચિમની સંસ્કૃતિએ કર્યું.

પશ્ચિમમાંથી અંગ્રેજો અહીં આવ્યા અને તેમની સંસ્કૃતિ લઈ આવ્યા. એનાથી આપણે અંજાઈ ગયા અને આજે સર્વનાશની સ્થિતિએ પહોંચવા આવ્યા.

અંગ્રેજોએ શું કર્યું? તેમને આપણી સાચી સંપત્તિ જોઈતી હતી. એટલે તેમણે આપણું મોં સિક્કા તરફ ફેરવવાનો પ્રયત્ન કર્યો અને તેમાં આપણી મૂર્ખાઈને કારણે તે સફળ થયા. આપણને તેમાં મૂર્ખાઈ કે અજ્ઞાનતા ન લાગ્યાં, પણ ડહાપણ લાગ્યું.

આપણો સિક્કા તરફનો મોહ તેમણે વધાર્યો. આપણે સિક્કાથી રાજી થવા લાગ્યા. પછી તો આપણને વ્યસન થઈ ગયું. જેમ દારૂડિયાને ભાન આવે છે, ત્યારે તેને દારૂ ખરાબ છે એમ લાગે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ છતાં ટેવને લીધે દારૂ દેખતાં જ તે પી લે છે; તેમ આપણને સિક્કાનો અનર્થ સમજાવા લાગ્યો છે, છતાં હજી તે તરફ જ આપણું મોં જાય છે અને સિક્કા માટે આપણે ગમે તે કરવા તૈયાર થઈ જઈએ છીએ. જો પૈસા મળતા હોય, તો સગા ભાઈને પણ છેતરવામાં પાછું વાળીને ન જોઈએ. જેને વ્યસન વળગ્યું તેને તૃપ્તિ થાય જ નહીં. એવી સ્થિતિ આજે આપણી થઈ છે.

આજે ગરીબથી માંડીને કરોડપતિને પણ તેના ધનથી સંતોષ નથી. એક રૂપિયાવાળો બે મેળવવા ફાંફાં મારે છે અને કરોડપતિ અબજપતિ થવા ફાંફાં મારે છે. આમ બધા ગરીબ છે. કોઈને સંતોષ નથી. કોઈ કહેતું નથી કે અમુક મળશે એટલે સંતોષ થશે.

એ વ્યસનને કારણે આજે તો ખેડૂત પણ કહેશે કે, 'ભાઈ, સારું થયું કે, તમારે લોચા ઉથામવા મટ્યા.' અને સારો બંગલો, વીજળી, મોટર જેની પાસે હશે, તેને ભાગ્યશાળી ગણશે.

આજે કેટલાક કહે છે કે પહેલાંના લોકોને શું સુખ હતું? તેમના વખતમાં કોદરા ખાવાના હતા. આજે ઘઉં ખાતા થયા છીએ. આજે તો મોટરમાં બેસી શકીએ છીએ. બે દિવસમાં કાશીની જાત્રાએ જવાનું બની શકે છે. એટલે આજે આપણે વધુ સુખી છીએ. આમ આજે સુખ દેખાય છે, તેનું કારણ આપણા મનની કલ્પનાઓ ફરી ગઈ છે.

મોટરની મુસાફરી થઈ એટલે પગનું જોર ઘટ્યું. બે દિવસમાં કાશીએ જવાનું થયું, એટલે લુચ્ચા જલદી જઈ શક્યા અને કાશીને લુચ્ચાઓનું ધામ બનાવ્યું; તેથી જાત્રા થઈ ખરી? તેમના દિલની પવિત્રતા વધી ખરી? છતાં તેવો માણસ સુખી દેખાય છે, તેનું કારણ શું?

તમે જાણજો કે પેદા કરનારો હંમેશ દુઃખી જણાય છે. ખરેખર તે દુઃખી નથી. એવી જ રીતે પેદા નહીં કરનારો સુખિયો જણાય છે. કેમ કે તેને બાપદાદાની મૂડી પર જીવવાનું છે. તે મૂડી પૂરી થાય, ત્યારે તેના જેવો કોઈ દુખિયો નહીં. પણ આજે મૂડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન કરનાર પોતાને દુઃખી નહીં માને. પણ તે એમ માનશે કે તે પોતાની મૂડીમાં વધારો કરી રહેલો છે.

મૂડી ખાનારા તો બાપદાદાના બળથી જીવે છે. તેમની શરીર-સંપત્તિ સારી હોય, તેમાં તેનો પુરુષાર્થ નથી. કેટલાક એવું કહેનારા મળે છે કે, જુઓ, તમે ચા નથી પીતા, તોય મારા કરતાં તમારું શરીર વધુ મજબૂત ક્યાં છે? હું તો પચીસ વર્ષથી ચા પીઉં છું. આ માણસને ખબર નથી કે તેના શરીરનો વારસો તેના માબાપ પાસેથી મળ્યો છે. જો તેણે ચા ન પીધી હોત અને મહેનત કરી હોત, તો તેનું શરીર છે તેના કરતાંય વધુ સારું હોત.

જેમ બિનખેડાયેલી જમીનમાં ખાતર ન નાખે, તોય સુંદર પાકે છે. પણ હંમેશ ખાતર ન નાખે, તો થોડા વર્ષમાં તે જમીન કસ વગરની થઈ જશે, કેમ કે તે જમીનની મૂડી દર વર્ષે ઘટતી જાય છે.

જેમ ઝાડને સારું ખાતર પાણી મળે, તો ફળ સારાં મોટાં થાય છે. પણ પોષણ ઓછું થાય, તો ફળમાં કસ ઓછો થાય અને નાનું પણ થાય. થોડાં વર્ષ પર વલોણે ચાર શેર ઘી કરનારી ભેંસો હતી. આજે બશેર ઘી આપનારી થઈ ગઈ છે.

એવી જ રીતે જે વીઘામાંથી ૫૦ મણ અનાજ થતું હતું તેમાંથી આજે અધુંય થતું નથી. કેમ કે જમીનની, ખાતરની અને ખેડૂતની તાકાત ઘટી ગઈ છે.

એક વાર હું બિહાર ગયો હતો ત્યારે ત્યાં શેરડી જુવારના સાંઠા જેવી પાતળી જોઈ; અને ત્યાંના ખેતીવાડી ફાર્મની શેરડી જોઈ, તો તે સરસ જાડી, રસદાર હતી. તેનું કારણ પૂછતાં ખબર પડી કે લોકો શેરડીને પાણી પાતા નથી.

પહેલના આપણા વૃદ્ધોએ કાસ નામના ઘાસમાંથી પ્રયત્ન કરીને શેરડી પેદા કરી. આજે આપણે શેરડીમાંથી કાસ બનાવીએ છીએ.

પહેલાં દૂધ, ગાય, જમીન, ફળ, ઝાડ, બુદ્ધિ, બળ, છોકરો છોકરી વેચવામાં પાપ મનાતું હતું. કેમ કે તે વેચવાની ચીજો ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. તેથી લોકો દૂધ, દહીં, છાશ ખાતા હતા. કોઈને ત્યાં મહેમાન હોય અને દુઝાણું ન હોય તો પડોશી દૂધ આપી આવે. છાશ તો બધાને જ મળતી.

બુદ્ધિ પણ વેચાતી ન હતી. વિદ્યાદાન મફત વહેંચવામાં આવતું. કોઈનું હાડકું ઊતરી ગયું હોય તો બુદ્ધિવાળો એનું હાડકું ચઢાવી આપે; પણ તેની પાસેથી કંઈ જ ન લે. કોઈ રોગ પારખી જાણે અને જણાવે, તો તેની ફી ન હતી.

બળ પણ વેચવામાં આવતું નહોતું. કોઈ છોકરો ડૂબતો હોય અને બીજો તેને બહાર કાઢી લાવે, તો એની શી કિંમત ગણાય? કોઈ તેને એટલા વખતના પૈસા ગણીને આપે તો? એ પૈસા લેવાની કલ્પના જ ન હતી.

આમ કેટલીક ચીજો વેચવામાં પાપ મનાતું હતું. આજે તેનાથી ઊલટું છે. આજે તો ભણેલો ગ્રેજ્યુએટ હશે, તેનાય પંદર હજાર ઉપજાવવામાં તે ગૌરવ લેશે; અને વધુ પૈસા મળશે, તે વધુ ખાનદાન ગણાશે. એટલે પહેલાં જે પાપ મનાતું હતું, તે આજે યોગ્ય મનાય છે.

એનું કારણ એક જ છે. આપણને સિક્કાનું વ્યસન લાગ્યું છે અને એને કારણે આજે આપણી સ્થિતિ દુનિયાના સર્વ દેશોમાં છેક છેલ્લી પાયરીએ ગઈ છે.

આજે પૈસા માટે આપણે નીતિ અનીતિનું ભાન ભૂલી ગયા છીએ. આજે આપણે પૈસાને પરમેશ્વર માન્યો છે. તેને આપણે કુટુંબ, દેશ, નીતિ–બધાનું નૈવેદ્ય આપીએ છીએ અને તેમાં અભિમાન લઈએ છીએ–મોટાઈ માનીએ છીએ.

આ પૈસાના નશામાં આપણે શરીરબળ ખોયું–સંપ ખોયો. આજે સગા ભાઈ કે સગા બાપ પર પણ વિશ્વાસ નથી રહ્યો. થોડા સિક્કા લેવા જતાં પ્રેમ, વિશ્વાસ, સંપ બધી સંપત્તિ ગુમાવી.

પહેલાં પચીસ ગાઉ ચાલવું એ રમતવાત હતી. આજે એ અશક્ય જેવું થઈ પડ્યું છે. આજે આપણે ફળ, દૂધ, ઘી ખાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે પેદા નથી કરતા, વેપાર માટે – સિક્કા માટે પેદા કરીએ છીએ અને વધુ ભાવ મળે એટલે વેચી દઈએ છીએ.

પહેલાં આપણા ચરોતરમાં તમાકુ, મગફળી ન હતાં. આજે તે પુષ્કળ પ્રમાણુમાં થાય છે. તેનું કારણ એ છે કે તેથી વધુ સિક્કા મળે છે. ઘરમાં અનાજ નહીં હોય, તોય વધુ પૈસા મળે તેવી ચીજો પેદા કરે છે.

આજે આપણે દૂધ, દહીં, ઘી, અનાજ વગેરે વેચીને મોજ-શોખની ચીજો, રમકડાં, પાઉડર, બિસ્કિટ ખરીદીએ છીએ; રેલવે અને મોટરમાં મોજ કરવા ફરીએ છીએ.

આમ આજે આપણે સાચું ધન આપીને નકલી ધન મેળવીએ છીએ. એથી આપણું આખું જીવન નકલી અને તકલાદી બની ગયું છે.

પહેલાં ગરીબ અને તવંગરના ખોરાકમાં ખાસ ભેદ ન હતો. ગરીબ પણ તવંગરની જેમ તાજાં દૂધ, શાક, ફળ અને પોતાનું પકવેલું અનાજ ખાતો હતો. આજે તવંગર પણ તે મેળવી શકતો નથી.

આ આપણા દેશની સ્થિતિ થઈ છે. તેનું કારણ એ છે કે આપણે સાચી સંપત્તિ ખોઈ છે. તે પાછી મેળવવા માટે ગાંધીજી રચનાત્મક કામ બતાવે છે અને બુનિયાદી તાલીમ લેવા સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

કરકસર

શિક્ષણની શરૂઆત નાનપણથી થઈ શકે. મોટાને એ શિક્ષણ આપવું મુશ્કેલ પડે છે. પણ આવું શિક્ષણ કોણ આપી શકે? પ્રમાદી હોય તે? ના, એ તો જાગ્રત માબાપ અને પવિત્ર વાતાવરણ જ કરી શકે.

જાગ્રત એટલે કેવો? જાગ્રત એટલે કરકસરિયો. કરકસરથી માણસ ટકી શકે છે. કરકસરિયો જ ઈશ્વરને ઓળખી શકે છે. તે જ સમાજને ટકાવી શકે છે.

કોઈ કહેશે કે, ભક્તિ અને તપથી સમાજ ન ટકી શકે? હા, ટકી શકે, પણ કરકસર તો જોઈએ જ. બતાવોને કે કયો ભક્ત કે તપસ્વી કરકસરિયો નહોતો? તેમણે તો ઈશ્વરે આપેલાં સાધનો યોગ્ય રીતે વાપરીને વધારે વર્ષ એની પાસેથી કામ લીધું. જો એમણે એ સાધનોનો દુરુપયોગ કર્યો હોત, તો તે વહેલાં ઘસાઈ જાત અને જો કટાવા દીધાં હોત તોય વહેલાં ઘસાઈ જાત. જેમ આજે ગાંધીજી પોતાના શરીરના એકેએક અવયવનો કરકસરથી પૂરો ઉપયોગ કરે છે.

પહેલાંના શિક્ષકો પણ કરકસરિયા હતા. પણ અત્યારે જો કોઈ કરકસર કરવા જાય, તો કંજૂસમાં ખપે છે. કારણ, તે ક્રિયા જ્ઞાન વિના થાય છે. આપણે જ્ઞાન વિના ચા પીવાનું છોડી દઈએ, તો કોઈ આપણને કંજૂસ કહેશે.

પણ ઈંગ્લન્ડનો દાખલો લો. તેને ગયા મહા યુદ્ધમાં અનાજની ખૂબ તાણ પડી. એટલે તેણે વિટામિનો શોધી કાઢ્યાં અને પોતાનો ખોરાક વિટામિનોના ધોરણે ગોઠવ્યો. એટલે તે કંજૂસમાં ન ખપ્યું. પણ આપણને વિટામિનોની ક્યાં પડી છે? આપણે તો મસાલા વિના મરી જઈએ છીએ. કારણ કે આપણને ખોરાકનું ભાન નથી.

એક પૈસાદાર શેઠની વાત આવે છે. તે શેઠ બહુ જ કરકસરિયો હતો. એક વખત તેના ગામમાં કોઈ માણસ લખણી કરવા જઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢયો. કોઈએ તે શેઠનું ઘર બતાવ્યું. તે ત્યાં ગયો. આ વખતે શેઠ પેઢી પર બેઠા હતા. તે વખતે તેનો છોકરો પતંગ લાવવા માટે પૈસો માગવા લાગ્યો. શેઠે તે ન આપ્યો. એટલે છોકરાએ ધમપછાડા કરવા માંડયા. પેલા લખણી કરવા આવનાર માણસે આ જોયું. તેને મનમાં થયું કે, આ તે કેવો કંજૂસ છે! એક પૈસા માટે પોતાના છોકરાને આટલો બધો કકળાટ કરાવે છે, તો મને શું આપવાનો હતો? આથી તેણે ઊભા થઈ ચાલવા માંડયું. શેઠે તેને પાછો વાળી પૂછયું કે તે શા કામે આવ્યો હતો? તેણે કહ્યું, કંઈ નહીં. પણ છેવટે શેઠના આગ્રહને વશ થઈ બધી વાત કરી અને પોતે શા માટે ઊઠીને ચાલવા માંડયું, તે પણ કહ્યું. ત્યારે શેઠે પેલા લખણી કરનારને તેના માગ્યા કરતાં વધુ લખાણી લખાવી. પછી તેણે કહ્યું, "મેં છોકરાને પૈસો ન આપ્યો, કારણ કે તે બિનજરૂરી હતો. જો બિનજરૂરી પૈસો હું વાપરું નહીં, તો જ આવા જરૂરી કામમાં વાપરી શકું ને? અને છોકરાને પણ તો જ બિનજરૂરી વાપરવાની ટેવથી અળગો રાખી શકાય, જેથી તેનું ભવિષ્ય સુધરે."

આ કોણ સમજી શકે? સંયમી. આ રીતે આગળ કોણ વધી શકે? અવળી વૃત્તિઓને રોકનાર.

ગાંધીજી પાસે આવી વસ્તુઓ ઘણી છે. તેઓ પોતાને શોખીન મનાવે છે; કારણ કે તેમની એકેએક ચીજ વ્યવસ્થિત, સ્વચ્છ અને સુઘડ રહે છે.

તેઓ દાતણ પણ પથારીમાં જ કરે છે અને એક નાની લોટીમાંથી પાણી લઈ મોં ધુએ છે. તેમાં ખૂબી તો એ છે કે, એક ટીપું પાણી પણ નીચે પડતું નથી. છતાં મોં સારી રીતે સ્વચ્છ થાય છે.

એક ભાઈએ એક વખત ગાંધીજીને પૂછયું કે, નદીમાં પાણી શું સુકાઈ ગયું છે, કે જેથી નદીની ભેખડ પર રહીને આટલું જ પાણી મોં ધોવા વાપરો છો? ત્યારે તેમણે પેલા ભાઈને જવાબ આપ્યો કે, આટલું પાણી પણ વધારે છે અને તમારા કરતાં તો હું વધારે જ વાપરું છું; કારણ કે તમે લોટો ભરીને પાણી લો છો ખરા, પણ તેથી મોઢું મારા જેટલું સાફ નથી કરતા. તમે તો પાણીને ફક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં પર ચોપડો છો. ઉપરાંત વધારેપડતું ભોંય પર ઢોળીને ગંદકી કરો છો તે વધારામાં.

બીજી વખત પેલા મિત્ર ટકી ગયા, ત્યારે લોટો ઘસવા માટે મોટું ઢેફું ઝાલતા આવ્યા. ગાંધીજીએ પૂછ્યું, "આવડું મોટું ઢેફું શું કામ લાવ્યા?" પેલા ભાઈએ કહ્યું કે લોટો ઘસવા.

ગાંધીજી—આટલી બધી માટી લોટો ઘસવા જોઈએ? પેલા ભાઈએ કહ્યું કે, માટીનો શું કંઈ કાળ પડ્યો છે?

ત્યારે ગાંધીજીએ કહ્યું કે, માટીનો કાળ ન પડ્યો હોય તેથી ગમે તેટલી વાપરવી? એ જ્યાં પડી હતી ત્યાં જ સારી હતી. આ તો ખેતરમાંથી માટી અહીં લાવ્યા અને વધેલી ફેંકી દેવાના એટલે તે કચરામાં ખપવાની; અને જરૂર કરતાં વધુ વાપરી તેટલો ઈશ્વરનો દ્રોહ કર્યો.

આટલા બધા તેઓ ચીવટવાળા છે. બીજા તો એવા અનેક દાખલાઓ છે. તેઓ ધોતિયું ચાર હાથનું પહેરે છે. તેમાંથી પણ પાટલીના ભાગમાં જેટલો ડૂચો વળતો હતો, તેટલો કાપી લઈ તેમણે રૂમાલ બનાવ્યો. અરે, ટપાલના કાગળમાંથી પણ કોરો ભાગ હોય છે, તેટલો કાઢી લે છે.

આપણે એમાંનું કંઈ જ કરતા નથી અને ગમે તેમ દુનિયાની ચીજો બગાડીએ છીએ; અને આવકખર્ચના હિસાબ વિના કુદરતને વેડફવામાં પાછી પાની કરતા નથી. ત્યારે આવા માણસને ઉપનિષદ કહે છે કે:—

ईशावास्यमिदं सर्वं . . .

ઈશનું રાજ્ય છે આખું, જે જે આ જગતી વિશે,
ત્યાગીને ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું.

એટલે આ બધું જગત ઈશ્વરને વસવા યોગ્ય છે. ઝીણામાં ઝીણી ચીજથી માંડીને મોટામાં મોટી ચીજ સુધી બધાને, માલિકપણું છોડી દઈને, ત્યાગીને ભોગવ. લોભ ન કર. આ ધન કોનું છે?

આવું સમજનાર માણસ કેવો હોઈ શકે? કરકસરિયો. જે ક્રિયાની પાછળ ગણિત હોય તે કરકસર.

૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ એક રૂપિયો વાપરે છતાં સવા રૂપિયા જેટલું દેખાય, ત્યારે જાણવું કે તેણે કરકસર કરી છે. પણ જો બાર આના દેખાય, તો ઉડાઉપણું કર્યું જાણવું; અને રૂપિયો વાપરવાની જરૂર હોય અને વાપરે બાર આના અને પછી દોઢું નુકસાન કરે, ત્યારે જાણવું કે કંજૂસાઈ કરી.

કરકસરવાળો તો થોડાકમાં સુંદર કરી બતાવે. પણ અત્યારે આપણા હાથમાં જેટલા રૂપિયા આવે છે, તેટલા બધા જ ખર્ચાઈ જાય છે. પણ જો એક વખત નક્કી કરો કે, 'મારે તો સારી રીતે જીવવું છે, કરકસરથી જીવવું છે' તો સારી રીતે જીવી શકાશે; અને ચોક્કસ માનજો કે તમારો પગાર તે જ ક્ષણથી વધવા માંડશે.

કરકસર કરનાર હંમેશાં સ્થિર મનનો હોય. સ્થિર થવા માટે વીરતા જોઈએ. તે પણ તેનામાં હોય એટલે તે વીરતાથી જીવન જીવી શકશે.

જો પૈસા બચાવવા ખાતર જ વસ્તુનો ઉપયોગ ન કરે તો તે કંજૂસમાં ખપે છે.

અમારા કાંઠાના ઠાકોર ખેડતાં ખેડતાં ચલમ પીવાનું મન થાય ત્યારે કહેશે કે, "જરા બળદને વિસામો મળે એટલા માટે ચલમ પીવી પડે છે." પણ ખરું કારણ શું હોય છે? પોતાની તલપ. પોતે ચલમનો ગુલામ છે એટલે તે વ્યસનીમાં ખપશે. જો બળદને વિસામો ખવડાવવો હોત, તો તેની ક્રિયા કંઈક જુદી હોત અને તે પોતે પણ જુદા જ માણસમાં ખપત. આવું જ કરકસરિયા અને કંજૂસનું છે.

જે એમ સમજે કે, "જીવન ટકાવવા જેની જરૂર હોય અને આવકને પોષાય તેમ હોય, તે જ હું વાપરીશ" તે મહાન પુરુષ તરીકે ખપે. જે માત્ર પૈસા બચાવવા માટે જ ચા-બીડી છોડે, તે કંજૂસમાં ખપે. તેને આર્થિક લાભ જરૂર થશે, પણ શારીરિક અને માનસિક નુકસાન થયા વગર નહીં રહે.

અત્યારે તો આપણે બેભાન થઈને ખર્ચ કર્યા કરીએ છીએ અને પૈસા ગમે તેમ ખરચીએ છીએ. પણ જો કરકસર કરીએ, તો માનસિક ગુલામી જાય, શરીર તંદુરસ્ત થાય અને આર્થિક ફાયદો પણ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન વિના મુક્તિ નથી: આપણે જ્ઞાન સાથે એટલે વાજબી રીતે ખોરાક, કપડાં તથા અન્ય ખર્ચો કરકસરની દૃષ્ટિએ કરવાં જોઈએ.

કરકસર એકલા પૈસાની નહીં, પણ સમયની કસરકસર પણ કરવી જોઈએ. દિવસમાં એક સેકંડ પણ નકામી જાય, તો પશ્ચાત્તાપ થવો જોઈએ. વખત બગડે નહીં અને કામ બમણું થાય, તેનું નામ જ કરકસર. વર્ધાયોજનામાં એ દૃષ્ટિ કેળવવી જરૂરી છે.

૧૮

સદાચાર

સદાચાર શબ્દની ઉત્પત્તિ સત્ આચારમાંથી થઈ. સૃષ્ટિનો જે હેતુ છે તે સૃષ્ટિની ઉત્પત્તિથી અંત સુધી ટકી રહે, એ રીતે આચાર કરવો તે સદાચાર.

બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે, જે રીતે આચરવાથી જગતને શાંતિ મળે, જગત નિર્ભય બને, અને માનવીની ઐહિક ઉપાધિઓ ટળી જાય અને તેના વિકાસ માટે માર્ગ ખુલ્લો થાય, તે સદાચાર.

જો માનવીનો વિકાસ અટકે તો એમ સમજવું જોઈએ કે સદાચારમાં ક્યાંક ભૂલ પડી છે. એનો અર્થ એ કે, આત્મા ડંખે ત્યારે સદાચારમાં ક્યાંક ભૂલ હશે જ.

પણ આવો સદાચાર કોણ પાળી શકે? જે માણસ સતત જાગ્રત હોય અને જે પોતાના ધ્યેય તરફ મોં રાખીને જ ચાલતો હોય તે પાળી શકે. ઊંઘતો માણસ અનિચ્છાએ ઠોકર ખાય છે. અજાગ્રત માણસ પણ સદાચારમાં ઠોકર ખાઈ જાય છે અને તે પાળી શકતો નથી. પણ આજે જાગ્રત કોણ રહી શકે? સંયમી હોય, તે જ રહી શકે. સંયમી માણસ એકેએક ક્રિયા પૂર્ણ વિચાર કરીને પછી જ કરે. મનુમહારાજે કહ્યું છે:

> दृष्टिपूतं न्यसेत् पादम् वस्त्रपूतं जलं पिबेत् ।
> सत्यपूतं वदेत् वाचः मनःपूतं समाचरेत् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ પગલું ભરતા પહેલાં તે પગલું દૃષ્ટિ વડે ગળાયું હોવું જોઈએ. એટલે પવિત્ર દૃષ્ટિમાં ગળાયા પછી જ પગલું ભરાવું જોઈએ. એવી રીતે સત્યની ગાળણીએ ગળાયા પછી જ વાણી નીકળવી જોઈએ. એવી રીતે આચાર મન વડે ગાળીને પવિત્ર કરવો જોઈએ. અથવા પવિત્ર મનથી ગળાયેલો હોવો જોઈએ.

अद्भिः गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति ।
विद्यातपोभ्यां भूतात्मा बुद्धि ज्ञानेन शुध्यति ॥

જેમ પાણી વડે શરીર શુદ્ધ થાય, તેમ સત્યથી મન પવિત્ર થાય છે. એ આચારમાં જે કસોટીઓ આવે, તે કસોટીમાં ચડવા માટે માણસ પ્રયત્ન કરે, તેને તપ કહે છે. એવું તપ કોણ કરી શકે?

સંયમ એટલે વૃત્તિઓને રોકવી. જો કોઈક સંયમી દબાણથી રોકે તો ગુલામી આવે અને પોતે જ્ઞાનપૂર્વક રોકે તો ઉન્નત થાય.

આવી સંયમની ટેવો પાડવી એમાં પાયાની કેળવણી રહેલી છે. માબાપ, સમાજ, ગુરુ વગેરે રોકનારા છે. તે બધા આપણી ચાલણગાડીરૂપ છે. હંમેશ કોઈને ચાલણગાડીની જરૂર ન પડે, તેમ હંમેશ માટે પેલા રોકનારા બને, એવું ન થવું જોઈએ. ધીમે ધીમે એવી સ્થિતિ આવવી જોઈએ કે પોતે જ પોતાને રોકનાર બની જાય. એ સ્થિતિ સદાચારીની હોય.

આવા સદાચારીનું બાહ્ય લક્ષણ શું હોય? કેવી રીતે તે ઓળખી શકાય?

આવા સદાચારીને દેખતાં જ આપણને આનંદ થાય. એ બીજાને દેખે ત્યારે તેનેય આનંદ થાય. કેમ કે એનો એકે આચાર એવો નથી કે જેમાં આનંદ ન હોય. તેના દિલમાં કોઈને વિષે દ્વેષ ન હોવાથી, તે જ્યાં જશે ત્યાં પ્રેમનું વાતાવરણ ઊભું કરશે.

પણ તે જગત પર પ્રેમ રાખે, છતાં જગત જો તેના પર પ્રેમ ન રાખે તો? તમે જાણો છો કે ઈશુ જગત પર પ્રેમ રાખતો હતો, છતાં તેને શૂળી પર ચઢાવ્યો. ત્યારે ઈશુ સદાચારી નહોતો એમ ગણવું? નહીં: એની એકેએક ક્રિયા જગતને લાભ કરનારી હતી. હા, તેવી ક્રિયાઓ કદાચ તાત્કાળિક અહિત કરનારી દેખાય. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતે તે અહિત કરનાર ન હોય. જેમ કોઈ સંત રાત્રે જાગતો હોય, અને તે વખતે કોઈ ચોર ત્યાં ચોરી કરવા જતો હોય, તો તે સંતને ચોર તો ગાળો જ દેશે અને તેને પોતાના કાર્યમાં વિઘ્નકર્તા દેખશે, અને સંતને મારવા પણ દોડશે. તેમાં સંતનો દોષ ખરો? ના, તે તો સદાચારી છે. ભગવદ્‌ભક્તિમાં લીન છે. તેવી રીતે જગતને દોષ દેખાય, છતાં કલ્યાણકારી ક્રિયા સદાચારીએ ચાલુ રાખવી જોઈએ. એ દોષ દેખાવાનું કારણ તેમની દૃષ્ટિની ટૂંકી મર્યાદા છે. પીત રોગવાળાને સૂર્યનો પ્રકાશ નુકસાનકારક લાગે, તેમાં સૂર્યનો શો વાંક? સૂર્ય કંઈ થોડો જ પક્ષપાતી છે?

પણ આ સદાચાર આવે શી રીતે?

જો સ્વાભાવિક સાદાઈ હોય તો તેમાંથી સદાચાર ઊગે છે; અને જેમ સાદાઈ સદાચારને સાચવે છે, તેમ સદાચાર સાદાઈ શીખવે છે.

સાદાઈ કોને કહેવી? તેનું બાહ્ય લક્ષણ શું?

જે માણસ જીવનની સ્થૂળ જરૂરિયાતો વાજબી રીતે, પોતાની આવકના હિસાબે, શરીરને પૂરી પાડે તથા તેને પોષે અને તેનો વાજબી ઉપયોગ કરે, તેને સાદો સમજવો. સાદા માણસનું શરીર માંદું ન પડે, રોગવાળું ન થાય; એટલું જ નહીં પણ સદાચાર પાળવામાં ખપ આવે તેવું હોય, અને નિશ્ચયાત્મક બુદ્ધિ અને પવિત્ર સંયમી મનના હુકમને આધીન થાય તેવું હોય. એના શરીરને તેવું રાખવા માટે જ તે ખોરાક ખાતો હોય. એટલે જોઈએ તેટલું જ તે ખાતો હોય. જોઈએ તેટલું જ ઊંઘતો હોય, અને જોઈએ તેટલું જ કામ કરતો હોય.

કોઈ કહેશે કે, શરીર શણગારીએ અને સરસ રાખીએ તેમાં ખોટું શું? એનો જવાબ તો એ છે કે, શરીર શણગારવાની ના જ કોણ કહે છે? શરીર તો આત્માનું મંદિર છે. તેને પવિત્ર રાખવું જોઈએ અને શણગારવું જોઈએ. પણ શણગારવું એટલે ઘરેણાં પહેરાવવાં નહીં. પણ શરીર ખપ આવે તેવું મજબૂત થાય, સર્વાંગ-સુંદર થાય, એ જરૂરનું છે. બધાં અંગ સુંદર થાય, તેનો અર્થ એ કે હાથ પગ વગેરે બધી કર્મેન્દ્રિયો અને બધી જ્ઞાનેન્દ્રિયો સરસ રીતે કેળવાયેલી હોય. બુદ્ધિ કેળવાઈ હોય અને તેના ઉપયોગ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર ન કેળવાયું હોય; અગર હાથ મજબૂત હોય અને પગ મજબૂત ન હોય – તો તે સર્વાંગસુંદર ન કહેવાય. જે માણસ સર્વાંગસુંદર હોય, તે શરીર હોમવાના પ્રસંગે પાછો વળીને ન જુએ, પણ હોમી દે.

આવો સર્વાંગસુંદર માણસ સરસ રીતે પોતાના શરીરને જગતના કલ્યાણમાં વાપરે. કેમ કે તે જગતના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ જુએ છે.

આ બધી ક્રિયાઓમાં તે સદાચારનું એક પણ અંગ ભૂલી જાય, તો તે બધાને બગાડશે.

आचिनोति शास्त्रार्थमाचारे स्थापयत्युत ।
स्वयमाचरेत् तस्मात् तमाचार्यं प्रचक्षते ॥

માણસે એવી રીતે જીવવું જોઈએ કે તેનું વર્તન જોઈને લોકો તેનું અનુકરણ કરે, તો તેથી જગતને લાભ જ થાય; અને એવી રીતે જે આચરે તે આચાર્ય. એવા આચરણથી તેને તો લાભ થાય જ; પણ તેનું આચરણ બીજાને માર્ગદર્શક બને છે, એટલે પુણ્યરૂપ બની જાય છે. એટલા માટે જ ઉપનિષદ્‌નું વચન છે કે सत्यं वद धर्मं चर । સત્ય બોલ અને ધર્મનું આચરણ કર. ધર્મની વાતો કરવાથી ધર્મ થતો નથી, પણ તે પ્રમાણે આચરીએ તો ધર્મ થાય છે. જેમ ખોરાક બોલાય નહીં પણ ખવાય. ખોરાક વિશે ગમે તેટલું બોલીએ, તેથી કંઈ શરીરને તૃપ્તિ નહીં થાય. એ જ પ્રમાણે ધર્મ વિશે ગમે તેટલું બોલીએ, લખીએ તોય આત્માની તૃપ્તિ નહીં થાય. તે તો આચરણથી જ થઈ શકશે.

કેટલાક લોકો એવું માનતા લાગે છે કે, કપડું ઢંગધડા વિનાનું સાવ ફાટલું, કરચલીઓવાળું, નાનું મોટું, મેલું, ગમે તેવું હોય, તોય તે પહેરીને ફરે તે માણસ સાદો છે. ખરી રીતે આવો માણસ સાદો નથી પણ અવ્યવસ્થિત અને મૂર્ખ છે. સાદાઈ તો તે છે કે જે ચીજ જે પ્રકારે જે સ્થળે રાખવી જોઈએ, તે પ્રકારે અને તે સ્થાને રાખે.

ત્યારે કોઈ પ્રશ્ન કરશે કે, એવી સાદાઈમાં કળાનું સ્થાન ખરું કે નહીં ? સાદાઈમાં કળા ભારોભાર હોય. કપડાં વ્યવસ્થિત પહેરે, ફાટેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો સાંધીને પહેરે, બટન બરાબર હોય. મોટું કે નાનું સીવેલું ન હોય પણ જોઈએ તેટલું જ હોય, તો તેમાં કળા નથી, એમ કોણ કહેશે? કપડું ગડીબંધ હોય, તેનો વાંધો નથી. પણ તે ગડી કામમાં વિઘ્નરૂપ થાય, તો સાદાઈ ગઈ એમ જાણવું.

જે કળા ખપમાં ન આવે તે કળા શાની? ક્રિયામાં બંધબેસે તે કળા.

આજે તો કળાની વ્યાખ્યા ઊલટી રીતે કરવામાં આવે છે. આજે તો 'વરણાગી'ને કળા કહેવાય છે. આજે કુદરત કરતાં કૃત્રિમતામાં વધારે કળા દેખાય છે. પણ તેમાં સાદાઈ અને સદાચારનો લોપ થાય છે.

જીવન સાથે કળા મળી જાય, તો તે સાચી કળા ગણાય. આજે તો જીવનનો વિચાર કરવામાં આવતો જ નથી. ઘણાં માબાપો પોતાનાં બાળકોના જીવનનો વિચાર કરતાં નથી. એનું કારણ એ છે કે, તેમનું પોતાનું જ જીવન કળામય એટલે વ્યવસ્થિત નથી. બાળકો મોટાં થાય છે, પણ ઊછરતાં નથી. જેમ જંગલમાં વગડાઉ ઝાડ ઊગે છે, તે ગમે તેમ ફેલાય છે; એટલે તેનાથી કશો લાભ થતો નથી, પણ કોઈ જતા આવતાને અડચણરૂપ બને છે; ફક્ત તેનાં લાકડાં બાળવાના કામમાં આવે છે. એવું જ વિચારહીન અવ્યવસ્થિત જીવનનું પણ છે.

પહેલાં લોકો છોકરો જન્મે, ત્યારે ગોળ વહેંચતા હતા. એની પાછળની ભાવના એ હતી કે, એ છોકરો મોટો થશે ત્યારે તે બધાને મીઠો લાગશે, ગમશે, બધાનું કલ્યાણ કરનારો થશે.

આજે તો બાળકોના ઉછેર માટે કોઈ કલ્પના હોતી નથી, કોઈ લક્ષ્ય હોતું નથી. એનું કારણ એ છે કે તેમને બુનિયાદી તાલીમ— પાયાની કેળવણી નથી મળી.

પાયાની કેળવણી મળી છે કે નહીં, તેની સાબિતી પ્રસંગ આવ્યે થાય છે. જ્યારે કર્તવ્યકર્મ કરવાનું આવે, ત્યારે તે શરીર સામું નહીં જુએ, તેની ચિંતા નહીં કરે, પણ તે કાર્ય કરી લેશે. આ સંબંધી એક ઉદાહરણ આપું:

શિવાજી મહારાજના સેનાપતિ બાજી પ્રભુ દેશપાંડે હતા. એક વખત બંને જણ સવારે ગઢ નીચે ફરવા નીકળ્યા. ત્યાં ખૂબ ઝાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એટલે શાન્તિ પણ હતી. બંને જણ ચાલતા હતા, તેવામાં અવાજ થતો હોય એમ લાગ્યું. તેમને ખબર પડી ગઈ કે ઔરંગઝેબનું લશ્કર ગઢ જીતવા આવે છે. તે પ્રસંગે એ બે જ જણ હતા. દેશપાંડેએ શિવાજીને કહ્યું કે, તમે ગઢ પર ચાલ્યા જાઓ; હું ત્યાં સુધી લશ્કરને રોકી રાખું છું.

શિવાજીએ વિચાર્યું કે એમ કરવામાં સેનાપતિને ગુમાવવા પડશે. એમને એવી સ્થિતિમાં મૂકીને હું ગઢ પર જઈ રક્ષણ મેળવું એ યોગ્ય નથી. એટલે શિવાજીએ સેનાપતિને કહ્યું કે, "હું એકલો નહિ જાઉં. આપણે બંને સાથે રહીશું, અને મૃત્યુને ભેટીશું." ત્યારે સેનાપતિએ કહ્યું કે, "હું તમને ઉપર જવાનું કહું છું, તે તમારો જાન બચાવવા નહીં, પણ રાષ્ટ્રના કલ્યાણ માટે કહું છું. જો તમે નહીં જાઓ, તો ઔરંગઝેબનું લશ્કર ગઢ જીતી લેશે અને છેવટે મરાઠાનું રાજ્ય જશે, અને આખી પ્રજા ગુલામ બનશે."

શિવાજીને ગઢ ઉપર એકલા જવાનું અને સેનાપતિને મૃત્યુના મોંમાં મૂકવાનું ગમતું ન હતું, પણ વિલંબ કરવાનું પાલવે તેમ ન હતું. બાજી પ્રભુએ આગ્રહ કરીને શિવાજીને ગઢ ઉપર મોકલ્યા અને પોતે લશ્કરને રોકતા ઊભા રહ્યા. લશ્કર આવ્યું, તેની સામે દીવાલની જેમ ઊભા. તેમને અનેક ઘા પડ્યા, પણ તે અડગ ઊભા જ રહ્યા. જ્યારે શિવાજી મહારાજ કિલ્લામાં પહોંચી ગયા અને તોપનો અવાજ થયો, ત્યારે સેનાપતિ સમજ્યા કે મહારાજ સલામત છે. ત્યાર પછી તેમનો દેહ જમીન પર પડ્યો.

આમાં, દેશપાંડે બહુ બળવાન અને કદાવર હશે તેથી આમ થયું હશે? ના. તેમને કર્તવ્યનું ભાન હતું; તેથી તે પહાડની જેમ અડગ ઊભા રહી શક્યા. શરીર મજબૂત, કસાયેલું અને કામ આપે તેવું થવું જોઈએ. કેમ કે સારા સાધનનું પણ મહત્ત્વ છે, પણ સાધનથી વધારે નહીં જ. એટલે મનુષ્યની અંદર રહેલી ભાવના – દેશ અને કર્તવ્ય પ્રત્યે – એવી ઉત્કટ હોય છે ત્યારે શરીર તો તેને વશ વર્તે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દેશપાંડેમાં આખા લશ્કરની સામે ઊભા રહેવાની તાકાત આવી હતી, તેનું કારણ તેને મળેલી 'બુનિયાદી તાલીમ' જ હતું.

પણ આવી તાલીમ કોણ આપી શકે? જે સદાચારી, સાદો અને કરકસરિયો હોય તે જ; અને તેવી તાલીમ લઈ પણ તે જ શકે; અને એવી તાલીમ લેવા માટે તેણે કોઈ પણ ક્રિયા પાછળનો હેતુ, એ સિદ્ધ કરવાના રસ્તા, સાધન, આવક, ખર્ચ વગેરે સર્વનો વિચાર કરવો જોઈએ. તે તેનો સ્વાધ્યાય બનવો જોઈએ.

આવી રીતે તાલીમ લેતાં લેતાં તે સદાચારી બની જશે.

૧૯

પ્રશ્નોત્તરી

પ્રશ્ન:—આજે જ્ઞાતિઓ તોડવાની વાતો ચાલે છે, તેથી અધર્મ નહીં થાય? જ્ઞાતિઓ છે, તો મર્યાદા છે, ધર્મ સચવાય છે. વર્ણધર્મનો લોપ થાય તો હિંદુ ધર્મને નુકસાન નહિ થાય?

ઉત્તર:—'જ્ઞાતિ' શબ્દની ઉત્પત્તિ 'જ્ઞા' ધાતુમાંથી થઈ છે. જ્ઞા = જાણવું. જેનાથી માણસ ઓળખી શકાય તે જ્ઞાતિ. તે ધંધા અંગે ઉત્પન્ન થઈ છે. લુહાર, સુથાર, કુંભાર, વગેરે – તેને ધર્મ સાથે કંઈ સંબંધ નથી. આજીવિકા માટે પસંદ કરેલો તે વર્ણધર્મ; અને મોક્ષ માટે પસંદ કરેલો તે આશ્રમધર્મ. આજે તો નથી રહ્યો વર્ણધર્મ કે નથી રહ્યો આશ્રમધર્મ; બંને તૂટી ગયા છે.

આજે તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કોઈ નથી. શૂદ્ર તો હલકો મનાયો છે, પણ ખરી રીતે તે હલકો નથી. સમાજ ટકાવવા માટે જે કામો કરવાનાં છે, તે પ્રમાણે તે વિભાગ પાડ્યા હતા.

જગતને કેળવવાનું કામ કરે, મન અને આત્માનો વિકાસ કરવામાં મદદ કરે, તે બ્રાહ્મણ.

રક્ષણ કરે તે ક્ષત્રિય.

ખેતી કરે, અનાજ વગેરે ઉત્પન્ન કરે, અને સમાજમાં વહેંચે, તે વૈશ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ખેતીમાં મદદ કરનારા અનેક હોય, ત્યારે ખેતી થાય. લુહાર, સુથાર, મોચી વગેરે બધો કારીગર વર્ગ શૂદ્ર ગણાયો. પગ ચાંપે તે શૂદ્ર નહીં, પણ કારીગર વર્ગ શૂદ્ર છે.

આજે કેટલાક જન્મે બ્રાહ્મણ અને ક્ષત્રિય હશે, પણ તેમનાં જીવન હલકાં હશે. ખરી રીતે તો જગતનું ભલું કરીને જીવે, તે ઊંચો છે.

બ્રાહ્મણોમાં પુરોહિત હોય છે. એ પુરોહિત શબ્દ 'પુરઃ – ધા' ઉપરથી થયો છે. 'પુરઃ' એટલે આગળ. 'ધા'નું ભૂતકૃદંત 'હિત'– મુકાયેલો: આગળ મુકાયેલો તે પુરોહિત. દરેક કાર્યમાં તે આગળ હોય. તેની દોરવણી પ્રમાણે દરેક કાર્ય થાય. આજે એવા પુરોહિતો ક્યાં છે?

જ્ઞાતિઓ તો રહેવાની જ. એનાં સ્વરૂપ કે નામ બદલાશે. એક દાખલો આપું:

હમણાં થોડા સમય પર ટપાલીઓની હડતાળ પડી હતી. તે વખતે અમદાવાદમાં હિન્દુ-મુસ્લિમ હુલ્લડ ચાલતું હતું. ત્યારે ટપાલીઓની હડતાળ સંપૂર્ણ હતી. તેમનામાં હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી બધા જ હતા. પણ બધા ટપાલીઓનું કામ એક હતું, તેથી સંગઠન થયું હતું. તેને ધર્મ સાથે સંબંધ ક્યાં હતો? આજે તો જ્ઞાતિ સાથે ધર્મને જોડવાનો પ્રયત્ન થાય છે, એ અર્થ વિનાનો છે.

તમે શિક્ષકોએ ગયે વર્ષે હડતાળ પાડી હતી. તેમાં બ્રાહ્મણથી માંડીને બધા વર્ણના હતા. તેમ છતાં કાર્ય એક હોવાથી સંગઠન થઈ શક્યું. એટલે જ્ઞાતિ કાર્ય પરત્વે હોય છે.

પ્રશ્ન :— ઊંચી કોમનાં છોકરાં હલકી કોમનાં છોકરાં સાથે ભણે, તો ઊંચી કોમનાં છોકરાંને નુકસાન ન થાય?

ઉત્તર :— ઊંચી કોમ કોને કહેવાય? તમે એમ કહેવા ઇચ્છતા હશો કે હરિજન વગેરે હલકી કોમો છે. તેમને સંસ્કાર ન મળ્યા હોય અને તેથી તેમનામાં ખરાબ ટેવો હોય, તે સંસ્કારી છોકરાં સાથે ભળે, તો તેની ખરાબ અસર સંસ્કારી છોકરાંનાં કાચાં મગજ પર પડે.

મને લાગે છે કે જો સંસ્કાર પડ્યા હશે, તો તે ભૂંસાવાના નથી. છતાં રક્ષણની જરૂર છે એ સાચું. પણ તમે એમ કહી શકશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, અમુક કોમમાં બધા સંસ્કારી જ છે અને અમુકમાં બધા દુરાચારી જ છે?

બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરેનાં છોકરાંમાં આજે કયા સંસ્કાર છે? સફાઈથી—કોઈ ન જાણે તેમ પાપ કરવાની તેમની આવડત કેળવાઈ હશે. બારૈયા, હરિજન વગેરે કોમોમાં એવી આવડત નહીં હોવાથી તેમનાં પાપ ઉઘાડાં પડી જાય છે.

આ ખૂન અને ચોરીઓ થાય છે, તેમાં કોનો હાથ હોય છે? બાબર દેવા બહારવટિયો થયો, તેમાં કોનો હાથ હતો?

વળી, બારૈયા—હરિજન વગરેનો તો મને પરિચય છે. તેમનામાં પણ ઘણા સારા માણસો છે. એવી રીતે બ્રાહ્મણ, પાટીદાર વગેરે ઊંચા કહેવાતા લોકોમાં દુષ્ટ માણસો પણ છે. એટલે ખરી રીતે તો ઊંચાનીચાના ભેદો ખોટા છે.

કોઈ વર્ગ એવો નથી કે જેમાં બધા સારા હોય. બધા જ વર્ગોમાં ગુણો છે અને દોષો પણ છે. ખરી રીતે જે હલકા મનાય છે, તેમનાં દિલ વધુ સાફ હોય છે. કારણ કે તેમને પાપ કરવાના પ્રસંગો જ ઓછા આવે છે. પ્રસંગ આવે તો તે પાપ ન કરે એમ નહીં.

હું જેલમાં ઘણી વાર ગયો. પણ મેં કોઈ વખત જેલમાં ભંગી ન જોયો. ત્યાં જેલનું પાયખાનું સાફ કરનારા ભંગી હશે, એમ મેં માનેલું; પણ પછી મને ખબર પડી કે, તે કામ કરનારા લોકો તો ભીલ, રાનીપરજ વગેરે કોમોના છે. પછી મને વિચાર કરતાં સમજાયું કે, ભંગી જેલમાં શી રીતે આવે! તે કોને ત્યાં ચોરી કરે? એમના ઘરોમાં ચોરી કરવા જેવું હોય? તે બધાને 'બાપા' કહેતા હોય તે લડે કોની સાથે? આમ તે એવો બની ગયો છે કે તે કંઈ ખોટું કરવાની તાકાતવાળો જ નથી રહ્યો. એ કોમ ઋષિ તરીકે ઓળખાય છે. તેમનામાંય તપસ્વીઓ હોય છે, એ તમે જાણો છો?

મારે એક ભંગી મિત્ર છે. છેક નાનપણથી અમે ભાઈબંધ છીએ. અમે નાના હતા ત્યારે ઘણી વાતો કરતા. તેમાં પરણવાની વાતો થતી. અમને તો નહીં પરણવાનો વિચાર જ આવતો ન હતો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ત્યારે રઘો કહેતો કે તે નહીં પરણે. અમે કારણ પૂછતા, 'રઘા, તું કેમ નહીં પરણે?'

રઘો–"હું નહીં પરણું. હું પરણું તો મારી સ્ત્રીને મારે માટી (માંસ) લાવી આપવી પડે. એ મૂએલા ઢોરની માટી ખાય એ મને ન ગમે; અને એને એના સિવાય ચાલે નહીં; માટે હું નહીં પરણું."

આ પચાસ વર્ષ પરની વાત છે. એ રઘો આજે પણ જીવે છે. તે પરણ્યો નથી. સમાજમાં રહીને બ્રહ્મચારી રહેવું, સ્વેચ્છાએ અપરિણીત રહેવું એ કોઈકથી જ બને.

આમ ભંગીમાં તપસ્વી છે. હવે એવાની સાથે કોઈ બાળકને રહેવાનું હોય, તો તે બગડે કે સુધરે?

આમ સંસ્કાર એ કોઈ એક જાતિનો કે વર્ણનો ઇજારો નથી. દરેક કોમમાં સંસ્કાર પણ છે અને કુસંસ્કાર પણ છે. તેથી બાળકો સાથે ભણે તેમાં કંઈ ખોટું નથી તે કોની પાસે રહે છે, ભણે છે, તે જોવું જોઈએ. એનો વાલી ગમે તે કોમનો હશે, પણ જો સંસ્કારી હશે, તો છોકરાંને કંઈ નુકસાન નહીં થાય.

પ્રશ્ન :— કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણ એટલે શું તે દૃષ્ટાંતથી સમજાવશો ?

ઉત્તર :— ઘેર ઘેર ઘંટી હોય, તો દરેક ઘેર સવારે જોઈતો લોટ તૈયાર થઈ જાય અને તેનું મહેનતાણું બધે વહેંચાઈ જાય; પણ ગામમાં એક હલર ઘંટી હોય, તો આખું ગામ ત્યાં દળાવવા જશે, એટલે એ પૈસો ત્યાં એકઠો થયો, એમ તેનું કેન્દ્રીકરણ થયું. એ મૂડી એકઠી થવાનું કારણ બન્યું. હવે એ મૂડી એક ઠેકાણે કેન્દ્રિત થઈ; પણ જો ઘેર ઘેર ઘંટી હોય, તો એ મૂડી ઘેર ઘેર પહોંચી જાય.

બીજો દાખલો લઈએ :—

ઉકરડો એ કેન્દ્રીકરણ છે. જો ખાતર એક ઠેકાણે રહે, તો તેમાંથી ગંધ નીકળે અને વીંછી પાકે. પણ જો, તેને આખા ખેતરમાં પાથરી દઈએ તો ખાતરનો કણ દેખાય નહિ અને તેમાંથી સોનું પાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ધનનો ઢગલો ભેગો થાય, તો તે માણસને બગાડે, અને તેમાંથી વેરઝેર નીકળે. જો તે લોકોમાં પથરાઈ જાય, તો તે બધાને લાભ કરે.

ખાદી વિષે પણ એમ જ છે. મિલો એ ધનનું કેન્દ્ર છે. ખાદીથી રૂપિયા વહેંચાઈ જાય છે.

આમ રેંટિયો ઘેર ઘેર હોય, તો તેની આવક ઝાઝી જણાય નહીં; પણ તે કરકસર શીખવે છે. બચાવવાની કળા શીખવે છે.

બાપના રાજમાં ન સમાય, પણ ડોશીના રેંટિયામાં સમાય, એવી જે કહેવત છે, તેનો અર્થ એ છે કે, ખાદીમાં આબાદી છે. તેનાથી પૈસાની કરકસર કરતાં આવડે અને તે રૂપિયો ભેગો કરી શકે. પણ જેને પૈસો સાચવતાં ન આવડે, તે રૂપિયો પણ સાચવી ન જાણે.

આમ જો આ વિદ્યાલયમાંથી તમે તમારે માટે ખાદીનું રહસ્ય જાણી લેશો, અને તમે એ વિદ્યાનો ઉપયોગ તમારે માટે કરશો તો તમારા ઘરમાં આવકનું સાધન થશે, અને બચત કરવાની — કરકસર કરવાની — ટેવ પડશે. વળી જો તમને તેમાં રસ પડશે, તો તમારા કુટુંબમાં તેનો ચેપ ફેલાશે. પણ એ ક્યારે બનશે? તમે તમારા સમયનું બજેટ રાખશો તો.

તમારે રોટલો મેળવવાનો ધંધો કરવાનો છે. એ ઉપરાંત પણ બીજાં કામો કરવાનાં છે. પણ જો સમયનું બજેટ કરશો અને તેમાં રેંટિયાને સ્થાન આપશો, તો જરૂર તેનો સમય પણ મળી રહેશે.

રેંટિયો રોટલા માટે નથી. ભલે દેશમાં કેટલાક લોકો તેનાથી પોષાય, પણ રેંટિયો બધાને માટે ઉપધંધો તો છે જ. તે રોટલા સાથે શાક અપાવશે એટલે એ મદદનીશ ધંધો છે. પણ જે એને અપનાવશે તે તેનો રોટલો મેળવવામાં પણ વધુ બળવાન થશે.

સ્વરાજ એટલે વિકેન્દ્રિત રાજ્યસત્તા. સાચું સ્વરાજ અથવા લોકરાજ હોય તો સત્તા ગામેગામ અને ઘરેઘર વહેંચાઈ જાય.

ગામની સત્તા વહેંચાતાં કેટલાંક કામ એવાં હોય છે કે જે બધાંએ મળીને કરવાં પડે; તે માટે ગ્રામપંચાયત હોય. એવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કામ ઘણી ગ્રામપંચાયતો સમૂહમાં મળીને કરી શકે, તે માટે પ્રાંતપંચાયત હોય. આમ ઘણી સત્તા લોકોમાં વહેંચાઈ જાય, ત્યારે ખરું સ્વરાજ થયું ગણાય.

આમ દરેકમાં કેન્દ્રીકરણ છે અને વિકેન્દ્રીકરણ છે. જે વહીવટ કેન્દ્રીકરણથી થાય છે, ત્યાં સત્તા, જુલમ, હિંસા આવશે જ. જ્યાં વિકેન્દ્રીકરણ છે, ત્યાં શાંતિ, અહિંસા હોય.

ગાંધીજી વિકેન્દ્રીકરણ ચાહે છે; જ્યારે નાઝીવાદ, ફાશીવાદ, સામ્રાજ્યવાદ વગેરે કેન્દ્રીકરણનાં પ્રતીકો છે.

પ્રશ્ન — આરોગ્યનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવું ન જોઈએ?

ઉત્તર — આરોગ્યનું જ્ઞાન એટલે દવાઓનું જ્ઞાન મેળવવાની વાત હોય, તો તેની જરૂર નથી. પણ શરીર નીરોગી રહે, એવી રીતે જીવવાની રીતનું જ્ઞાન આપવું જોઈએ ખરું.

ભગવાને આ શરીર એવું બનાવ્યું છે કે અણઘડ વાપરે તોય ઝટ બગડે નહીં, પણ તેમ છતાંય આપણને તે વાપરતાં આવડતું નથી, એટલે બગડે છે.

જ્યારે દવાખાનાં ન રહે, ત્યારે જાણવું કે સમાજનું આરોગ્ય જળવાય છે. દવાખાનાં વધારે હોય એ સમાજ સારો, એવું જે માનવામાં આવે છે, તે ભૂલ છે. આદર્શ સમાજમાં દવાખાનાં જ ન હોય; પણ એ સ્થિતિ નથી આવી, ત્યાં સુધી નછૂટકે દવાખાનું નભાવીએ, એ જુદી વાત છે. દવાખાનું એ રોગ હોવાનું ચિહ્ન છે. એટલે આપણે તો છોકરાંઓને દવા ન ખાવી પડે, એવું શીખવવું જોઈએ. એ માટે શિક્ષકે તેનો અભ્યાસ કરવો જોઈએ.

હું મારી જ વાત કરું. મેં આજ સુધી દવા ખાધી નથી અને મારા દીકરાઓએ પણ દવા લીધી નથી. જીવવાની રીત જ એવી હોય કે તેની જરૂર ન પડે. હા, આજ સુધીમાં ૬૦ વર્ષે હમણાં મારે જેલમાંથી શરીરના અમુક દુખાવાને કારણે દવાખાનામાં રહેવું પડ્યું. મને એક ગાંઠ થઈ હતી. તે ગાંઠ ભયંકર છે, એમ દાક્તરે ઠોકી ઠોકીને કહ્યું અને મેં તેનું નસ્તર મુકાવ્યું. તેના રૂ. ૫ ખરચ્યા. આ સિવાય દવાની મને ખબર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે આંખ, કાન, જીભ, મોં અને ચામડી વાટે ખોરાક લઈએ છીએ.

કાનનો ખોરાક સાંભળવું. જો ખોટું સાંભળીએ, તો તેની અસર બીજી ઇન્દ્રિયો પર પણ થાય અને તે નુકસાન કરે. એવી રીતે દરેક ઇન્દ્રિયને સરસ ખોરાક આપું અને બીજીને ખરાબ આપું, તો તેની અસર સારી ન થાય. પછી કોઈ પૂછે કે મેં સારો ખોરાક ખાધો, છતાં તેનું પરિણામ સારું કેમ ન આવ્યું? તો તેણે બીજી ઇન્દ્રિયોને શો ખોરાક આપ્યો, તે વિચારવું જોઈએ.

જો બધી ઇંદ્રિયોને પથ્ય ખોરાક આપવામાં આવે, તો રોગ ન થાય. આ માટે ગાંધીજીએ 'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન' પુસ્તક લખ્યું છે.* તે વાંચવા જેવું છે.

આ પુસ્તક નવે રૂપે 'આરોગ્યની ચાવી'ના નામે ગાંધીજીએ ફરી લખ્યું છે. (નવજીવન, કિં. ૦-૧૦-૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ૦ જાવડેકર કૃત

આધુનિક ભારત

અનુ૦ પાંડુરંગ દેશપાંડે

મધ્યયુગની રાજાશાહીમાંથી નીકળી અર્વાચીન લોકશાહીની ઢબે આપણું રાષ્ટ્ર કઈ રીતે જાગ્રત થયું, તથા એ ઉદયમાં ક્યાં તત્ત્વો રહેલાં છે, તેમાં કઈ વિચારસરણી વિકસતી ગઈ, તેના નેતાઓ કોણ હતા, એ બધું એનો વિષય છે. હિંદના આ કાળના ઇતિહાસ ઉપર આ ઢબનો બીજો ગ્રંથ જાણમાં નથી. અર્વાચીન હિંદનો અભ્યાસ કરનાર દરેકે આ ગ્રંથ અવશ્ય વાંચવો જોઈએ.

પા. ૬૦૮+૮ કિં. રૂ. ૬-૦-૦ વેચાણવેરો અને ટપાલખર્ચ ૦-૧૪-૦

હિંદની અંગ્રેજ વેપારશાહી

[ઈ. સ. ૧૬૦૦–૧૮૦૦]

યુરોપના ગોરા વેપારીઓ આપણા દેશમાં ૧૬મા સૈકા પછી આવતા થયા. અને તેમાંથી ધીમે ધીમે બે સૈકામાં — ઈ. સ. ૧૮૦૦ સુધીમાં — અહીં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. વેપારી કંપની 'કંપની સરકાર' બની ગઈ. આ કેવી રીતે બની શક્યું, એનો ઇતિહાસ આમાં સરળ વાર્તા રૂપે એક નવી જ શૈલી ને દૃષ્ટિથી રજૂ કરવામાં આવ્યો છે. પાંચ નકશાઓ સાથે.

પા. ૩૫૮+૨૦ કિં. રૂ. ૪-૦-૦ ટપાલખર્ચ ૦-૯-૦

હિંદનો કોમી ત્રિકોણ

શ્રી. અચ્યુત પટવર્ધન અને અશોક મહેતાના મૂળ અંગ્રેજીમાં લખેલા ગ્રંથ कॅम्युनल ट्रायंगलનો અનુવાદ. આમાં વધારામાં પુરવણીરૂપે ૧૯૪૪નો ગાંધી–ઝીણા પત્રવહેવાર પણ આપેલો છે. હિંદમાં રાજ્ય કરવાને અંગ્રેજોએ જે કોમી રાજનીતિ સ્વીકારી તેનું બયાન આમાં આપવામાં આવ્યું છે. આપણા દેશનો સાચો ઇતિહાસ જાણવા માટે આ પુસ્તક દરેકે વાંચવા જેવું છે.

પા. ૪૧૮+૧૨ કિં. રૂ. ૩-૦-૦ ટપાલરવાનગી ખર્ચ ૦-૮-૦

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ધા-યોજના વિષે સત્તાવાર સમજૂતી મેળવવા માટે નીચેની ચોપડીઓ વાંચવા જેવી છે:

વર્ધાશિક્ષણયોજના

આપણા દેશની સાર્વત્રિક કેળવણીની પુનર્ઘટના કરવાને અર્થે ગાંધીજીના પ્રમુખપદે વર્ધામાં મળેલી શિક્ષણ પરિષદે ઉદ્યોગ દ્વારા કેળવણી આપવાની યોજના ઘડી કાઢવા શ્રી ઝાકીર હુસેનના અધ્યક્ષપણા હેઠળ નીમેલી સમિતિનો હેવાલ તથા અભ્યાસક્રમ.

પા. ૧૫૪+૮ કિં. રૂ. ૧-૦-૦ ટપાલખર્ચ ૦-૨-૦

સર્વોદયની કેળવણી

અનુ૦ ગોપાલદાસ પટેલ

ગાંધી ફિલસૂફીના પ્રખર મીમાંસક અને અર્થકાર આચાર્ય કૃપાલાનીના વર્ધાયોજના વિષેના અંગ્રેજી પુસ્તક લેટેસ્ટ ફેડનો ગુજરાતી અનુવાદ. ગાંધીજીની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૧-૪-૦ ટપાલરવાનગી ખર્ચ ૦-૨-૦

ખરી કેળવણી

ગાંધીજી

કેળવણીનું તત્ત્વ અને તેના આદર્શ વગેરેની ચર્ચા કરતા લેખોનો સંગ્રહ. ગાંધીજીના કેળવણીના દર્શનનું નિરૂપણ કરતો ગ્રંથ.

કેળવણીનો કોયડો

ગાંધીજી

આ પુસ્તક ગાંધીજીના खरी केळवणी નામના પુસ્તકની પૂર્તિરૂપે છે. પ્રસ્તુત પુસ્તકમાં આપણા કેળવણીના કોયડાના ઉકેલની ચર્ચાનો તથા તેના પ્રયોગોનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar